بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِیْ عِلْمًا وَّارْزُقْنِیْ فَهْمًا

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**


**સરપરસ્ત**




પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર**

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૬ ❖ ૧૦, ફેબ્રુઆરી–૨૦૧૩
૨૮, રબી.અવ્વલ, હિ.સન–૧૪૩૪ ❖ સળંગ અંક : ૩૭૮

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

**કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)**

**સહતંત્રી : માસૂમ મહેરપુરી**
**મો.૯૬૮૭૬૭૯૫૧૩**
**વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ**
**✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬**
**સહ વ્યવ. : અકબરઅલી એ. મસી**
**મો.૯૮૨૫૪૯૭૧૭૮**
**અનવરઅલી એચ. મતિયા**
**મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭**

**સલાહ અને માર્ગદર્શન**

**મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)**

**મુખપૃષ્ઠ સજાવટ**

**શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)**

**કાર્યાલયનું સરનામુ**

**'જાફરી આવાઝ'(માસિક)**
**મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા**
**પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬**

**Website : www.jafariaawaz.com**
**Email : jafariaawaz@gmail.com**

**વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-**
**(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)**


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❊ ઊઘડતે પાને | ૦૧ |
| ❊ કુરઆન શિક્ષણ | ૦૬ |
| ❊ અહાદીસ | ૦૮ |
| ❊ ગડમથલ | ૧૨ |
| ❊ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૩ |
| ❊ મોમિનનું હથિયાર : દુઆ | ૧૭ |
| ❊ દુઆ વિષે રસૂલલ્લાહ (સ.)નાં ફરમાનો | ૨૨ |
| ❊ નહજુલ અસરાર | ૨૫ |
| ❊ અલ ઈર્શાદ | ૨૯ |
| ❊ નબવી અદાલત | ૩૩ |
| ❊ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૫ |
| ❊ મોમિના ખાતૂન કૌસર..સાથેની મુલાકાત | ૩૭ |
| ❊ રુહાની સુકૂનનો અનુભવ | ૪૦ |
| ❊ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૧ |
| ❊ મશાયખવાણી | ૪૩ |
| ❊ બ્લૉગ | ૪૬ |
| ❊ અરબની મલેકા | ૪૯ |
| ❊ મીર અનીસના મરસિયા | ૫૧ |
| ❊ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૫૫ |
| ❊ જ્ઞાનગોષ્ઠિ | ૫૯ |
| ❊ જાફરી પંચાંગ | ૬૨ |
| ❊ આપણા ઘરની વાતો | ૬૩ |
| ❊ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૬ |


# ઊઘડતે પાને...

આપણા સાતમા ઈમામ.

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.).

આપ (અ.)ના જમાનામાં તે સમયનો બાદશાહ હારૂન રશીદ હતો. તેણે ઈમામ (અ.) ને સિન્દી બિન શાહકના કેદખાનામાં પૂરી દીધા હતા. આ કેદખાનામાં બનેલો એક પ્રસંગ

જોઈએ :

અબૂ અલ અઝહર નાસેહ બિન અલૈહા બરહમીથી એક લાંબી રિવાયત છે કે જેમાં તેનું બયાન છે કે –

એક વખત સિન્દી બિન શાહકના અને ઈબ્ને સકીતના મકાનની બાજુમાં આવેલી એક મસ્જિદમાં અમે બધા ભેગા થયેલા હતા. અરબી ભાષા ઉપર વાતચીત ચાલી રહી હતી. અમારી સાથે એક અજાણ્યો માણસ પણ હતો જેનાથી અમે વાકેફ ન હતા. અમારી વાતચીત સાંભળીને તે અજનબી બોલ્યો,

"બુઝુર્ગો ! તમારે ભાષાની સલામતી કરતાં તો દીનની સલામતીની ચિંતા કરવાની જરૂર હોવી જોઈએ."

પછી તો વાતચીત આગળ વધતાં વધતાં જમાનાના ઈમામ સુધી પહોંચી ગઈ.

તેણે કહ્યું,

"તમારી વચ્ચે અને ઈમામ (અ.)ની વચ્ચે ફક્ત એક દીવાલ જ અવરોધરૂપ છે."

અમે કહ્યું,

"શું તમારા કહેવાનો ભાવાર્થ હઝરત મૂસા બિન જાફર (અ.) છે કે જે કેદમાં છે ?"

તેણે કહ્યું,

"જી હા."

અમે કહ્યું,

"તો પછી તમે અમારી પાસેથી તરત જ ઊઠી જાઓ, ક્યાંક એવું ન બને કે કોઈ માણસ તમને અમારી સોહબતમાં બેઠેલા જોઈ લે અને તમારા કારણે અમે પણ પકડાઈ જઈએ."

તે અજનબી પુરૂષે કહ્યું,

"ખુદાની કસમ, તે લોકો એવું નહીં કરી શકે. ડરવાની જરૂર નથી અને મેં જે કંઈ તમને કહ્યું છે તે ઈમામે વક્ત હઝરત મૂસા બિન જાફર (અ.)ના હુકમથી જ કહ્યું છે. તેઓ આપણને જોઈ રહ્યા છે, આપણી વાતો સાંભળી રહ્યા છે અને જો તમે ઈચ્છો કે આપણી સોહબતમાં શરીક થાય તો એ પણ શક્ય છે."

અમે કહ્યું,

"સારું, અમે એવું ઈચ્છીએ છીએ કે તેઓ અહીં તશરીફ લાવે. તમે તેમને બોલાવી લાવો."

હજુ તો આવી વાતો થઈ રહી હતી તેવામાં એકાએક એક માણસ મસ્જિદના દરવાજાથી અંદર દાખલ થયો જેને જોતાંની સાથે જ અમારી બુધ્ધિ બહેર મારી ગઈ અને અમે સમજી ગયા કે આ હઝરત મૂસા બિન જાફર (અ.) છે. અને આપ (અ.)એ આવતાંની સાથે જ ફરમાવ્યું,

"જેની બાબતમાં તમારી વચ્ચે વાતચીત થઈ રહી હતી તે હું છું."

આ સાંભળીને અમે તો તેમને છોડીને મસ્જિદની બહાર નીકળી ગયા. એટલામાં એક ખૂબ જ શોરબકોર બુલંદ થયો અને જોયું કે સિન્દી બિન શાહક દોડતો દોડતો આવ્યો અને મસ્જિદમાં દાખલ થયો. તેની સાથે લોકોનું એક ટોળું પણ હતું. તેના પૂછવાથી અમે બતાવ્યું કે

મસ્જિદમાં એક માણસ અમારી પાસે આવ્યો છે અને તેણે અમને આવી આવી વાતો કરી. ત્યાર પછી તે સાહેબ કે જે હજુ નમાઝમાં મશગૂલ છે, તે મસ્જિદમાં દાખલ થયા અને પેલો અજાણ્યો માણસ મસ્જિદમાંથી બહાર નીકળીને કયાંક ચાલ્યો ગયો.

તેણે કહ્યું,

"તમે બધા અહીં ઊભા રહો. જતા રહેતા નહીં."

ત્યાર પછી તે (સિન્દી) હઝરત મૂસા બિન જાફર (અ.)ની પાસે ગયો કે જેઓ મસ્જિદની મહેરાબમાં ઊભા ઊભા નમાઝ પઢી રહ્યા હતા. તે આપ (અ.)ની સામે ઊભો રહીને જે કંઇ કહેવા લાગ્યો તે બધું અમે સાંભળી રહ્યા હતા,

"વાય થાય તમારા પર, તમે કયાં સુધી આવી રીતે તમારા જાદૂથી અને તદબીરોથી બંધ અને તાળુ મારેલા દરવાજાઓથી બહાર નીકળતા રહેશો અને હું તમને ફરીથી તેમાં પાછો લાવતો રહીશ ? અહીં રોકાવા કરતાં તો વધારે સારું તો એ હતું કે તમે કેદખાનાથી નીકળીને કયાંક નાસી ગયા હોત. શું તમે એવું ઈચ્છો છો કે ખલીફો તમને કતલ કરી નાખે ?"

હઝરત મૂસા બિન જાફર (અ.)એ જવાબ આપ્યો, (ખુદાની કસમ, અમે બધા લોકો તે બન્ને વચ્ચે થયેલી સઘળી વાતો સાંભળી રહ્યા હતા.)

"હું કેવી રીતે નાસી જાઉં ? મારે તો તમારી કેદમાં એક નકકી કરેલી મુદત સુધી રહેવાનું છે."

રાવી બયાન કરે છે કે ત્યાર પછી સિન્દી બિન શાહકે આપ (અ.)નો હાથ પકડયો અને લઇને ચાલ્યો અને પોતાના સાથીઓને કહ્યું,

"રસ્તા પર ઊભા થઇ જાઓ અને જ્યાં સુધી હું અને મૂસા બિન જાફર (અ.) પાછા ચાલ્યા ન જઈએ ત્યાં સુધી આ રસ્તા ઉપરથી કોઇ પસાર થવા ન પામે. બધાને રોકી દો."

કિતાબ 'અલ અન્વાર'માં આમરીથી રિવાયત છે કે હારૂન રશીદે હઝરત ઈમામ મૂસા બિન જાફર (અ.)ની પાસે કેદખાનામાં આપની ખિદમત માટે ખૂબ જ સુંદર અને દેખાવડી કનીઝ મોકલી.

આપ (અ.)એ ફરમાવ્યું કે જઇને હારૂન રશીદને કહી દો :

...بَلْ أَنْتُمْ بِهَدِيَّتِكُمْ تَفْرَحُونَ ﴿٣٦﴾

(સૂરતુન્નમ્લ, આયત–૩૬)

(તમે લોકો પોતાના હદિયા પર ખુશ રહો) મારે ન તો તેની કે તેના જેવી કોઇ કનીઝની જરૂર છે. આને પાછી લઇ જાઓ.

તેથી તે માણસ કનીઝને પાછી લાવ્યો તો હારૂનને ગુસ્સો ચઢયો અને બોલ્યો કે જઇને તેમને કહી દો કે ન તો તમારી મરજી પર મેં તમને કેદ કર્યા છે કે ન તો તમારી મરજીથી મેં તમને ગિરફતાર કર્યા છે અને તે કનીઝને તેમની પાસે છોડીને ચાલ્યા આવો.

તેથી પેલો માણસ ગયો અને કનીઝને

કેદખાનામાં છોડીને પાછો આવ્યો. ત્યાર પછી હારૂન પોતાના દરબારમાંથી ઊઠયો અને એક ગુલામને કેદખાનાનો હાલ જાણવા માટે મોકલ્યો. ગુલામે જઇને જોયું તો તે કનીઝ સર્જનહારના સજદામાં પડેલી છે અને સતત કહી રહી છે :

قُدُّوسٌ سُبْحَانَكَ سُبْحَانَكَ

જ્યારે હારૂનને તેની આવી માહિતી મળી તો તેણે કહ્યું,

"એવું લાગે છે કે મૂસા બિન જાફર (અ.) એ તે કનીઝ ઉપર જાદૂ કરી દીધું છે. સારું, તે કનીઝને મારી પાસે લાવો."

જ્યારે તે કનીઝને હારૂનની સામે રજૂ કરવામાં આવી તો પોતાનું માથું આસમાનની તરફ બુલંદ કરીને તે ધ્રુજી રહી હતી.

હારૂને પૂછયું,

"તારી આવી હાલત કેમ થઇ ગઇ છે ?"

તેણીએ કહ્યું,

"કંઇ ન પૂછશો, મારી તો હાલત જ બદલાઇ ગઇ છે. હું કેદખાનામાં પહોંચી તો તેમની સામે ખડી થઇ ગઈ. તેઓ તો આખી રાત અને દિવસ નમાઝમાં મશગૂલ રહ્યા. જ્યારે નમાઝથી ફારેગ થયા પછી તસ્બીહ અને તકદીસ કરતાં કરતાં પોતાનું મોઢું ફેરવ્યું તો મેં અરજ કરી,

જનાબે વાલા ! અગર કોઇ ચીજની જરૂર હોય તો હું આપની ખિદમતમાં હાજર છું."

આપ (અ.)એ ફરમાવ્યું,

"મારે તારી કોઇ જરૂર નથી."

મેં અરજ કરી,

"પરંતુ હું તો આપ (અ.)ની ખિદમત કરવા માટે મોકલવામાં આવી છું."

આપ (અ.)એ ફરમાવ્યું,

"આખરે આ લોકોને શું થઇ ગયું છે ?"

કનીઝનું બયાન છે કે ત્યાર પછી એક તરફ મોઢું કર્યું તો જોયું કે એક ખૂબ જ મોટો બાગ છે કે જે નજર પહોંચે ત્યાં સુધી ફૂલોથી ભરેલો છે. તેમાં ઠેર ઠેર રેશમનાં ફર્શ બિછાવેલાં છે કે જેમના ઉપર ઘણા બધા ગુલામો અને કનીઝો મોજૂદ છે જેઓ ખૂબસૂરતીની બાબતમાં અજોડ છે. જેવો ઉમદા લિબાસ તેમણે પહેર્યો હતો તેવો લિબાસ તો મેં મારી જિંદગીમાં કદી જોયો પણ ન હતો. અર્થાત્ શરીર ઉપર લીલા રંગનો રેશમનો પોષાક, માથા ઉપર મોતીઓ અને યાકૂતનો તાજ, હાથમાં લોટો અને રૂમાલ. વળી તેમની સાથે દરેક પ્રકારનું ખાવાનું. આ બધું જોતાંની સાથે જ હું મારી જાતને કાબૂમાં રાખી શકી નહીં અને સિજદામાં પડી ગઇ અને એવી રીતે પડી જ રહી એટલે સુધી કે આ ગુલામે આવીને મને ઊઠાડી.

હારૂને કહ્યું,

"અય કમબખ્ત ઓરત ! કદાચ તું સજદામાં જઇને ઊંઘી ગઇ હશે પછી સ્વપ્નામાં આ બધું જોવા લાગી હશે."

કનીઝે કહ્યું,

'ના, ખુદાની કસમ, સજદામાં જવા

પહેલાં જ મેં આ બધું જોયું છે અને ત્યાર પછી સજદામાં ગઇ છું.'

હારૂને કહ્યું,

'આ કનીઝને પણ ગિરફતાર કરીને કેદમાં નાખી દો, કયાંક એવું ન થાય કે તેના મોઢાથી આ અજાયબ બાબતો કોઇ સાંભળી લે.'

કેદમાં ગયા પછી પણ તે કનીઝ નમાઝમાં મશગૂલ થઇ ગઇ. પરંતુ જયારે પણ તેણીને પૂછવામાં આવતું હતું તો તે કહેતી હતી કે મેં એ અબ્દે સાલેહ (સદાચારી બંદા)ને જોયા અને જયારે તે મંઝર જોયું તો તે બાગની કનીઝોએ મારી પાસે આવીને કહ્યું,

'અય ફલાણી (કનીઝ) ! તું આ અબ્દે સાલેહથી દૂર હટી જા જેથી અમે તેમની પાસે આવીએ. તેમની ખિદમત કરવા માટે તો અમે હાજર છીએ. પછી તારી શું જરૂર છે.'

તે કનીઝ આવી જ હાલતમાં કેટલાક દિવસો સુધી જીવતી રહીને મરણ પામી. આ પ્રસંગ હઝરત ઈમામ મૂસા બિન જાફર (અ.)ની વફાતના થોડાક દિવસ પહેલાંનો છે. *

(સંદર્ભ : મનાકિબ ઈબ્ને શહર આશૂબ, જિલ્દ–૩, સફા–૪૧૪)


**અલ શિફા ડાયાબીટીશ ચૂર્ણ**

કારેલા, હળદર, જાંબુબીજ, આંમળા, ગુડમાર, કડુ, કરીયાતુ, અશ્વગંધા, વગેરે વનસ્પતિઓથી બનાવેલ ડાયાબીટીશના દર્દીઓ માટે ચૂર્ણ

કિંમત રૂા.૬૫/–

સંપર્ક : ૯૮૨૪૧ ૧૪૮૨૭, ૯૪૨૭૪૮૩૪૪૦

નોંધ : આપના ઘર સુધી પહોંચાડવાની સુવિધા


તમારું દીની જ્ઞાન ચકાસો.

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૨૭

**(૧) ઇસ્લામમાં મેંદીનો ખિઝાબ લગાવવાનો રિવાજ કોણે ચાલુ કર્યો હતો ?**
(A) જનાબે અબ્દુલ મુત્તલિબે
(B) જનાબે અબ્દે મનાફે
(C) જનાબે અબૂતાલિબે

**(૨) મય્યતને ગુસ્લ આપ્યા પછી તેના બન્ને પડખામાં ઝાડની લીલી ડાળખીઓ મૂકવામાં આવે છે તેને શું કહેવાય છે?**
(A) જબીરા (B) જદીરા (C) જરીદા

**(૩) નીચેનામાંથી કઇ મુસ્તહબ નમાઝ જમાઅતની સાથે અદા થઇ શકે છે ?**
(A) નમાઝે ઈસ્તિસ્કા (વરસાદ માટેની નમાઝ)
(B) નમાઝે વહશત
(C) પંચગાના નવાફિલ નમાઝો

**(૪) નીચેનામાંથી કયા પયગમ્બરનું નામ 'અખ્નૂખ' છે ?**
(A) હઝરત નૂહ (અ.)નું
(B) હઝરત શીસ (અ.)નું
(C) હઝરત ઈદરીસ (અ.)નું

**(૫) બની ઇસરાઇલની કોમના સૌથી પહેલા પયગમ્બર કોણ છે ?**
(A) હઝરત ઈસા બિન મરયમ (અ.)
(B) હઝરત મૂસા બિન ઈમરાન (અ.)
(C) હઝરત યૂસુફ બિન યાકૂબ (અ.)

**(૬) અલ્લાહ તઆલાએ પયગમ્બરોના અવસિયાને કેટલી સંખ્યામાં પેદા કરેલા છે.**
(A) એક લાખ ચોવીસ હજાર
(B) એક લાખ ત્રીસ હજાર
(C) એક લાખ બાવીસ હજાર

**(૭) હારૂત અને મારૂત શાનાં નામ છે ?**
(A) ફરિશ્તાઓનાં (B) પયગમ્બરોનાં
(C) જિન્નાતોનાં

આઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

# કુરઆન શિક્ષણ

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَ اَرَادُوْا بِهٖ كَيْدًا فَجَعَلْنٰهُمُ الْاَخْسَرِيْنَ ۝٧٠

❂ અને તેમણે ઈબ્રાહીમ સાથે ચાલ ચાલવાનો ઈરાદો કર્યો પણ અમોએ તેમને જ સૌથી વધારે હાનિ ભોગવનારા બનાવી દીધા.

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૭૦)

---

فَفَهَّمْنٰهَا سُلَيْمٰنَ ۚ وَكُلًّا اٰتَيْنَا حُكْمًا وَّ عِلْمًا ۫ وَّ سَخَّرْنَا مَعَ دَاوٗدَ الْجِبَالَ يُسَبِّحْنَ وَالطَّيْرَ ؕ وَكُنَّا فٰعِلِيْنَ ۝٧٩

❂ પછી અમોએ સુલયમાનને તે (ચુકાદો) સમજાવી દીધો અને (એવા) ચુકાદાની શકિત, જ્ઞાન તો અમોએ દરેક (દરેક રસૂલ)ને આપ્યાં હતાં; અને અમોએ પર્વતોને દાવૂદને આધીન કરી દીધા હતા કે જે તેની સાથે (સાથે અલ્લાહની) જપમાળા જપ્યા કરતા હતા, અને એવી જ રીતે પક્ષીઓ પણ; અને આ બાબતોના બનાવનારા અમે જ તો હતા.

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૭૯)

---

وَ عَلَّمْنٰهُ صَنْعَةَ لَبُوْسٍ لَّكُمْ لِتُحْصِنَكُمْ مِّنْۢ بَاْسِكُمْ ۚ فَهَلْ اَنْتُمْ شٰكِرُوْنَ ۝٨٠

❂ અને અમોએ તે (દાવૂદ)ને તમારા માટે બખ્તર (બનાવના)નો હુન્નર શીખવ્યો હતો કે જે તમને યુધ્ધમાં (શસ્ત્રોના ઘાથી) સુરક્ષિત રાખે, તે છતાં શું તમે હજી પણ (અમારો) આભાર નહીં માનો ?

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૮૦)

وَ لِسُلَيۡمٰنَ الرِّيۡحَ عَاصِفَةً تَجۡرِىۡ بِاَمۡرِهٖۤ اِلَى الۡاَرۡضِ الَّتِىۡ بٰرَكۡنَا فِيۡهَا ؕ وَكُنَّا بِكُلِّ شَىۡءٍ عٰلِمِيۡنَ ﴿۸۱﴾

❂ અને અમોએ સખત (ફૂંકાતા) વાયુને સુલયમાનને આધીન કરી દીધો હતો કે જે તેને તેના હુકમ મુજબ તે ભૂમિ (બયતુલ મુકદ્દસ) સુધી ફૂંકાતો લઇ જતો હતો કે જે અમોએ બરકતવાળી બનાવી હતી અને (ખચીત જ) અમે દરેક વસ્તુના જાણકાર છીએ.

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૮૧)

---

وَ مِنَ الشَّيٰطِيۡنِ مَنۡ يَّغُوۡصُوۡنَ لَهٗ وَ يَعۡمَلُوۡنَ عَمَلًا دُوۡنَ ذٰلِكَ ۚ وَكُنَّا لَهُمۡ حٰفِظِيۡنَ ﴿۸۲﴾ۙ

❂ અને શયતાનોમાંથી કેટલાક (તેને આધીન કરી દીધા હતા તે માંહેના કેટલાક) તેના માટે (મોતી કાઢવા સમુદ્રમાં) ડૂબકીઓ મારતા હતા અને તદ્ઉપરાંત બીજાં પણ (ઘણાં) કાર્યો કરતા હતા, અને અમે જ તે સર્વેના નિગેહબાન હતા.

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૮૨)

---

وَ ذَاالنُّوۡنِ اِذۡ ذَّهَبَ مُغَاضِبًا فَظَنَّ اَنۡ لَّنۡ نَّقۡدِرَ عَلَيۡهِ فَنَادٰى فِى الظُّلُمٰتِ اَنۡ لَّاۤ اِلٰهَ اِلَّاۤ اَنۡتَ سُبۡحٰنَكَ ۖۗ اِنِّىۡ كُنۡتُ مِنَ الظّٰلِمِيۡنَ ﴿۸۷﴾ۚۖ

❂ અને ઝુન્નૂન (યૂનુસ) કે જ્યારે તે ક્રોધે ભરાઇને ચાલ્યો ગયો હતો અને તેણે ધારી લીધું હતું કે અમે તેના પર સત્તા ચલાવી શકનાર નથી, પછી તે (માછલીના પેટ માંહેના) અંધકારમાં પોકારવા લાગ્યો કે (હે મારા પરવરદિગાર !) તારા સિવાય કોઇ માઅબૂદ નથી; તું પાક છે; અને નિ:સંશય જુલમગારો માંહેનો તો હું જ છું.

(પારો–૧૭, સૂરએ અંબિયા, આયત–૮૭)

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઇ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

*અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી*

## ૧૯ મોમિન વિષે

إِنَّمَا الْمُؤْمِنُونَ الَّذِينَ آمَنُوا بِاللَّهِ وَ
رَسُولِهِ ثُمَّ لَمْ يَرْتَابُوا وَجَاهَدُوا بِأَمْوَالِهِمْ
وَأَنفُسِهِمْ فِي سَبِيلِ اللَّهِ ۚ أُولَٰئِكَ هُمُ
الصَّادِقُونَ ﴿١٥﴾

(સાચા) મોમિનો તો બસ એ જ છે કે જે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યા. ત્યાર બાદ તેમણે કોઈપણ જાતની શંકા કુશંકા કરી નહીં અને પોતાના જાનમાલથી અલ્લાહની રાહમાં જેહાદ કરી. આ જ લોકો ઈમાનના દાવામાં સાચા છે. (સૂરા હુજરાત, આયત–૧૫)

(૨૪૩) મોમિનમાં આઠ ગુણો હોવા જોઈએ. (૧) ભારે મુશ્કેલીઓમાં સ્વાભિમાન (૨) સંકટ સમયે સબર (૩) ખુશહાલીના સમયમાં શુકર (૪) અલ્લાહે આપેલી રોજીથી સંતોષ માનવો (૫) દુશ્મનો ઉપર જુલ્મ ન કરે (૬) મિત્રો પર બોજારૂપ ન બને (૭) શરીરથી મહેનત કરતો રહે (૮) અને લોકો તેનાથી રાહત અનુભવે.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૪૭)

(૨૪૪) બેશક મોમિનનું જીવન બે વિભાગમાં વહેંચાયેલું હોય છે. તે જીવન કે જે પસાર થઈ ગયેલું છે અને તેના વિષે તેને જાણકારી નથી કે અલ્લાહ તેનાથી શું વર્તણૂક કરશે અને તે જીવન કે જે હમણાં બાકી છે અને તેના વિષે તેને જાણકારી નથી કે અલ્લાહે તેના નસીબમાં શું લખ્યું છે.

(તુહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૨૪૫) મોમિનને આકાશમાં એવી રીતે ઓળખી લેવામાં આવે છે કે જેવી રીતે તેના કુટુંબીઓ તેને ઓળખે છે અને તે અલ્લાહની સમક્ષ એક માનનીય ફરિશ્તા કરતાં વધારે માનનીય છે.

(સહીફતુર રઝા, હદીસ-૩૫)

(૨૪૬) મોમિન દુનિયામાંથી આખેરત માટે ભાથું લઈ લે છે અને કાફિર ફકત દુનિયામાં જ લાભ ઊઠાવે છે.

(ઈર્શાદુલ કુલૂબ, દયલમી સફા–૨૫)

(૨૪૭) જ્યારે તમે કોઈ ખામોશ અને ગૌરવશાળી મોમિનને જુઓ તો તેની પાસે જાઓ કારણકે તેને શાણપણની પ્રેરણા થાય છે.

(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૯૮)

(૨૪૮) દુનિયામાં મોમિન માટે ત્રણ આનંદની બાબતો છે : (૧) ભાઈઓથી મુલાકાત

(૨) રોઝાદારને ઈફ્તારી કરાવવી (૩) પાછલી રાતે તહજ્જુદની નમાઝ પઢવી.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–પર)

(૨૪૯) મોમિનના ખર્ચાઓ ઓછા હોય છે.

(ઈસ્નાઅશરી, સફા–૭)

(૨૫૦) મોમિન મોમિન માટે દીવાલ સમાન છે જેના એક ભાગથી બીજા ભાગને મજબૂતાઈ મળે છે.

(ઈસ્નાઅશરી, સફા–૮)

(૨૫૧) મોમિન ઈમાનવાળાઓ માટે એવું મહત્વ ધરાવે છે કે જેવું માથું શરીર માટે મહત્વ ધરાવે છે.

(ઈસ્નાઅશરી, સફા–૮)

(૨૫૨) મોમિનની મોટાઈ રાતોની ઈબાદતમાં છે અને તેની પ્રતિષ્ઠા સ્વનિર્ભરતામાં છે. (ઈસ્નાઅશરી, સફા–૮)

(૨૫૩) મોમિનને તેના ગુનાહોની માફી માટે દુ:ખ અને ગમગીની અને ચિંતા અલ્લાહ આપે છે.

(તુહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૨૫૪) મોમિન તે છે કે જેનાથી મુસલમાનોના જાનમાલ સુરક્ષિત રહે.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૫૩)

(૨૫૫) મોમિનનું માંદગીમાં કણસવું તસ્બીહ છે, તેની બૂમો કલમો પઢવા બરાબર છે અને માંદગીની પથારી પર આડા પડવું ઈબાદત છે અને તેનું પાસું ફેરવવું અલ્લાહની રાહમાં જેહાદ છે અને જો તેને તંદુરસ્તી પાછી મળશે તો તેના બધા ગુનાહો માફ થયેલા હશે.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૫૪)

(૨૫૬) મોમિન સામાન્ય રીતે પાંચ મુશ્કેલીઓનો સામનો કરે છે : (૧) મોમિનો તેની ઈર્ષા કરે છે (૨) મુનાફિકો તેનાથી દુશ્મનાવટ રાખે છે (૩) કાફિરો તેનાથી યુધ્ધ કરે છે (૪) શયતાન તેને ગુમરાહ કરે છે (૫) અને તેનો નફ્સ તેનાથી ઝઘડો કરે છે. (તેથી જાણવા મળે છે કે નફ્સ ઝઘડો કરનાર દુશ્મન છે તેથી તેની સાથે સંઘર્ષ કરવો વાજિબ છે.)

(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૯૬)

(૨૫૭) મોમિનની તાકાત તેના હ્રદયમાં છે. શું તમે તેનું નબળું શરીર હોવા છતાં તેને દિવસમાં રોઝા અને રાતે ઈબાદતમાં મગ્ન નથી જોતા ?

(સફીનતુલ બિહાર, જિલ્દ–૧, સફા–૩૭)

(૨૫૮) મોમિનની પાંચ નિશાનીઓ છે (૧) તે એકાંતમાં પણ પરહેઝગારી કરે છે (૨) પૈસાની તંગીમાં પણ સદકો આપે છે (૩) મુસીબતોમાં સબર કરે છે (૪) ભયમાં પણ સાચુ બોલે છે (૫) ગુસ્સામાં પણ સ્વસ્થ રહે છે.

(ઈસ્નાઅશરી, સફા–૨૦૫)

(૨૫૯) મોમિન અલ્લાહની રીતભાત અપનાવી લે છે જ્યારે અલ્લાહ બરકત આપે છે

તો તે પણ છૂટથી ખર્ચ કરે છે પરંતુ જ્યારે અલ્લાહ બરકતો છીનવી લે છે ત્યારે તે મર્યાદામાં રહે છે.

(તુહાફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૨૬૦) મોમિનની દરેક વસ્તુ સન્માનીય છે. અર્થાત્ તેનો જીવ, તેની ધનદોલત અને તેની આબરૂ.

(તુહાફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૨૬૧) જિબ્રઈલ મારી પાસે આવ્યા અને મને મારા પરવરદિગાર તરફથી સલામ પછી મને સંદેશો આપ્યો અને કહ્યું,

"હે મોહંમદ (સ.) ! તે મોમિનોને ખુશખબરી આપો કે જે નેકીઓ કરે છે અને આપના પર અને આપના અહલેબૈત ઉપર ઈમાન ધરાવે છે, તેમના માટે જન્નત છે અને તેમના માટે મારી પાસે નેક બદલો છે અને તેઓ નજીકમાં જ મારી જન્નતમાં દાખલ થશે."

(જામેઅ અલ અખબાર, સફા–૯૯)

(૨૬૨) એક મોમિન બીજા મોમિનની આરસી છે કે જેમાં તે પોતાની ખૂબીઓ અને ખામીઓ જોઈ શકે છે.

(મજાઝાત અલ નબવીયા, સફા–૭૯)

(૨૬૩) એક મોમિન ઉપર બીજા મોમિનના સાત હક્કો છે કે જે અલ્લાહે તેના પર વાજિબ કર્યા છે : (૧) જ્યારે સામે હોય તો તેને માન આપે (૨) દિલમાં તેની મોહબ્બત રાખે (૩) પોતાની ધનદોલતથી તેની મદદ કરે (૪) તેની ગીબત (નિંદા)ને હરામ જાણે (૫) જ્યારે તે માંદો પડે તો તેના ખબરઅંતર પૂછે. (૬) જ્યારે તે મૃત્યુ પામે તો તેના જનાઝાની સાથે ચાલે. (૭) અને તેના મૃત્યુ પછી તેની નેકીઓને જ યાદ કરે.

(રૌઝતુલ વાએઝીન, સફા–૨૯૨)

(૨૬૪) મોમિનને અપશબ્દો કહેનાર ફાસિક છે, તેની સાથે યુધ્ધ કરનાર કાફિર છે, તેનું માંસ ખાવું એ ગુનો છે અને તેની ધનદોલત પણ એટલી જ સન્માનીય છે કે જેટલો તેનો જીવ. (ઉસૂલે કાફી, જિલ્દ–૪, બાબુસ્સવાબ, હદીસ–૨)

(૨૬૫) મોમિન શયતાનને એવી રીતે કમજોર કરી નાખે છે કે જેવી રીતે મુસાફરી પર જનારો પોતાના ઊંટને કમજોર કરી નાખે છે.

(મજાઝાત અલ નબવીયા, સફા–૪૧૦)

(૨૬૬) જ્યારે મોમિનનું મૃત્યુ થાય છે તો જમીન ચાલીસ દિવસ સુધી તેના પર રૂદન કરે છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૮૪)

(૨૬૭) કંજૂસાઈ અને ખરાબ સંસ્કાર આ બે ખરાબ ગુણો મોમિનમાં એક સાથે ભેગા નથી થઈ શકતા.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૭૩)

(૨૬૮) મોમિનની હિંમતો નમાઝ, રોઝા

અને ઈબાદતોમાં વપરાય છે અને મુનાફિકની હિંમતો પશુઓની જેમ ખાવા પીવામાં વપરાય છે.

(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૯૯)

(૨૬૯) મોમિન અકીદત ધરાવનાર, હોંશિયાર અને સાવચેત હોય છે .

(સફીનતુલ બિહાર, જિલ્દ–૧, સફા–૩૭)

(૨૭૦) મોમિનની હોંશિયારીથી બચો કારણ કે તે અલ્લાહના નૂરથી જુએ છે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૧૪)

(૨૭૧) મોમિન એક ભૂલ બે વાર નથી કરતો.

(ઈસ્નાઅશરી, સફા–૧૫)

(૨૭૨) મોમિન માટે એ યોગ્ય નથી કે તે તેને પોતાને બેઆબરૂ કરે.

(ઈસ્નાઅશરી, સફા–૧૫)

(૨૭૩) જે કોઈ મોમિનને ભયભીત કરવા તીખી નજરોથી જુએ તો અલ્લાહ તેને એ દિવસે ભયભીત કરશે કે જે દિવસે તેના પડછાયા સિવાય બીજો કોઈ પડછાયો નહીં હોય અર્થાત્ કયામતના દિવસે.

(સફીનતુલ બિહાર, જિલ્દ–૧, સફા–૪૧)

(૨૭૪) અલ્લાહે મોમિનને પોતાની ભવ્યતાના નૂરથી પેદા કર્યો જે કોઈ તેને દુ:ખી કરે છે અથવા તેની સાચી વાતને રદ કરે છે તો એમ ગણાશે કે તેણે અલ્લાહના હુકમની અવગણના કરી.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૧૫૯)

(૨૭૫) મોમિન મુશ્કેલીઓ દૂર કરનાર અને વિનમ્ર હોય છે.

(જામેઅ અલ અખબાર, સફા–૧૦૦)

(૨૭૬) અલ્લાહ તરફથી મોમિન માટે સાઈલ (માગનારો) એક હદિયો છે કે જે તેના દરવાજા પર આવ્યો છે.

(જામેઅ અલ અખબાર, સફા–૧૦૦)

(૨૭૭) જે નિરાધારોની જરૂરિયાતોને પૂરી કરે અને પોતાના હિતોની અવગણના કરીને બીજાની સાથે ન્યાયથી વર્તે તો વાસ્તવમાં તે જ મોમિન છે.

(ઈસ્નાઅશરીયા, સફા–૩૪)

(૨૭૮) જેણે કોઈ મોમિનને રાજી કર્યો તો તેણે મને રાજી કર્યો અને જેણે મને રાજી કર્યો તેણે અલ્લાહને રાજી કર્યો.

(ઉસૂલે કાફી, જિલ્દ–૩)

(૨૭૯) અલ્લાહની દ્રષ્ટિએ સૌથી ઉત્તમ અમલ મોમિનને ખુશ કરવામાં છે.

(ઉસૂલે કાફી, જિલ્દ–૩)


(૨૮૦) મોમિન અલ્લાહના અઝાબથી ત્યાં સુધી છુટકારો નથી મેળવી શકતો જયાં સુધી તે ચાર બાબતોનો ત્યાગ ન કરે : (૧) કંજૂસાઈ (૨) જૂઠ (૩) અલ્લાહ વિષે ખરાબ અભિપ્રાય (૪) ઘમંડ. (ઈસ્નાઅશરી, સફા–૧૫૮)

૨૮૧) મોમિન માટે એ વાતની મનાઈ છે કે તે કોઈ બીજા મોમિનને એવી રીતે જુએ કે તેનાથી તેને દુ:ખ થાય.

(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૯૮)

# ગ ડ મ થ લ ૨૪૬

**::::: સંપાદક:::::**
મો. અકબરઅલી અબ્બાસભાઈ
મસી (ઈલોલ ત.)



**::::: આડી ચાવીઓ :::::**

(૧) મુશાયરાનો એક પ્રકાર કે જે કોઈ બુનિયાદ ઉપર આધારિત હોય. (૩)
(૨) મોત, સમય, કાળ (૩)
(૪) પૂંછડી, પાછલો ભાગ (૨)
(૬) જાણનાર, અલ્લાહનું એક નામ (૩)
(૭) ઈતિહાસ, રાત–દિવસ મળીને ચોવીસ કલાકનો સમય (૩)
(૮) આદેશ, હુકમ (૪)
(૧૦) ઉપનામ, ઉપાધિ (૩)
(૧૨) આકાશ, આસમાન, નભ (૩)
(૧૪) હાથી, એક સૂરાનું નામ (૨)
(૧૫) રોઝી આપનાર, અલ્લાહનું એક નામ (૩)
(૧૬) કચેરી, કાર્યાલય, ઓફિસ (૪)
(૧૯) શાંતિ (૩)
(૨૦) વૈદ્ય (૩)
(૨૨) શરીઅતને લગતું (૩)
(૨૩) યોગ્ય, લાયક (૩)
(૨૫) દૂર કરવું, નિવારણ (૨)
(૨૮) ખુલ્લો લાંબો ડગલો/ઝભ્ભો (૨)
(૩૦) સાવધાન (૫)
(૩૧) સબક, પદાર્થપાઠ (૪)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) પક્ષકાર, તરફેણ કરનાર (૫)
(૨) પહેલા ઈમામ (અ.)નું નામ (૨)
(૩) ઊંટ (૩)
(૪) અંતર, છેટું (૨)
(૫) એક પ્રકારનું કાપડ (૪)
(૬) '............... હક', હું હક છું (૩)
(૭) સંયમ (૨)
(૯) અનુકૂળ (૩)
(૧૧) દુષ્ટ દીકરો (૩)
(૧૩) પગ (૩)
(૧૭) કલાકાર (૪)
(૧૮) કુરઆન મૂકવા માટે વપરાય (૩)
(૧૯) 'ઈમામ'નું બહુવચન (૩)
(૨૧) માફી, ક્ષમા (૫)
(૨૪) ઓળખ, કસોટી (૩)
(૨૬) દોસ્ત, મિત્ર (૨)
(૨૭) વૃધ્ધ, હાદી (૨)
(૨૮) કેટલાય (૨)
(૨૯) દરવાજો (૨)

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### કિબ્લો બદલવાનો પ્રશ્ન

(ગતાંકનું ચાલું)

જાબિરે કહ્યું, પરંતુ ઈસ્લામ અરબસ્તાન સુધી સીમિત રહ્યો નથી પરંતુ તેનાથી આગળ પણ ફેલાયો છે અને પૂર્વ અને પશ્ચિમ સુધી છવાઈ ગયો છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે હા, એવું જ છે. જાબિરે વિચાર વ્યક્ત કર્યો, કા'બા એ લોકો માટે સન્માનનીય ન હતો કે જેઓ અરબ ન હતા. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, રસૂલિલ્લાહ(સ.)એ અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે કા'બાને મુસલમાનોનો કિબ્લો બનાવ્યો હતો માટે એ બધી કોમો કે જે અરબ ન હતી તે જ્યારે મુસલમાન થઈ ગઈ તો તેમના દિલોમાં પણ કા'બા માટે સન્માન પેદા થયું અને સમગ્ર દુનિયાના મુસલમાનોના કા'બાની તરફ નમાઝ પઢવાથી મુસલમાનોને એક રૂહાની કેન્દ્ર મળ્યું કે જેની મિસાલ પહેલાંના કોઈ પણ મઝહબમાં નથી.

આજે પૂર્વમાં રહેનારો મુસલમાન પશ્ચિમમાં રહેનારા મુસલમાનની જેમ જ કા'બા તરફ મોઢું કરીને નમાઝ પઢે છે. જાબિરે સવાલ કર્યો, શું આ કા'બાનું કેન્દ્ર હોવું વધારે મહત્વ ધરાવે છે કે પછી મુસલમાનનું હજ માટે મક્કા જવું અને ત્યાં મેળાવડાનું સ્વરૂપ લઈ લેવું વધારે મહત્વ ધરાવે છે? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, કા'બાનું કેન્દ્ર હોવું હજ માટે જવા કરતાં વધારે મહત્વ ધરાવે છે અને તેમાં વધારે રૂહાની ફાયદો રહેલો છે કારણ કે ઘણા બધા મુસલમાનો એવા છે કે જેમની પાસે સુવિધા ન હોવાના કારણે અથવા તો લૂંટારાઓના ડરના કારણે જીવનમાં એક પણ વખત હજ કરી શકતા નથી પરંતુ દુનિયાના દરેક ખૂણામાં રહેવાવાળો મુસલમાન રાત અને દિવસ પાંચ વખત કા'બા તરફ મોઢું કરીને નમાઝ પઢે છે અને એવું કહી શકાય છે કે દરરોજ દિવસ અને રાત બધા મુસલમાનોની નજર પાંચ વખત કા'બા તરફ પહોંચે છે જાણે કે દુનિયાના બધા મુસલમાનો રાત અને દિવસ પાંચ વખત એકબીજા સાથે નજર મિલાવે છે.

આવી જ રીતે દુનિયાના બધા મુસલમાનોનું કાર્ય એ કારણે કે કા'બા તરફ મોઢું કરીને નમાઝ પઢે છે જાણે કે તે કા'બા સુધી પહોંચી જાય છે અને દુનિયાના પૂર્વ અને પશ્ચિમમાં કરાતી કરોડો મુસલમાનોની તકબીરો કા'બામાં સંભળાય છે. આવી કેન્દ્રીયતા પહેલાંના કોઈ પણ મઝહબમાં જોવા મળતી નથી અને ન તો આવનારા મઝહબોમાં જોવા મળશે કારણ કે દીને ઈસ્લામ એવો છેલ્લો મઝહબ છે કે જે અલ્લાહ તઆલાએ માણસ માટે પસંદ કર્યો છે અને ઈસ્લામ પછી કોઈ અન્ય આસમાની મઝહબ નહીં આવે અને જે કોઈ ઈસ્લામ પછી નબુવ્વતનો દાવો કરશે તે ખોટો નબી છે અને અલ્લાહ તઆલાએ તેને મોકલ્યો નથી,

બલ્કે તે બનાવટી છે.

જાબિરે પૂછ્યું, કેટલાક લોકોને આપઘાત કરવાની ઈચ્છા કેમ થાય છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, આપઘાત કરનારા લોકોમાં મઝહબી ઈમાન હોતું નથી. જે પણ મઝહબી ઈમાન ધરાવતો હોય તે પોતાની જાતને કતલ કરી દેતો નથી. મને યકીન છે કે તમે આજ સુધી કોઈ પણ ઈમાનદાર માણસને આપઘાત કરતાં જોયો નહીં હોય. મુસલમાન જેહાદ કરે છે અને કતલ થઈ જાય છે પરંતુ પોતાના લોહી વડે પોતાના હાથ રંગતો નથી. ઈમાન ન રાખવા સિવાય જે વસ્તુ માણસની અંદર આપઘાતની ઈચ્છા પેદા કરે છે તે એ છે કે તેની અંદર જીવતા રહેવાની મનોવૃત્તિ મંદ પડી જાય છે.

હું તો એવું કહું છું કે દરેક સજીવ સૃષ્ટિમાં સૌથી વધારે મજબૂત મનોવૃત્તિ જીવતા રહેવાની મનોવૃત્તિ હોય છે. આ મનોવૃત્તિ માણસને કામે લગાડે છે અને તેને લગ્ન કરવાની અને પોતાની પત્ની અને બાળકો માટે ઘર બનાવવાની પ્રેરણા આપે છે. કેટલાક લોકો કે જેઓ ઈમાનથી વંચિત હોય છે તેમની અંદર જીવતા રહેવાની મનોવૃત્તિ મંદ પડી જાય છે. આ મનોવૃત્તિ મંદ પડી જવાનાં કેટલાંક કારણો છે તેમાંનું એક કારણ આળસ છે. આળસુ માણસ એટલી હદે અશક્ત થઈ જાય છે કે કોઈ પણ કાર્ય કરી શકતો નથી. તેની અંદર ઘણી વધારે અશક્તિ પેદા થઈ જાય છે જેનાથી નિરાશા જન્મે છે. આ નિરાશાના જ કારણે માણસ પોતાના હાથ પોતાના લોહીથી રંગી નાખે છે.

જીવતા રહેવાની મનોવૃત્તિ મંદ પડી જવાનું બીજું કારણ જુગાર છે કે જેને આપણા મઝહબમાં હરામ કરવામાં આવ્યો છે. જુગારમાં માણસ પોતાની આખી મિલકત થોડા જ સમયમાં ખોઈ નાખે છે અને જ્યારે વિચાર કરે છે કે તેણે પોતાની ઘણા વર્ષો સુધી કમાયેલી મિલકતને થોડી જ વારમાં લૂંટાવી દીધી તો તેને નિરાશા ઘેરી વળે છે અને તેની અંદર આપઘાત કરવાની ઈચ્છા પેદા થાય છે.

જીવતા રહેવાની મનોવૃત્તિ મંદ થવાનું એક અન્ય કારણ પાગલપણું છે કે જે મહદઅંશે વારસામાં આવે છે અને તે વડવાઓના દારૂ પીવાના કારણે માણસમાં જન્મે છે. આ જ કારણે આવા પ્રકારનું પાગલપણું મુસલમાનોમાં જોવા મળતું નથી કારણ કે મુસલમાનો શરાબ પીતા નથી એટલે તેમની ઓલાદમાં પાગલપણું આવતું નથી.

પરંતુ એ કોમ કે જે દારૂ પીએ છે તેમની અંદર બે પ્રકારની બીમારીઓનો ભય હંમેશાં રહે છે. એક તો પાગલપણું અને બીજી લકવો. વારસામાં આવેલું પાગલપણું કે જે વડવાઓના દારૂ પીવામાં અતિરેકના કારણે પેદા થાય છે તે, શક્ય છે કે જીવતા રહેવાની મનોવૃત્તિને કોઈ કારણ વગર ખતમ કરી દે. જે કોઈ આવા પાગલપણામાં સપડાય છે તે પોતાના વિરોધમાં બહાનાં કાઢે છે અને પોતાની દુશ્મનાવટને પોતાના વિરૂધ્ધ બહાર લાવે છે. તે માણસ પોતાની દુશ્મનાવટમાં એટલો બધો આગળ વધી જાય છે કે પોતાને જ મોતની સજા આપીને આપઘાત કરી નાખે છે.

બીજું કારણ કે જે કેટલાક લોકોમાં જીવતા રહેવાની મનોવૃત્તિને ખતમ કરી દે છે તે છે જુગાર કે જેને હારતાં પહેલાં જ માણસ હિંમત હારી જાય છે. જો કોઈ મોમિન મુસલમાન હિંમત હારી જાય તો તે અલ્લાહ ઉપર ભરોસો કરે છે એ કારણે તે આપઘાત વિશે વિચારતો નથી પરંતુ એ લોકો કે જેઓ ઈમાનથી વંચિત છે તેઓ જેવા હિંમત હારી જાય છે કે તરત જ જીવતા રહેવાની મનોવૃત્તિને છોડી દે છે અને પોતાના જીવ વિરૂધ્ધ ખોટો નિર્ણય લઈ લે છે.

માણસની જીવતા રહેવાની મનોવૃત્તિને જે

કારણો ખતમ કરી નાખે છે તેમાંથી સૌથી સામાન્ય કારણ આળસ છે. જેઓ આપઘાત કરે છે તેમાં વધુ પડતા લોકો આળસુ હોય છે અને જો કોઈ વ્યક્તિ એવા લોકોના મનમાં ડોકિયું કરી શકે તો એને અનુભવ થશે કે એમના આપઘાત કરવાનું અસલ કારણ તેમની આળસ છે. દીને ઈસ્લામના હુકમોનો એક ઉદ્દેશ્ય માણસને આળસથી દૂર રાખવો તે છે.

અય જાબિર ! માણસ સ્વભાવે આળસુ છે અને જાતે કામ નથી કરતો. દરેક માણસ સવારે ઊંઘતા રહેવાની ઈચ્છા ધરાવે છે કારણ કે સવારની ઊંઘ બીજા બધા સમયે લીધેલી ઊંઘ કરતાં વધારે ફાયદાકારક હોય છે. પરંતુ દીને ઈસ્લામ માણસને સૂર્યોદય પહેલાં નમાઝ પઢવાનો હુકમ આપે છે. આ જવાબદારી મુસલમાનોમાંથી આળસને દૂર કરી દેવામાં ઘણી અસરકારક છે. જ્યારે કોઈ મુસલમાન સવારે નમાઝ પઢી લે છે તો તે નિત્યક્રમનાં કાર્યો માટે તૈયાર થઈ જાય છે. આવી જ રીતે અન્ય ચાર નમાઝો પણ એના માટે વાજિબ કરવામાં આવી છે કે જેથી મુસલમાન આળસથી દૂર રહે.

જાબિરે કહ્યું કે મેં જિદ્દા આવતા ભારતીય વેપારીઓ પાસેથી સાંભળ્યું છે કે ભારતમાં ત્રણ ખુદા છે. શું આપને એ ત્રણ ખુદાઓનાં નામની ખબર છે? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, એ ત્રણેય ખુદાઓનાં નામ હિંદી ભાષામાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે. જાબિરે કહ્યું, મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે તે લોકો તૌહીદના બદલે ત્રણ ખુદાઓની ઈબાદત શા માટે કરે છે ?

ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, એ લોકો એક અને હકીકી ખુદાના કલામને સ્વીકારવા તૈયાર ન હતા માટે તેમણે પોતાના વિચારો વડે ત્રણ ખુદા બનાવીને તેમની ઈબાદત શરૂ કરી દીધી.

તેઓ માને છે કે બ્રહ્મા એ ખુદા છે કે જેણે કાઈનાતનું સર્જન કર્યું. બ્રહ્માએ કાઈનાતનું સર્જન કેવી રીતે કર્યું એની સ્પષ્ટતા પણ તેઓ કરે છે કે જેનો સાર એ છે કે બ્રહ્માએ પોતાના શ્વાસ વડે કાઈનાતનું સર્જન કર્યું અને જ્યારે કાઈનાત અસ્તિત્વમાં આવી ગઈ તો એક અન્ય ખુદા કે જેનું નામ વિષ્ણુ હતું તે કાઈનાતનો રક્ષક બની ગયો અને હિન્દુ માન્યતા પ્રમાણે ત્રીજો ખુદા કે જેનું નામ શિવ છે તે મોતનો ખુદા છે. જે કંઈ પહેલા ખુદા(બ્રહ્મા)એ સર્જિત કર્યું અને કરે છે તેને ત્રીજો ખુદા (શિવ) મારી નાખે છે અથવા મટાડી નાખે છે અને બીજો ખુદા (વિષ્ણુ) કાઈનાતનો રક્ષક હોવા છતાં પણ તે ત્રીજા ખુદાના કામમાં દખલ કરી શકતો નથી અને મોત અને વિનાશના રસ્તામાં ઊભો રહી શકતો નથી.

જાબિરે પૂછ્યું, તો પછી હિંદુઓએ પોતાના વિચાર વડે વિષ્ણુને અસ્તિત્વમાં લાવવાની શી જરૂર હતી ? શું એ ખુદાને અસ્તિત્વમાં લાવવો એટલા માટે જરૂરી હતો કે તે કાઈનાતની સુરક્ષા કરી શકે ? જ્યારે તે કાઈનાતની સુરક્ષા કરી શકતો ન હોય અને શિવ દરેકને મારી નાખે છે અને બરબાદ કરી નાખે છે તો પછી હિંદુઓના ફક્ત બે જ ખુદા હોત એ બાબત બુધ્ધિની દૃષ્ટિએ વધારે સારી ન હતી ? એક બ્રહ્મા અને બીજા શિવ.

ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, જે વિચારના આધારે હિંદુ લોકો વિષ્ણુમાં માનતા થયા તે વિચાર એ હતો કે એક એવો ખુદા હોવો જોઈએ કે જે કાઈનાતને હાલના જમાનામાં સુરક્ષિત રાખે. અય જાબિર ! શું તમને ખબર છે કે હિંદુઓ ત્રણ ખુદાઓ પર ઈમાન લાવ્યા

તેનાથી એવું થયું કે તે ત્રણેય ખુદાઓ એકબીજા સાથે ચડસાચડસીમાં હોય અને જે કંઈ બ્રહ્મા અસ્તિત્વમાં લાવે તેને શિવ ખતમ કરી દે અને જો તે વસ્તુ સજીવ હોય તો તેને મારી નાખે અને એવું પણ બન્યું હોય કે વિષ્ણુને હંમેશાં શિવ સામે હુમલો કરવા તૈયાર રહેવું પડતું હોય કારણ કે શિવની ઈચ્છા એવી હોય છે કે જે કંઈ પહેલા ખુદાએ સર્જન કર્યું હોય તેને મારી નાખે અથવા બરબાદ કરી નાખે. પરંતુ વિષ્ણુની કોશિશ એ હોય છે કે શિવને પોતાના કાર્યમાં સફળ ન થવા દે પણ તે પોતાની કોશિશમાં હંમેશાં નિષ્ફળ રહે છે અને જે કંઈ શિવ ઈચ્છે છે તે જ થાય છે.

એવું દેખાય છે કે ત્રીજા ખુદાને કાઈનાતની સુરક્ષા માટે અસ્તિત્વમાં લાવવાનો વિચાર એ કારણે પણ આવ્યો હોય કે સર્જન કરનારા અને નષ્ટ કરનારા ખુદા વચ્ચે કોઈ સંબંધ હોવો જોઈએ કે જેથી જીવન અને મૃત્યુના ખુદાઓ સીધે સીધા એકબીજાના સંપર્કમાં ન આવી જાય કારણ કે જો તે બન્ને સીધે સીધા એકબીજાના સંપર્કમાં આવી જાય તો પછી ન તો કોઈ વસ્તુનું સર્જન થશે કે ન તો કોઈ વસ્તુ નષ્ટ થશે.

જાબિર બિન હૈયાને કહ્યું કે જ્યારે હું એવો વિચાર કરું છું કે હું તૌહીદમાં માનનારો છું તો મને ગર્વ થાય છે કારણ કે મારા તૌહીદી મઝહબમાં આ પ્રકારની કોઈ ગૂંચવણ કે મુશ્કેલી નથી. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, તૌહીદી મઝહબોમાં સર્જક અને રક્ષક એક જ છે અને તે જ મારે પણ છે કારણ કે એવી વાત કહેવી યોગ્ય નથી કે તે નાબૂદ કરી નાખે છે બલ્કે પરિસ્થિતિમાં પરિવર્તન લાવે છે. દીને ઈસ્લામમાં મોત પછી કયામતનું અસ્તિત્વ છે કે જે ઉસૂલે દીનમાંથી છે જેના પ્રમાણે માણસો પાછા જીવિત થશે અને પોતાના જીવનની નવેસરથી શરૂઆત કરશે. *


SUPER WIRE PRODUCT



**સુપર વાયર પ્રોડક્ટ**

અમારે ત્યાં હોટલ/રેસ્ટોરન્ટના કંપાઉન્ડ, પાર્ટી પ્લોટ અને ખેતરની ફરતે તારની વાડ (જાળી)નું ફેન્સીંગ વ્યાજબી ભાવે સંતોષકારક કરી આપવામાં આવશે.

કાંટા તારનું જાતે પ્રોડક્શન કરીને હોલસેલના ભાવે જાળીનું ફેન્સીંગ કરી આપીશું.

**સુલતાનઅલી ડી. પલસાણીયા**
**મો. ૯૮૭૯૩૩૮૫૭૮, ૮૪૮૫૯૩૩૮૨૨**
**મોહસિનઅલી જી. પલસાણીયા**
**મો. ૯૪૨૮૬૦૯૪૩૦**
**(વાઘરોલવાળા)**

૧૧, જલારામ એસ્ટેટ, રેલ્વે ક્રોસીંગની બાજુમાં, સરખેજ–સાણંદ રોડ, અમદાવાદ – ૩૮૨ ૨૧૦

શૌકતભાઈ – ૯૪૨૮૩ ૮૪૨૮૬
ફૈઝઅહેમદ – ૯૭૧૪૭ ૬૪૧૯૪
દુકાન – ૯૭૨૨૯ ૦૧૪૬૦

દશાવાડાવાળા

**અપના**
**કટલરી સ્ટોર**

હોલસેલર : કટલરી, હોઝયરી, રમકડાં, વિગેરે

ઈ–૧૫, મહાવીર કોમ્પલેક્ષ, યશ હોસ્પિટલ નજીક, વાલીયા ચોકડી, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર – ૩૯૩ ૦૦૨

# મોમિનનું હથિયાર : દુઆ

માણસ કેટલી બધી તાકાત, શ્રેષ્ઠતા અને મહાનતાનો માલિક છે કે જેના માટે કાઇનાતનું સર્જન થયું, જેને કાઇનાતમાં આદર અને સત્કારનો હકદાર ઠરાવવામાં આવ્યો, જેની સેવા માટે, ફાયદા માટે બાકીની મખ્લૂકાતને પેદા કરવામાં આવી. પરંતુ આટલી બધી ઈજ્જત અને મહાનતાના માલિક એવા માણસના સર્જન પાછળનો હેતુ તો અલ્લાહની માઅરેફત પ્રાપ્ત કરવાનો અને ઈબાદત કરવાનો છે. તેથી જ તો માણસની અઝમત માટેનું સૌથી મહત્વનું કાર્ય તો ખુદા સાથે મેળ મેળાપ અને સંબંધ સ્થાપિત કરવાનું છે. પરંતુ કેવો સંબંધ ? માણસ અશરફુલ મખ્લૂકાત (સર્વશ્રેષ્ઠ સર્જન) હોવા છતાંય અલ્લાહની સામે તો તે માત્ર ફકીર છે, કંગાળ છે, શાન અને ધનવિહોણો છે. મુશ્કેલીઓ, દુ:ખો અને તકલીફોમાં ઘેરાયેલો માણસ ખુદાની તરફ રજૂ થઈને પોતાના ફકીર અને મોહતાજ હોવાનો એકરાર કરે છે. આવી રીતે તે પોતાની અસમર્થતા અને અસ્થાયીપણાનો એકરાર કરે છે અને તેણે દરેક મામલામાં ખુદાની તરફ ધ્યાન આપવું પડે છે અને મોહતાજ થવું પડે છે. તો હકીકતમાં દુઆ માણસની પામરતાનું પ્રાગટય છે અને અલ્લાહની મદદ મેળવવા માટેની વિનવણી છે.

દુ:ખોમાં અને મુશ્કેલીઓના વમળમાં ફસાયેલા દરેક માણસને કોઈના સહારાની અને કોઈની આગળ ફરિયાદ કરવાની જરૂર પડે છે નહિતર તે જિંદગીથી માયૂસ થઈ જાય છે, અને અંતિમ પગલું ભરવાથી પણ અચકાતો નથી.

એક પ્રખ્યાત માનસશાસ્ત્રીનો કોલ છે કે કોઈ પણ કોમ જો દુઆ માગવાનું અને વિલાપ કરવાનું બંધ કરી દે તો તે બાબત મિલ્લતની બરબાદી કર્યા બરાબર છે. એવી કોમ કે જે દુઆની જરૂરિયાતથી બેફિકર થઈ જાય તે કોમ ઝઘડા ફસાદથી સુરક્ષિત રહી શકતી નથી. દરેક કોમનો, દરેક સમુદાયનો અને દરેક માણસનો આખરી સહારો ખુદા છે. જ્યારે જરૂરિયાત અંતિમ તબક્કે પહોંચી જાય છે, દુ:ખો અને મુસીબતોમાંથી બહાર નીકળવાનો કોઈ ઉપાય નજરે પડતો નથી તો એવી પરિસ્થિતિમાં દુઆ જ દિલની રાહતનું અને ઉમેદ તેમજ શાંતિનું કારણ બને છે. વ્યાકુળતા અને બેચેનીની પરિસ્થિતિમાં જ્યારે માણસ સંપૂર્ણ તીવ્રતાથી પોતાની લાચારીને મહેસૂસ કરે છે તો તેના મોઢામાંથી એકાએક દુઆના શબ્દો સરી પડે છે. તેથી જ તો કુરઆને શરીફમાં અલ્લાહ તઆલા આ મુજબ ફરમાવે છે :

اَمَّنْ يُّجِيْبُ الْمُضْطَرَّ اِذَا دَعَاهُ وَ

يَكْشِفُ السُّوْٓءَ ...﴿٦٢﴾

(ભલા કોણ છે તે કે જે બેચેન અને પરેશાન માણસની ફરિયાદનો જવાબ આપે છે અને તેની તકલીફને દૂર કરે છે ?) (નમ્લ, આયત–૬૨)

લાચારીપણાની એવી મંઝિલ કે જ્યારે શકિત અને તાકાત વિવશ બની જાય, કોઇ ઉપાય નજરે ન પડે, કોઇ કોશિશ સફળ સાબિત ન થાય, નિરાશાઓનાં અંધારાં ફેલાવા લાગે ત્યારે આવી પરિસ્થિતિમાં એક માત્ર દુઆ જ આશાનું કિરણ બનીને સામે આવે છે. દુઆની હાલતમાં જ્યારે માણસ નખશીખ વિનમ્ર બની જાય છે અને આંસુ તેના ફકીર હોવાની સાબિત બની જઇને આંખમાંથી ટપકી પડે છે ત્યારે તોબા કબૂલિયતની કેફિયતની નજીક પહોંચી જાય છે. આવી લાચારી અને બેચેનીની હાલતમાં વ્યાકુળ અને પરેશાન માણસ પોતાની જાતને સઘળી કુવ્વતોના માલિકની નજીક મહેસૂસ કરે છે કે જેનાથી તેની એકલતાનો એહસાસ ખતમ થઇ જાય છે. નિરાશાઓનાં અંધારાં દૂર થવા લાગે છે અને તે પોતાની નિર્બળતાઓને ઉમેદ અને આશાની કુવ્વતોમાં બદલાતી મહેસૂસ કરે છે. તે એવો એહસાસ કરે છે કે અગર તેની પાસે દુન્યવી અને અસ્થાયી સહારા નથી તો શું થયું? કાદિરે મુત્લકની ઝાતનો સહારો તો મળ્યો છે કે જેની કુદરતના કબજામાં સઘળી કુવ્વતો અને નેઅમતો છે, જે દરેક મુસીબત અને મુશ્કેલીને દૂર કરવાવાળો છે. કાઇનાતના ખાલિક, માલિક અને મહેરબાન સાથેનો તેનો આ સંબંધ તેનામાં જીવવાની નવી આશા જગાવે છે જેના પરિણામે તેની બેચેની અને વ્યાકુળતા, સુકૂન, ઇત્મિનાન અને રાહતની કેફિયતમાં બદલાઇ જાય છે.

કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

وَ يَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَوْ لَآ اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ﴿٢٧﴾

બેશક અલ્લાહની યાદથી જ દિલો સંતોષ અનુભવે છે. (રઅદ, આયત–૨૮)

અંબિયા (અ.) જેવી મહાન મરતબાવાળી માઅસૂમ હસ્તીઓને પણ જ્યારે મુશ્કેલીઓ અને દુ:ખોનો સામનો કરવો પડયો છે તો તેમણે દુઆનો સહારો લીધો છે. તેમણે પણ મૂનિસે હકીકી (એટલે વાસ્તવિક દોસ્ત–અલ્લાહ)ની પાસે પોતાના ગમના ઇલાજની ઇચ્છા રાખી હતી.

<u>**હઝરત આદમ (અ.)ની દુઆ :**</u>

قَالَا رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا ۫ وَاِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿٢٣﴾

પરવરદિગારા ! અમે (બન્નેએ) અમારું પોતાનું નુકસાન કર્યું છે; જો તું અમને માફ નહીં કરે અને અમારા ઉપર રહમ નહીં કરે તો અમે ચોકકસપણે નુકસાન ભોગવનારા માંહેના થઇ જઇશું. (એઅરાફ, આયત–૨૩)

**હઝરત નૂહ (અ.)ની દુઆ :**

فَدَعَا رَبَّهٗۤ اَنِّیْ مَغْلُوْبٌ فَانْتَصِرْ ﴿۱۰﴾

અય પાલનહાર ! હું પરાજિત થઈ ચૂક્યો છું તેથી મારી મદદ ફરમાવ. (કમર, આયત–૧૦)

**હઝરત ઇબ્રાહીમ (અ.)ની દુઆ :**

رَبِّ اجْعَلْنِیْ مُقِیْمَ الصَّلٰوةِ وَ مِنْ ذُرِّیَّتِیْ ۖۗ رَبَّنَا وَ تَقَبَّلْ دُعَآءِ ﴿۴۰﴾

અય મારા પાલનહાર ! મને અને મારી ઓલાદને નમાઝના પાબંદ બનાવી દે, અય અમારા પાલનહાર ! મારી દુઆ કબૂલ કર.

(ઇબ્રાહીમ, આયત–૪૦)

**હઝરત મૂસા (અ.)ની દુઆ :**

لِنُرِیَكَ مِنْ اٰیٰتِنَا الْكُبْرٰی ﴿۲۳﴾

اِذْهَبْ اِلٰی فِرْعَوْنَ اِنَّهٗ طَغٰی ﴿۲۴﴾

قَالَ رَبِّ اشْرَحْ لِیْ صَدْرِیْ ﴿۲۵﴾

અય મારા પરવરદિગાર ! તું મારા માટે મારી છાતીને વિસ્તૃત બનાવ અને મારા કામને મારા માટે સહેલું બનાવી દે અને મારી જીભની ગાંઠ ખોલી દે કે જેથી લોકો મારી વાત સારી રીતે સમજે. (તાહા, આયત–૨૫ થી ૨૮)

فَسَقٰی لَهُمَا ثُمَّ تَوَلّٰۤی اِلَی الظِّلِّ فَقَالَ رَبِّ اِنِّیْ لِمَاۤ اَنْزَلْتَ اِلَیَّ مِنْ خَیْرٍ فَقِیْرٌ ﴿۲۴﴾

અય મારા પાલનહાર ! આ વખતે જે પણ નેઅમત તું મારી પાસે મોકલી દે, તેનો હું સખત હાજતમંદ છું. (કસસ, આયત–૨૪)

**હઝરત અય્યુબ (અ.)ની દુઆ :**

...رَبَّهٗۤ اَنِّیْ مَسَّنِیَ الضُّرُّ وَ اَنْتَ اَرْحَمُ الرّٰحِمِیْنَ ﴿۸۳﴾

(અય પાલનહાર ! બીમારી તો મારી પાછળ પડી ગઈ છે અને તું મોટો રહમ કરનારો છે.) (અંબિયા, આયત–૮૩)

**હઝરત ઝકરિયા (અ.)ની દુઆ :**

...اَنْتَ وَلِیّٖ فِی الدُّنْیَا وَ الْاٰخِرَةِ ۚ تَوَفَّنِیْ مُسْلِمًا وَّ اَلْحِقْنِیْ بِالصّٰلِحِیْنَ ﴿۱۰۱﴾

અય મારા પરવરદિગાર ! તું જ દુનિયામાં અને આખેરતમાં મારો માલિક છે. તું મને દુનિયામાંથી મુસલમાન (તરીકે) ઉઠાવી લે અને મને નેક લોકોમાં શામેલ કર.(યૂસુફ, આયત–૧૦૧)

આના ઉપરથી તો એવું લાગે છે કે દુઆ જાણે કે અંબિયા અને સાલેહીન (સદાચારી લોકો)ની સુન્નત છે અને તેમની નજાતનું માધ્યમ છે.

દુઆ એક એવો પસંદગીપાત્ર અમલ છે કે જેની જરૂરિયાત ખુદાએ આ મુજબ ફરમાવી છે :

...اُدْعُوْنِیْۤ اَسْتَجِبْ لَكُمْ ... ﴿۶۰﴾

(અય મારા બંદાઓ !) મારાથી દુઆ

માગો; હું કબૂલ કરીશ. (મોમિન, આયત–૬૦)

**<u>દુઆ કબૂલ થવા માટેની શરતો :</u>**

દુઆ કબૂલ થવા માટે ગુનાહોથી તોબા કરવી, દિલની અને રૂહની પાકિઝગી રાખવી અને નફસની સુધારણા કરવી જરૂરી છે.

**<u>પહેલી શરત :</u>**

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)નું ફરમાન છે કે જયારે તમારામાંથી કોઈ પોતાના રબ પાસે દુનિયા અને આખેરતની કોઈ હાજત તલબ કરો તો સૌ પ્રથમ ખુદાની હમ્દોસના અને મદ્હ કરો, પયગમ્બર (સ.) અને તેમની આલ ઉપર દુરૂદ મોકલો, ત્યાર પછી (પોતાના) ગુનાઓનો સ્વીકાર કરો અને ત્યાર પછી માગણી કરો (અર્થાત્ દુઆ માગો).

(સફીના અલ બિહાર, જિલ્દ–૧, સફા–૪૪૯)

**<u>બીજી શરત :</u>**

જીવનને જાહેરી અને બાતિની દ્રષ્ટિએ પાકીઝા રાખવું, ગસબી (ઝૂંટવી લીધેલા) માલથી અને હરામની રોઝીથી દૂર રહેવું.

પયગમ્બરે અકરમ (સ.)એ ફરમાવ્યું છે કે જે (માણસ) એવું ઈચ્છે કે તેની દુઆ કબૂલ થાય તો તે પોતાની રોજીને અને પોતાના કામકાજને (કસબ કારોબારને) પાકીઝા બનાવે.

(સફીના અલ બિહાર, જિલ્દ–૧, સફા–૪૪૮)

**<u>ત્રીજી શરત :</u>**

ફિત્ના ફસાદનો મુકાબલો કરવામાં અને હકની દાવત આપવામાં કમી ન કરે કેમકે જે લોકો અમ્રબિલ મા'રૂફ અને નહી અનિલ મુન્કરને ત્યજી દે છે તેમની દુઆ કબૂલ થતી નથી.

જેમકે અમીરુલ મોમિનીન (અ.)નું ફરમાન છે :

'અમ્રબિલ મા'રૂફ અને નહી અનિલ મુન્કર કરતા રહેવું નહિતર ખુદા તમારા બૂરા માણસો દ્વારા તમારા ઉપર ચારેય બાજુએથી ઘેરાવ કરાવશે અને પછી તમારા સારા માણસો દુઆ કરશે તો પણ તેમની દુઆ કબૂલ નહીં થાય.'

(સફીના અલ બિહાર, જિલ્દ–૧, સફા–૪૪૯)

**<u>ચોથી શરત :</u>**

ખુદાની સાથે કરેલ અહદ અને પયમાન (કરાર અને પ્રતિજ્ઞા)ને પૂરો કરવો પણ દુઆના સ્વીકારની શરતોમાંથી છે. જે માણસ પરવરદિગારની સાથે કરેલા અહદને પૂરો નથી કરતો તેણે દુઆઓની કબૂલિયતની આશા રાખવી જોઈએ નહીં.

કોઈ માણસે અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતમાં દુઆ કબૂલ ન થવાની શિકાયત કરી તો આપ (અ.)એ ફરમાવ્યું, તમારા દિલો અને દિમાગો એ બાબતોમાં ખયાનત કરી દે છે કે જેના કારણે તમારી દુઆ કબૂલ થતી નથી.

(૧) તમે ખુદાને ઓળખીને તેનો હક અદા નથી કર્યો તેથી તમારી માઅરેફતે તમને કંઈ ફાયદો નથી પહોંચાડયો.

(૨) અલ્લાહના મોકલેલા રસૂલ (સ.) ઉપર તમારું ઈમાન છે પરંતુ તમે તેમની સુન્નતના વિરોધી છો.

(૩) તમે કુરઆનને પઢો છો પરંતુ તેના ઉપર અમલ નથી કરતા, મોઢેથી તો કહો છો કે અમે સાંભળ્યું, ઈતાઅત કરી પરંતુ અમલની દ્રષ્ટિએ વિરોધ કરો છો.

(૪) તમે કહો છો કે અમે અઝાબે ખુદાથી ડરીએ છીએ તેમ છતાંય અલ્લાહની નાફરમાની કરવા તરફ ડગ ભરો છો. તો પછી (અલ્લાહનો) ડર કયાં રહ્યો ?

(૫) તમે કહો છો કે અમે જન્નતની ઈચ્છા રાખીએ છીએ પરંતુ કામ એવાં કરો છો કે જે જન્નતથી દૂર લઈ જાય છે. તો પછી (જન્નતની) ઈચ્છા અને શોખ વળી કેવો ?

(૬) ખુદાની નેઅમતો ખાઓ છો પરંતુ શુક્રનો હક અદા નથી કરતા.

(૭) અલ્લાહે તમને હુકમ આપ્યો છે કે શયતાનથી દુશ્મની રાખો. ફરમાવ્યું છે : શયતાન તમારો (ખુલ્લો) દુશ્મન છે તેને દુશ્મન સમજો (સંદર્ભ : કુરઆન) અને તમે તેની સાથે દોસ્તી રાખો છો.

(૮) તમોએ લોકોના એબોને (દોષોને શોધવાના કાર્યને) નસબુલ ઐન (અસલી મકસદ) બનાવી દીધા છે અને તમારા (પોતાના) એબોને તો સંતાડી રાખો છો. આવી પરિસ્થિતિમાં તમે કેવી રીતે આશા રાખો છો કે તમારી દુઆઓ કબૂલ થાય જ્યારે કે કબૂલિયતના દરવાજા તો તમે પોતે જ બંધ કરી દો છો.

(૯) તકવો અને પરહેઝગારી અપનાવો, તમારા આ'માલમાં સુધારો કરો, અમ્રબિલ મા'રૂફ અને નહી અનિલ મુન્કર કરો જેથી તમારી દુઆ કબૂલ થઈ શકે. (સફીના અલ બિહાર, જિલ્દ-૧, સફા–૪૪૮ થી ૪૪૯)

**પાંચમી શરત :**

અમલ અને કોશિશ બન્ને એક સાથે હોય.

માઅસૂમ (અ.)નું ફરમાન છે :

**الداعی بلا عمل کالرامی بلا وتر**

(અમલ વગર દુઆ કરનારો એવો છે કે જેવો કમાન વગર તીર ચલાવવાવાળો.)

દુઆમાં ખુલૂસ (નિખાલસતા), દુનિયાથી દૂરી, અલ્લાહ તરફ સાચું ધ્યાન, શકિત પ્રમાણે અમલ અને ઈન્કિતાઅ એલલ્લાહ (અલ્લાહ સાથેનો સંપર્ક તૂટી ન જવો) જરૂરી છે.

દુઆની બાબતમાં હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)નું એક વિશિષ્ટ ફરમાન છે :

'યા અલ્લાહ ! અગર તારો હુકમ ન હોત કે મારાથી માગો, દુઆ કરો તો હું કદી પણ દુઆ ન કરત પરંતુ હું તેને તારી ઈચ્છા વિરૂધ્ધનું જ જાણત. હું દુઆ એટલા માટે કરું છું કે દુઆ તારી નજીક પસંદગીપાત્ર અને પ્રિય કાર્ય છે.'

રિવાયતમાં છે કે જ્યારે નમાઝી નમાઝ પઢયા પછી તરત જ દુઆ માગ્યા વગર ચાલ્યો જાય છે તો અલ્લાહ ફરિશ્તાઓને ફરમાવે છે, જોયું ? મારો બંદો મારાથી બેનિયાઝ (બેફિકરો) છે તેને તો (જાણે) મારી જરૂર જ નથી.

પયગમ્બરે અકરમ (સ.)નું ફરમાન છે :

**الدُّعَا سَلاحُ الْمؤمن**

(દુઆ મોમિનનું હથિયાર છે.) *

# દુઆ વિષે રસૂલલ્લાહ (સ.)નાં ફરમાનો

* દુઆ મોમિનનું હથિયાર છે, દીનનો સ્તંભ છે, આસમાનો અને જમીનનું નૂર છે.

(ઉસૂલે કાફી, જિલ્દ–૪)

* ...દિવસ – રાત તમારા પરવરદિગારથી દુઆ માગતા રહો કેમકે મોમિનનું હથિયાર દુઆ છે. (ઉસૂલે કાફી, જિલ્દ–૪)

* ખુદા તરફથી કબૂલિયતનું યકીન રાખીને દુઆ માગો અને એ પણ જાણી લો કે ખુદાવંદે આલમ ગાફિલ દિલની દુઆ કબૂલ નથી કરતો.

(બિહારૂલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૭૩)

* વધારેમાં વધારે દુઆ માગતા રહો કેમકે તમને ખબર નથી કે કયારે તમારી દુઆ કબૂલ થશે.

(તોહફુલ ઉકૂલ, દયલમી સફા–૨૪૭)

* બેશક કોઇ બંદો ખુદાવંદે આલમથી દુઆ માગે છે અને ખુદાવંદે આલમ તેને પસંદ કરે છે તો જિબ્રઇલને હુકમ આપે છે કે તે બંદાની હાજત તો પૂરી કરો પરંતુ તેમાં વિલંબ કરો કેમકે તેના અવાજને સાંભળતા રહેવાનું મને વધારે પસંદ છે. (તરાએફુલ હિકમ, જિલ્દ–૧, સફા–૪૩૫ અને ૪૩૬)

* અઝાન અને ઇકામતની વચ્ચે માગવામાં આવેલી દુઆને રદ કરવામાં આવતી નથી.

(અઅની ઉશરા, સફા–૮)

* ગુપ્ત રીતે માગવામાં આવેલી દુઆની અસર જાહેરમાં માગવામાં આવતી દુઆથી સિત્તેર ગણી વધારે દુઆઓ બરાબર છે.

(ઇર્શાદુલ કુલૂબ, દયલમી, સફા–૨૫૭)

* ચાર માણસો એવા છે કે જેમની દુઆઓ રદ કરવામાં આવતી નથી અને તેમના માટે આસમાનના દરવાજા ખોલી નાખવામાં આવે છે અને દુઆ અર્શ સુધી પહોંચી જાય છે :
  - બાપની દુઆ બેટાના હકમાં,
  - મઝલૂમની બદદુઆ ઝાલિમના માટે,
  - ઉમરો કરનારની દુઆ એટલે સુધી કે તે (પોતાના ઘેર) પાછો ન ફરે, અને
  - રોઝાદારની દુઆ એટલે સુધી કે રોઝો ઇફતાર ન કરી લે. (ઉસૂલે કાફી, જિલ્દ–૪)

* મોતને દુઆ સિવાય કોઇ વસ્તુ ટાળી શકતી નથી. (અઅની ઉશરા, સફા–૧૫)

* ત્રણ સિફતો એવી છે કે જેમના દ્વારા દુનિયા અને આખેરતની ભલાઇ પ્રાપ્ત કરી શકાય છે :
  - નેઅમતો મળવા પર શુક્ર કરવો,
  - તકલીફ પહોંચવા પર સબ્ર કરવો, અને
  - આઝમાઇશની ઘડીમાં દુઆ માગવી.

(ઇર્શાદુલ કુલૂબ, દયલમી, સફા–૨૪૮)

* ખુદાવંદે આલમની હુઝૂરમાં દુઆ માગવાનો સર્વશ્રેષ્ઠ સમય સવારનો સમય છે...

(ઉસૂલે કાફી, જિલ્દ–૪)

* ગાએબ વ્યકિત માટેની દુઆ ખૂબ જલ્દી કબૂલ કરવામાં આવે છે.

(અઅની ઉશરા, સફા–૧૯)

✻ હુઝૂરે અકરમ (સ.)ને પૂછવામાં આવ્યું કે એનું શું કારણ છે કે અમે ખુદાવંદે આલમથી દુઆ તો માગીએ છીએ અને તે તેમને કબૂલ નથી કરતો જ્યારે કે (તેણે) એવો ઈર્શાદ ફરમાવ્યો છે કે તમે મારાથી દુઆ માગો, હું તમારા માટે કબૂલ કરું છું. (આપ (સ.)એ) ફરમાવ્યું, તમારાં દિલ દસ વસ્તુઓથી મુર્દા થઈ ગયેલાં છે એટલે કે –

8 તમે અલ્લાહની માઅરેફત તો ધરાવો છો પરંતુ તેની ઈબાદતની અદાયગી નથી કરતા,

8 તમે કુરઆનની તિલાવત તો કરો છો પરંતુ તેના ઉપર અમલ નથી કરતા,

8 તમે રસૂલથી મોહબ્બતનો દાવો તો કરો છો પરંતુ તેમની આલથી દુશ્મની રાખો છો,

8 તમે શયતાનને દુશ્મન ગણવાનો દાવો તો કરો છો પરંતુ તેની સાથે મેળમેળાપ (દોસ્તી) કરો છો,

8 તમે જન્નતને પસંદ તો કરો છો પરંતુ તેના માટે અમલ બજાવી લાવતા નથી,

8 તમે જહન્નમથી ડરવાનો દાવો તો કરો છો પરંતુ તમારા શરીરોને તેમાં ફેંકી દો છો,

8 તમે તમારા એબને ખોલીને બીજાઓના એબ શોધવામાં મશગૂલ રહો છો,

8 તમે દુનિયાને નાપસંદ કરવાનો દાવો તો કરો છો પરંતુ તેના માટે માલ જમા કરો છો,

8 તમે મોતનો એકરાર તો કરો છો પરંતુ તેની તૈયારી નથી કરતા,

8 તમે તમારાં મડદાંને દફન તો કરો છો પરંતુ તેમનાથી ઈબ્રત હાસિલ કરતા નથી.

(અઅની ઉશરા, સફા–૩૩૦)

✻ ત્રણ માણસોની દુઆ રદ થતી નથી :

8 સખીની,

8 બીમારની, અને

8 તોબા કરવાવાળાની.

(અઅની ઉશરા, સફા–૩૩૦)

✻ કોઈ માણસ ખુદાની હુઝૂરમાં હાથ ફેલાવે પરંતુ તેનો ખોરાક અને લિબાસ હરામ હોય તો એ હાલતમાં ખુદા તેની દુઆ કેવી રીતે કબૂલ કરશે?(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૨૪૮)


Akbarali V. Suthar Mo. 9426281856

Mikdadali Mo. 9429358118

**FAMOUS**

**ALUMINIUM SECTION**

- **Aluminium Composit Panel,**
- **Glass Fitting**
- **Sliding Windows**

**Near Bus Station, Rigal Shopping Centre, Vadnagar (Gujarat)**

**શંખનો અવાજ/શંખનાદ**

કિતાબ અમાલીમાં સાલેહ બિન ઈસાએ હારિસ બિન અઉરથી રિવાયત કરી છે અને વળી અલ કિબારમાં મઝકૂર છે કે જ્યારે હઝરત અમીરુલ મોમિનીન(અ.) શામ તશરીફ લઈ જઈ રહ્યા હતા ત્યારે એક જગ્યાએ ઘોડાની લગામને ફેરવી દીધી અને જંગલ તરફ મોં ફેરવ્યું અને ફરમાવ્યું કે આ જંગલમાં (ખ્રિસ્તીઓનું) એક દેવળ આવેલું છે કે જેમાં એક નસરાની રહે છે. હું ચાહું છું કે તેના કમરમાં રહેલી દોરી (ઝુન્નાર)ને તોડી દઉં અને શંખના ટુકડે ટુકડા કરી નાખું. આથી હઝરત(અ.) અસ્હાબોની સાથે રવાના થયા અને જ્યારે દેવળના નજીક પહોંચ્યા તો નસરાનીએ દેવળમાંથી ડોકુ બહાર કાઢીને પૂછયું કે અય પ્રતિષ્ઠિત નવજવાન ! કયાંથી આવી રહ્યા છો અને કયાંનો ઈરાદો છે ? હઝરત(અ.)એ ફરમાવ્યું કે હું મદીનાથી આવી રહ્યો છું અને જેહાદના ઈરાદાથી શામ જઈ રહ્યો છું.

નસરાનીએ પૂછ્યું કે અય જવાન ! તમે ફરિશ્તા છો કે ઈન્સાન ? હઝરત(અ.)એ ફરમાવ્યું કે હું ઈન્સાનો અને જિન્નાતોનો મુકતદા (રહેનુમા) અને ફરિશ્તાઓનો પેશવા છું. નસરાનીએ કહ્યું કે મેં ઈન્જીલમાં **'તાબ તાબ'** વાંચ્યું છે. શું એ તમારું નામ છે ? (આપ(અ.)એ) ફરમાવ્યું કે **તાબ તાબ** મોહંમદ મુસ્તફા(સ.)નું નામ છે. મારું નામ તો **સંતિયા** છે. અરજ કરી કે તૌરાતમાં જે **મીત મીત** નામ લખ્યું છે, શું તે આપનું નામ છે ? ફરમાવ્યું કે **મીત મીત** મોહંમદ મુસ્તફાનું નામ છે અને મારું નામ તો **એલીયા** છે. અરજ કરી કે શું આપ મસીહ (ઈસા(અ.)) છો ? ફરમાવ્યું કે હું ઈસા નથી, ઈસા મારા દોસ્ત છે. અરજ કરી, શું આપ મૂસા છો ? અને અસા અને યદે બૈઝા લઈને આવ્યા છો ? ફરમાવ્યું કે હું મૂસા નથી. મૂસા મારા દોસ્તોમાંથી છે. અરજ કરી કે આપના માઅબૂદનો વાસ્તો, આપનું નામ અને નસબ બતાવો. ફરમાવ્યું કે દરેક કોમમાં અને યુગમાં અને ટોળામાં મારું નામ અલગ છે. તેથી જ તો અરબ મને **હલ અતા** (કહીને) પોકારે છે. પહેલા આસમાન પર મારું નામ અબ્દુલહમીદ છે. બીજા આસમાન પર અબ્દુસ્સમદ, ત્રીજા આસમાન પર મારું નામ અબ્દુલમજીદ, ચોથા આસમાન પર ઝુલ આ'લા અને પાંચમા આસમાન પર અલીય્યુલ આ'લા છે. હઝરત રબ્બુલ ઈઝઝતે મને અમારત (હુકૂમત)ની મસ્નદ ઉપર બેસાડયો છે. અલી નામ

અને અમીરુલ મોમિનીન લકબ રાખ્યો છે. રસૂલે અકરમ(સ.)એ મને અબૂતુરાબ ફરમાવ્યો. મારી માતાએ મારું નામ હૈદર રાખ્યું અને મારા બાપે મારી કુન્નિયત અબૂલહસન રાખી.

આ સાંભળીને નસરાનીએ શંખ વગાડવાનું શરૂ કર્યું. હઝરત(અ.)એ પૂછ્યું કે શું તું જાણે છે કે આ શંખ શું કહી રહ્યો છે ? અરજ કરી કે આ કાંસાનો બનેલો છે અને હું ખાકનું પૂતળું છું. ખાક કાંસાની વાત શું જાણે ? ફરમાવ્યું કે સુલયમાન સઘળા જાનવરોની ભાષા જાણતા હતા. હું મોહંમદ મુસ્તફા (સ.)નો વસી છું. શું હું બયાન કરું કે આ શંખ શું કહી રહ્યો છે ? અરજ કરી, જરૂર ફરમાવો.

હઝરત(અ.)એ સમજાવ્યું કે એ કેવી રીતે દુનિયાની તબાહી અને બરબાદીનું વર્ણન કરી રહ્યો છે. ત્યારે નસરાનીએ એક મોટી બૂમ પાડી. એની સાથે જ ચારસો નસરાની કે જે એ દેવળમાં રહેતા હતા, તે દોડતા આવ્યા અને બૂમ પાડવાનું કારણ પૂછ્યું. તેણે જવાબ આપ્યો કે મેં ઈન્જીલમાં વાંચ્યું છે કે એક ખૂબસૂરત જવાન આ દેવળમાં આવશે કે જે શંખના અવાજને સમજાવશે. તે વખાણ અને ગુણગાન માટે પાત્ર હશે. જે તેના પર ઈમાન લાવશે તે નજાત મેળવશે અને જે તેની ઈતાઅત નહીં કરે તે દોઝખમાં જશે. આ જવાને મારા શંખના અવાજને એવી રીતે સમજાવ્યો કે જેથી હું તેના દીનને ઈખ્તિયાર કરું છું. એની સાથે જ તમામ નસરાનીઓએ કે જે તે દેવળમાં રહેતા હતા, હઝરત(અ.)ની ખિદમતમાં હાજર થઈને દીને ઈસ્લામ કબૂલ કર્યો. (કોકબ દરી)

શંખના અવાજનું સ્પષ્ટીકરણ હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ આવી રીતે બયાન ફરમાવ્યું:

| **શંખનો અવાજ** | صداۓ ناقوس |
| --- | --- |
| (૧) લા ઈલાહા ઈલ્લલ્લાહ, આ બિલકુલ હક છે, તદ્દન સાચું છે. | (١) لاالٰہ الا اللہ<br>حقًا حقًا صدقًا صدقًا |
| (૨) એ હક છે કે અલ્લાહ પાક છે. બેશક તે બધાયનો મૌલા છે. તે બેનિયાઝ અને હંમેશાં બાકી રહેવાવાળો છે. | (٢) سُبحَانَ اللہ حقًا حقًا<br>اِنَّ الْمَوْلیٰ صَمدٌ یَبْقیٰ |
| (૩) મારું કહેવું હક અને સાચું છે. તે આપણા બધાયની સાથે હિલ્મ (નમ્રતા) અને રિફક (નરમી)થી વર્તે છે. | (٣) صِدْقًا صِدْقًا حقًّا حقًّا<br>یَحْلُمُ تَنّا رزقاً رزقاً |

(٤) اِنَّ الْمَوْلٰی یسئَلْنَا
وَیُرافِقُنَ ویُحَاسِبُنُا

(૪) યકીનપૂર્વક કે તે બધાયનો મૌલા (કયામતના દિવસે) અમને બધાયને સવાલ કરશે (અને અમારામાં જે નેક છે) તે અમારો હિસાબ લેશે. તેમની સાથે રિફકોમદાર (નમ્રતા) કરશે.

(٥) یا مولانا لا تهلکنا
وتدارکنا وسْتَحذَمْنَا

(૫) અય અમારા મૌલા ! તું અમને હલાક ન કર. અમને દરેક આફતથી બચાવ અને તારી ખિદમતમાં રાખ.

(٦) حِلْمَلَ عنا قد جرّانا
یا مولانا عفول عنّا

(૬) તારા હિલ્મે (નમ્રતાએ) અમને હિંમત અપાવી છે. અય અમારા મૌલા અમને માફ કરી દે.

(٧) اِنَّ الدُّنیا قَدْ غرّتْنَا
واشغلتنا واستهوتنا

(૭) બેશક દુનિયાએ અમને ધોખો (દગો) દીધો અને અમને પોતાનામાં મશગૂલ કરી લીધા અને દીનના માર્ગથી ભટકાવી દીધા.

(٨) قد ضیّعْنَا دَارًا ابقیٰ
واسَوطَنَّا دارًا تفنیٰ

(૮) અમે દારે બાકી (હંમેશાં રહેવાવાળી દુનિયા-આખેરત)ને બરબાદ કરી દીધી અને દારે ફાની (નાશ પામવાવાળી દુનિયા)ને વતન બનાવી દીધું.

(٩) ابن الدنیا جمعًا جمعًا
تفنی الدنیا قَرْنًا قَرْنًا

(૯) અય દુનિયાના દીકરાઓ ! દુનિયા ટોળે ટોળાંને અને કર્ન (યુગે યુગ)ને ફના કરી દે છે.

(١٠) کُلًا مَوْتیٰ کُلًا موتیٰ
کُلًا مَوْتیٰ کُلًا دَفْنیٰ

(૧૦) મોત બધાના માટે છે, મોત બધાના માટે છે. બધાએ મરવાનું છે અને બધાએ દફન થવાનું છે.

(١١) یا بْنَ الدنیا جمعًا جمعًا
یا بْنَ الدنیا مهلًا مهلًا

(૧૧) અય દુનિયાદાર ! એકઠો કરી લે (નેક આમાલનો સંગ્રહ). અય દુનિયાના ફરઝંદ ! થંભી જા, થંભી જા. (દુનિયાના કામમાં જલ્દી ન કર.)

(١٢) يابْنَ الدّنيا دَقّاً دَقّاً
يابْنَ الدُّنيا وزنًا وزنًا

(૧૨) અય દુનિયાવાળાઓ ! (તેની રહમતના દરવાજા) ખટખટાવ્યા કરો. અય દુનિયાવાળાઓ ! (તમારો કોઇ અમલ નકામો ન હોય અને) દરેક કામ માપેલું અને તોલેલું હોય.

(١٣) لَوْلا جَهلِي مَا ان كانت
عِنْدِى الدَّنيا اِلّا سجْنًا

(૧૩) અગર હું જાણત જેવો કે છે તું તો દુનિયાને કેદનું ઘર સમજી લેત.

(١٤) يَا ذامَن ذاكمْ ذاهٰذا
لَسْنَا ترجوا نجوا لكشىٰ

(૧૪) (અય દુનિયાદાર !) બતાવ કે દુનિયા કેટલી છે અને શું છે ? શું દુનિયા એવી ઉમદા છે કે તું તેના પર લલચાય છે ?

(١٥) خَيْرًا خَيْرًا شرا شرًا
شيئًا شيئًا حُزْنًا حُزْنًا

(૧૫) (દુનિયામાં જે કંઇ કરશો) દરેક બાબતનો બદલો મળશે ગમના કામનો બદલો ગમ મળશે.

(١٦) اِنَّ المولىٰ قد اَنْذرْنَا
انّا نَحَشرَ هذلًا بُهُمَا

(૧૬) અમને મૌલાએ ડરાવ્યા છે. હશ્રના દિવસે અમે હસતા હોઇશું, કોઇ પણ અમને નહીં ઓળખે.

(١٧) لَسْنَا نَدْرى مَا فَرَّطْنَا
فِيها الّا يومًا مِتنَا

(૧૭) દુનિયામાં જે કર્યું હોય તેના પર ખુશ ન થવું જોઇએ. તેનો હાલ એ વખતે જ માલૂમ પડી જશે કે જ્યારે મરી જઇશું.

(١٨) مَا مِن يَومٍ يمضي عَنّا
الّا اوَهَن منا رُكْنَا
عَجّلِ تَبْلَ الموت الْوزنًا

(૧૮) અમારો કોઇ દિવસ એવો નથી પસાર થતો કે જેમાં અમારામાંથી કોઇને કોઇ મરતો ન હોય. પોતાના મોત પહેલાં પોતાના આમાલનો વજન કરવામાં ઉતાવળ કર.

(સંદર્ભ : કિતાબ અમાલી કોકબ દરી, રિયાઝુશ્શહાદત)

**ગડમથલ નં.૨૪૬નો ઉકેલ**

આડી ચાવીઓ : (૧) તરહી (૨) અજલ (૪) દૂમ (૬) અલીમ (૭) તારીખ (૮) ફરમાન (૧૦) લકબ (૧૨) ફલક (૧૪) ફીલ (૧૫) રઝ્ઝાક (૧૬) દફતર (૧૯) અમન (૨૦) હકીમ (૨૨) શરઇ (૨૩) કાબિલ (૨૫) દફે (૨૮) કબા (૩૦) ખબરદાર (૩૧) ઇબરત ઊભી ચાવીઓ : (૧) તરફદાર (૨) અલી (૩) જમલ (૪) દૂરી (૫) મખમલ (૬) અનલ (૭) તાબ (૯) માફક (૧૧) કપૂત (૧૩) કદમ (૧૭) ફનકાર (૧૮) રહલ (૧૯) અઇમ્મા (૨૧) મગફેરત (૨૪) પરખ (૨૬) યાર (૨૭) પીર (૨૮) કઇ (૨૯) બાબ

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## જંગે ઓહદ

(ગતાંકનું ચાલુ)

હિન્દ બિન ઉતબાએ વહશી નામના એક ગુલામને કહ્યું કે તે પયગમ્બરે ખુદા (સ.)ને કતલ કરી દે અથવા તો અમીરુલ મોમિનીન (અ.) ને કતલ કરી દે અથવા તો હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબને કતલ કરી દે.

વહશીએ જવાબ આપ્યો, "જ્યાં સુધી મોહંમદ (સ.)નો સંબંધ છે ત્યાં સુધી તેમને કતલ કરવા મારા માટે અશક્ય બાબત છે કેમકે તેમના ફરતાં લડાકુ અસ્હાબોનો ઘેરો રહેતો હોય છે. અલી (અ.)ને કતલ કરવા પણ શક્ય બાબતોમાંથી નથી કેમકે તેઓ જંગના મેદાનમાં એટલા બધા ચબરાક અને ચુસ્ત રહે છે જેવી રીતે કે શિયાળ હોય છે. હા, હમ્ઝાને કતલ કરવાનું શક્ય છે કેમકે જ્યારે તેમને ગુસ્સો આવે છે ત્યારે તેમને એ પણ દેખાતું નથી કે તેમની સામે શું છે."

હઝરત અમીર હમ્ઝાને દૂરથી જ ઓળખી લેવામાં આવતા હતા કેમકે તેઓ પોતાની છાતી પર શાહમૃગના મોટા પંજા (નું નિશાન) લગાવતા હતા. વહશી એક જગ્યાએ સંતાઈ જઈને ઊભો થઇ ગયો. તે જનાબે હમ્ઝાની વાટ જોવા લાગ્યો. તેનું પોતાનું બયાન હતું :

"મારો નેઝો મારા હાથમાં ધ્રુજી રહ્યો હતો. આવું ત્યાં સુધી ચાલુ રહ્યું કે જ્યાં સુધી મેં પ્રહાર ન કર્યો. મારો નેઝો તેમના સાથળના ઉપરના ભાગમાં ઘુસી ગયો અને આ પારથી પેલે પાર નીકળી ગયો. હું તે સમય સુધી ત્યાં ઊભો રહ્યો જ્યાં સુધી તેમનું શરીર ઠંડુ પડી ગયું. ત્યાર પછી હું તેમની નજીક ગયો અને મારો નેઝો ખેંચીને કાઢી નાખ્યો. એ સમય દરમિયાન નાસી ગયેલા મુસલમાનો પાછા આવી ગયા અને ત્યાં ભેગા થવા લાગ્યા એ જોવા માટે કે મારી અને હમ્ઝાની વચ્ચે શું બન્યું હતું."

હિન્દા ત્યાં આવી ગઈ અને એ હુકમ આપ્યો કે હમ્ઝાના પેટને ચીરી નાખવામાં આવે અને તેમના કાળજાને કાઢવામાં આવે. અને તેમના અવયવોને કાપી નાખવામાં આવે. તેમના નાક અને કાનને કાપી નાખવામાં આવ્યા. પયગમ્બરે ખુદા (સ.)ની આજુબાજુ એ વખતે દુશ્મનોનો ઘેરો હતો કે જેઓ હુઝૂર (સ.) પર હુમલો કરી રહ્યા હતા. એટલા માટે હુઝૂર (સ.)ને એ વખતે આ બનાવના સમાચાર ન મળ્યા.

(આ રિવાયતને બયાન કરવાવાળા છે ઝૈદ બિન વહબ જેમણે બતાવ્યું કે –)

મેં ઈબ્ને મબઊસને પૂછયું, શું પયગમ્બર

(સ.)ને એકલા મૂકીને લોકો નાસી ગયા હતા, સિવાય અલી ઈબ્ને અબીતાલિબ (અ.), અબૂ દજાલા અને સહલ બિન હનીફ કે જેઓ છેલ્લે સુધી હુઝૂર (સ.)ની સાથે રહ્યા ?"

તેમણે જવાબ આપ્યો,

"તલ્હા બિન ઉબયદુલ્લાહ પણ તેમની સાથે હતા."

મેં પૂછયું,

"એ વખતે અબૂબક્ર અને ઉમર કયાં હતા?"

તેમણે જવાબ આપ્યો,

"તે બન્ને જાણ એ લોકોની સાથે હતા કે જેઓ પીઠ બતાવીને નાસી ગયા હતા."

મેં પૂછયું,

"અને ઉસ્માન કયાં હતા ?"

તેમણે કહ્યું,

"એ તો જંગ શરૂ થવાના ત્રણ કલાક પછી ત્યાં આવ્યા હતા."

તેમને પયગમ્બરે ઈસ્લામ (સ.)એ કહ્યું,

"શું તમે તમારી ગેરહાજરીની બાબતમાં કોઈ અરજીપત્ર આપશો ?"

ત્યાર પછી ઝૈદે ઈબ્ને મસઊદને પૂછયું,

"એ વખતે તમે કયાં હતા ?"

તેમણે જવાબ આપ્યો,

"હું પણ એ લોકોમાં શામેલ હતો કે જેઓ પીઠ બતાવીને નાસી ગયા હતા."

મેં સવાલ કર્યો,

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૩૫**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

رَبِّ هَبۡ لِیۡ حُكۡمًا وَّ اَلۡحِقۡنِیۡ بِالصّٰلِحِیۡنَ ﴿۸۳﴾

وَ اجۡعَلۡ لِّیۡ لِسَانَ صِدۡقٍ فِی الۡاٰخِرِیۡنَ ﴿۸۴﴾

وَ اجۡعَلۡنِیۡ مِنۡ وَّرَثَةِ جَنَّةِ النَّعِیۡمِ ﴿۸۵﴾

وَ اغۡفِرۡ لِاَبِیۡۤ اِنَّهٗ كَانَ مِنَ الضَّآلِّیۡنَ ﴿۸۶﴾

وَ لَا تُخۡزِنِیۡ یَوۡمَ یُبۡعَثُوۡنَ ﴿۸۷﴾

یَوۡمَ لَا یَنۡفَعُ مَالٌ وَّ لَا بَنُوۡنَ ﴿۸۸﴾

اِلَّا مَنۡ اَتَی اللّٰهَ بِقَلۡبٍ سَلِیۡمٍ ﴿۸۹﴾

**રબ્બે હબ્લી હુકમંવ વ અલ્હિકની બિસ્સાલેહીન વજઅલ્ લી લેસાન સિદ્કીન ફીલ્આખેરીન વજ્અલ્ની મિંવ્વરસતે જન્નતિન્નઇમ વ અગ્ફિર લેઅબી ઇન્નહુ કાન મેનઝ્ઝાલ્લીન વલા તુખ્ઝેની યૌમ યુબ્અસૂન યૌમ લા યન્ફઓ માલુવ વલા બનૂન ઇલ્લા મન્ અતલ્લાહ બેકલ્બીન સલીમ.**

(પારો–૧૯, સૂરએ શોઅરા, આયત–૮૩ થી ૮૯)

અર્થ : અય મારા પરવરદિગાર ! મને સદ્‌બુધ્ધિ અર્પણ કર, અને મને સદાચારીઓમાં ભેળવી દે: અને હવે પછી આવનારા લોકોમાં મારી સત્યવાદી તરીકેની યાદ કાયમ રહે એવું કર: અને મને નેઅમતોવાળી જન્નતોના વારસદારો માંહેનો બનાવ: અને મારા બાપના ગુના માફ કરી દે, બેશક તે ગુમરાહો માંહેનો છે: અને જે દિવસે લોકોને (કબરોમાંથી) પુન: ઉઠાડવામાં આવે તે દિવસે મને ફજેત ન કરજે; જે દિવસે ન સંપત્તિ કોઈને લાભ પહોંચાડશે ન સંતતિ : સિવાય કે જેઓ નિર્મળ મન લઈને અલ્લાહની હુઝૂરમાં આવશે.

"આ પ્રસંગનું તમારી આગળ કોણે વર્ણન કર્યું ?"

તેમનો જવાબ આ મુજબ હતો,

"હાશિમ ઈબ્ને સાબિત સહલ ઈબ્ને હનીફ."

મેં પ્રશ્ન કર્યો,

"આવી હાલતમાં અલી (અ.)નું ત્યાં મોજૂદ હોવું મોટી નવાઇની વાત છે."

તેમણે કહ્યું,

"તમને નવાઇ લાગવી જ જોઇએ. આ પ્રસંગ ઉપર તો ફરિશ્તાઓને પણ નવાઇ લાગતી હતી. શું તમે વાકેફ નથી થયા કે આ મોકા ઉપર જિબ્રઈલ (અ.) ફિરદોસમાં એલાન કરી રહ્યા હતા :

**"લા સૈફ ઇલ્લા ઝુલ્ફિકાર,**
**વ લાફતા ઇલ્લા અલી."**

મેં ફરીથી પૂછયું,

"આ પ્રસંગની જાણકારી જિબ્રઈલને કેવી રીતે થઇ?"

તેમણે જવાબ આપ્યો,

"એ વખતે લોકોએ જોરદાર અવાજ સાંભળ્યો જેનાથી આસમાન ગુંજવા લાગ્યું."

"લોકોએ પયગમ્બરે ખુદા (સ.)ને પૂછયું કે આ અવાજ શાનો છે તો હુઝૂર (સ.)એ તેમને બતાવ્યું કે આ અવાજ જિબ્રઈલ (અ.)નો છે."

(ઈમરાન બિન હસીનથી રિવાયત છે. તે કહે છે કે –)

"જંગે ઓહદમાં જ્યારે પયગમ્બરે ખુદા (સ.)નો સાથ છોડીને લોકો ભાગી રહ્યા હતા તો હઝરત અલી (અ.) આવ્યા, તેમની કમરમાં તલવાર લટકી રહી હતી. તેઓ હુઝૂર (સ.)ની નજીક આવીને ઊભા થઇ ગયા. ત્યારે પયગમ્બરે ખુદા (સ.)એ પોતાનું મસ્તક ઉઠાવ્યું અને પૂછયું,

"બધા લોકોની સાથે તમે કેમ ભાગી ન ગયા?"

આપ (અ.)એ જવાબ આપ્યો,

"અય અલ્લાહના રસૂલ (સ.) ! ઈસ્લામ કબૂલ કર્યા પછી શું હું ફરીથી કુફ્રની તરફ પાછો ચાલ્યો જાઉં ?"

(પયગમ્બર (સ.)એ) તેમને ઈશારાથી બતાવ્યું કે કેટલાક દીનના દુશ્મનો પહાડી ઉપરથી નીચે આવ્યા હતા. (અલી (અ.)એ) તેમના ઉપર હુમલો કર્યો અને તેઓ નાસી ગયા. ત્યારે (પયગમ્બર (સ.)એ) ઈશારાથી થોડાક અન્ય કાફિરોને બતાવ્યા. તેમના ઉપર પણ આપ (અ.)એ હુમલો કર્યો અને તે લોકો પણ નાસી ગયા. આ પ્રસંગે જિબ્રઈલ (અ.) આવ્યા અને બતાવ્યું કે "ફરિશ્તાઓને નવાઇ લાગે છે અને મને પણ નવાઇ લાગે છે કે અલી (અ.)એ પોતાના નફસને વહાલો ગણ્યો નથી."

પયગમ્બર (સ.)એ કહ્યું,

"એવી કઇ વસ્તુ છે કે જેણે તેમને અહીં રોકી રાખ્યા છે ?" વળી તેની સ્પષ્ટતા આ પ્રમાણે કરી કે "તે મારાથી છે અને હું તેનાથી

છું.”

આ સાંભળીને જિબ્રઈલ (અ.)એ કહ્યું કે,

“હું આપ બન્નેથી છું.”

(હકમ બિન ઝહીરે આ હદીસ બયાન કરી છે કે તેમને સર્રીએ બતાવ્યું – તેમને માલિકે બતાવ્યું – તેમને ઈબ્ને અબ્બાસે બતાવ્યું કે –)

“તે દિવસે તલ્હા બિન અબી તલ્હા આગળ વધ્યા. તેઓ બે ફોજોની વચ્ચે ઊભા થઈ ગયા અને બુલંદ અવાજમાં બોલ્યા, “અય અસ્હાબે મોહંમદ (સ.) ! તમારો દાવો છે કે અલ્લાહ તમારી તલવારો દ્વારા જલ્દીથી અમને જહન્નમ વાસિલ કરશે પરંતુ એના પહેલાં અમારી તલવારો તમને જન્નતમાં દાખલ કરી દેશે. તમારામાં કોણ એવો છે કે જે એકલો મારો મુકાબલો કરે ?”

અમીરુલ મોમિનીન (અ.) આગળ વધ્યા અને કહ્યું કે, “ખુદાની કસમ, આજે હું તને જીવતો નહીં છોડું ત્યાં સુધી કે તને જહન્નમ વાસિલ ન કરી દઉં. અને આ જ મારી તલવારનો કમાલ હશે.” ત્યાર પછી બન્નેની વચ્ચે તલવારો ચાલવા લાગી. હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અ.)એ વાર કર્યો અને તેના બન્ને પગ કપાઈને જુદા થઈ ગયા. તે જમીન ઉપર પડી ગયો અને બેકાબૂ થઈ ગયો. તેણે હઝરત અલી (અ.)ને કહ્યું, “તમે મારા ભાઈ છો. હું તમને વિનંતી કરૂં છું કે તમે મને હલાક ન કરો.”

આ સાંભળીને આપ તેની પાસેથી ખસી ગયા અને પોતાની જગ્યાએ પાછા આવી ગયા. આ જોઈને મુસલમાનોએ આપને પૂછયું, “આપે તેને કતલ ન કર્યો ?”

હઝરત અલી (અ.)એ જવાબ આપ્યો કે –

“તેણે ખુદાનો વાસ્તો આપ્યો હતો અને રિસ્તાદારનો વાસ્તો આપ્યો હતો કે હું તેને કતલ ન કરું પરંતુ એ બાબત ચોક્કસ છે કે તે હવે જીવતો નહીં બચે.”

તલ્હાએ એ જ જગ્યાએ દમ છોડી દીધો. આ ખુશખબરી પયગમ્બર (સ.)ને સંભળાવવામાં આવી. હુઝૂરત (સ.) અત્યંત ખુશ થયા અને બોલ્યા,

“તે કુફ્ફારોની ફોજનો સરદાર હતો.”

*


ત્રીજા વર્ષમાં પ્રવેશ

**Spark IT Solution**





**::::: Product, service, softwere :::::**

**Hardware dealer :** All Type Computers ,Leptop and Printer Sales and All Kind of Computer Parts

**Network :** Lane , Wan, Man, Cabling and Routing

**Softwere** : Linux, Unix, Mac, Microsoft, Tally, Antivirus, Data recovery and All type of License Softwere

**Printer :** All Type Printer Repairing and Refilling

**::::: Contact :::::**

**abid momin:-9725757614(sales)**

**Hasan Momin:-8347310601(service)**

Web:-www.sparkitsolution.co.in

E-mail:-ab_momin@ymail.com

Add:-F.F-10, Sagar Avenue- A,
N/r. Amber tower, Sarkhej – juhapura Road,
Ahmedabad-380055.

# નબવી અદાલત

કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજ્તેહાદી

**ચુકાદો નંબર-૨૬**

**અલ્લાહની રાહમાં ખેરાત**

અનસથી રિવાયત છે કે મદીનામાં અબૂ તલ્હા બધા જ અન્સારો કરતાં વધારે ખજૂરના બાગ ધરાવતા હતા. અને તેમને પોતાના બાગોમાં સૌથી વધારે 'બીરહા' (નામનો બાગ) પ્રિય હતો. વળી તે મસ્જિદની સામે પણ આવેલો હતો અને રસૂલિલ્લાહ (સ.) ઘણી વાર તેમાં આવતા હતા અને તેનું રૂચિકર (મીઠું) પાણી પીતા.

અનસ કહે છે કે જ્યારે આ આયત ઉતરી,

'અય મુસલમાનો ! તમે ત્યાં સુધી નેકી નહીં મેળવી શકો જ્યાં સુધી અલ્લાહની રાહમાં એ વસ્તુ ખેરાત ન કરો કે જે તમને સૌથી વધારે પ્રિય હોય.'

તો આ આયત સાંભળીને અબૂ તલ્હા રસૂલે કરીમ (સ.)ની ખિદમતમાં આવ્યા અને આ આયતની તિલાવત કર્યા પછી કહ્યું,

'મને મારી જાયદાદમાં સૌથી વધારે પ્રિય 'બીરહા' છે અને હું તેને અલ્લાહની રાહમાં ખેરાત કરવાની ઈચ્છા ધરાવું છું અને તેના દ્વારા સવાબ અને બદલાની ઈચ્છા રાખું છું. યા રસૂલિલ્લાહ ! આપનું દિલ ચાહે તેને આપ આપી દો.'

રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યુ,

'સુબ્હાનલ્લાહ ! આ સોદો તો ખૂબ જ ફાયદાકારક છે. જે કંઈ તમે મને કહ્યું તે મેં સાંભળી લીધું છે. હવે તમે તેને તમારા સગા સંબંધીઓમાં અને પિત્રાઈ ભાઈઓમાં વહેંચી દો.'

**ચુકાદો નંબર-૨૭**

**અમાનત**

અહકામે ઈબ્ને ઝિયાદમાં છે કે રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

'અમીન ઉપર તાવાન (દંડ) નહીં થાય (અને ઉલમાએ એ શરતનો વધારો કર્યો છે કે અમાનત તલફ (નષ્ટ) કરવાની બાબતમાં અમીનનો હાથ ન હોય એ શરતે).

અને બીજી કિતાબોમાં એવું લખાણ છે કે રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

'દરેક માણસે એ વસ્તુને પાછી આપવી જરૂરી છે કે જેના ઉપર તેણે કબજો કર્યો હોય.'

વળી કેટલાક ઉલમાએ આની તાવીલ એવી કરી છે કે અમાનતના જામીન બનવું પડે છે. જેની બાબતમાં રસૂલે મકબૂલ (સ.)નો આ કોલ છે કે અમાનતોને તેમના માલિકોને પાછી

આપી દો.

વળી ઈબ્ને સલામ, વગેરેનો અભિપ્રાય એ છે કે આ આયત કા'બાના મુતવલ્લીની બાબતમાં ઉતરી હતી. જ્યારે અબ્બાસે રસૂલે કરીમ (સ.) પાસેથી કા'બાની કૂંચી માગી હતી એ વખતે આ આયત ઊતરી કે અમાનતો અમાનત મૂકનારાઓને સોંપી દો. એ વખતે રસૂલે અકરમ (સ.)એ કા'બાની કૂંચી ઉસ્માન (રઝી.અ.) બિન તલ્હાને આપી દીધી.

રિવાયત છે કે રસૂલે કરીમ (સ.)એ નિદા ફરમાવી કે ઉસ્માન (રઝી.) કયાં છે ? તો ઉસ્માન (રઝી.) ઈબ્ને ઉફાને માથું ઉઠાવ્યું અને આપના તરફ જોયું. આપે ફરમાવ્યું,

'અય ઉસ્માન બિન તલ્હા ! તમે કયાં છો?'

ઉસ્માન બિન તલ્હા ઠીંગણા હતા. એક હઝરમીએ તેમને ઊંચા કરીને રસૂલે કરીમ (સ.)ની સામે રજૂ કર્યા. એ વખતે તેમણે ચહેરા ઉપર નકાબ નાખેલો હતો. રસૂલે કરીમ (સ.)એ તેમને કા'બાની ચાવી આપી અને ફરમાવ્યું,

'અય ઈબ્ને તલ્હા ! આને હંમેશાં માટે સાચવીને રાખજો. તમારા ઉપર આ બાબતમાં કોઈ જુલ્મ નહીં કરે પરંતુ એ કે તે જાલિમ અને કાફિર હોય.'

આ પ્રસંગ હજ્જતુલ વિદાઅના વર્ષે બન્યો હતો. આ તલ્હા એ ઉસ્માન (રઝી.)ના બાપ હતા કે જેમને જંગે ઓહદમાં હઝરત અલી (અ.)એ કતલ કર્યો હતો. ત્યાર પછી આ ચાવી ઉમ્મે વલદ સલાફાની પાસે રહી. *



## કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય
### સૂરા નં.૭૭ સૂરએ મુરસલાત

૫૦ આયતો ધરાવતો આ સૂરો મદીનામાં નાઝિલ થયેલો હોવાથી મદની સૂરો છે.

આયતોનો અનુવાદ : કસમ છે તે (વાયુ) ઓની કે જે (લોકોના મનને) પ્રફુલ્લ બનાવવા માટે મોકલવામાં આવે છે. (૧)

પછી કસમ છે તે (વાયુ)ઓની કે જે સખ્તાઈથી ફૂંકાય છે. (૨)

અને કસમ છે તે (વાયુ)ઓની કે જે (વાદળાંને યોગ્ય રીતે) ફેલાવી દે છે. (૩)

પછી જે વાદળાંને યોગ્ય રીતે વિખેરી નાખે છે. (૪)

પછી કસમ છે વહી લાવનાર (ફરિશ્તા) ઓની. (૫)

'વલમુરસલાતે ઊરફન' (એવી કસમ છે કે જેને એક પછી એક મોકલવામાં આવ્યા) આના અર્થમાં કેટલાક જુદા જુદા કોલ છે, ઘણા વાયુને કહે છે અને ઊરફનો અસલી અર્થ ઘોડાની ગરદનના વાળ, તેનો અર્થ એ થશે કે એ હવાઓની કસમ કે જે ઘોડાઓના વાળોની જેમ બરાબર ચાલતી રહે છે અને મલાએકા પણ મુરાદ લેવામાં આવે છે કે એ ફરિશ્તાઓની કસમ કે જેને નેકીના હુકમો લઈને અંબિયાની તરફ મોકલવામાં આવે છે અને એક પણ કહે છે કે અંબિયાની કસમ, તેમને નેકીના અહકામ આપીને મોકલ્યા.

એ મલાએકાની કસમ કે જેઓ અલ્લાહનો હુકમ પહોંચાડવામાં ઘણી ઉતાવળથી ચાલનારા છે અથવા એ કે એ વાયુની કસમ કે જે કોઈ કોમ ઉપર અઝાબ લઈ જવા ઉતાવળથી ચાલનારી છે અથવા કુરઆનની આયતોની કસમ કે તે આગલી શરીઅતના અહકામને રદ કરનારી છે.

એ મલાએકાની કસમ કે જેઓ નબીઓ ઉપર શરીઅત વિખેરનાર એટલે જાહેર કરનાર છે અથવા કુરઆનની આયતોની કસમ કે લોકો ઉપર હિદાયત વિખેરનારી છે અથવા વાયુની કસમ કે જે લોકોને રાહત પહોંચાડવા માટે વિખરાઈ જનારી છે.

અને મલાએકાની કસમ કે જેઓ હકને બાતિલથી જુદું કરનાર છે અથવા કુરઆનની આયતોની કસમ કે ભલાઈને બૂરાઈથી જુદું પાડનારી છે અથવા એ વાયુઓની કસમ કે જે વાદળાંને જુદાં પાડનારી છે.

એ મલાએકાની કસમ કે જેઓ પયગમ્બર ઉપર વહી લાવનાર છે અથવા કુરઆનની આયતોની કસમ કે જે ખુદાના ઝિક્રને લોકો ઉપર નાખનાર છે અથવા વાયુની કસમ કે જે ઝિક્રને યાદ અપાવવાનું કારણ છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : દલીલો પૂર્ણ કરવા અથવા બીવરાવવા માટે. (૬)

બેશક જે (કયામત)નો તમને વાયદો કરવામાં આવે છે તે ખચીત જ થઈને રહેનાર છે. (૭)

પછી જ્યારે તારાઓ નિસ્તેજ થઈ જશે.(૮)

અને આસમાનને ફાડી નાખવામાં આવશે. (૯)

અને જ્યારે પહાડ ચૂરેચૂરા થઈ ગયેલા દેખાશે. (૧૦)

અને જ્યારે રસૂલો ઠરાવેલા વખતે ભેગા કરવામાં આવશે. (૧૧)

(આ બધું) કયા દિવસ ઉપર મુલત્વી રાખવામાં આવ્યું છે ? (૧૨)

દલીલો પૂર્ણ કરવા અથવા ડરાવવા માટે છે.

કુદરત કસમ ખાઈને કહે છે કે બેશક કયામતનો તમને જે વાયદો કરવામાં આવ્યો છે તે ખચીત જ થઈને રહેનાર છે. જે વખતે તારાઓ નિસ્તેજ થઈ જશે. જ્યારે આસમાનને ફાડી નાખવામાં આવશે. જ્યારે પહાડ ચૂરેચૂરા થઈ ગયેલા હશે. જ્યારે પયગમ્બરોને તેઓની ઉમ્મત વિષે સાક્ષી આપવા નિર્માણ કરવામાં આવશે, તે વખતે કયામત જાહેર થશે.

આ બધું કયા દિવસ ઉપર મુલત્વી રાખવામાં આવ્યું છે ?

ત્યાર પછીની આયતોનો અનુવાદ : ફેંસલાના દિવસ માટે. (૧૩)

અને તું શું સમજ્યો કે ફેંસલાનો દિવસ શું છે? (૧૪)

તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે. (૧૫)

શું અમોએ આગલાઓનો નાશ નથી કર્યો? (૧૬)

પછી પાછલાઓને તેમની પાછળ લગાડી દઈશું (૧૭)

અમે ગુનેહગારો સાથે એવું જ (વર્તન) ચલાવીએ છીએ. (૧૮)

તે દહાડે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે. (૧૯)

જવાબમાં કહેવામાં આવશે કે તે આજનો દિવસ છે. મોમિનને કાફરથી અને ફરમાબરદારને ગુનેહગારથી જુદા પાડવા અથવા એનો અર્થ એ કે ખલ્કતના દરમિયાન હુકમ કરીને ફેંસલો કરવાના દિવસ માટે એ બાબતને પાછળ રાખવામાં આવી હતી અને તું શું જાણે કે ફેંસલાનો દિવસ શું છે ? તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

ખુદાએ તઆલા કાફરોને ડરાવે છે કે શું અમોએ પહેલાંના જમાનાના લોકોનો નાશ કર્યો નથી કે જેમણે પયગમ્બરોને જૂઠલાવ્યા હતા?

પછી અમોએ તેમની પાછળ બીજાઓને તેમની જેમ હાલાકીમાં નાખીશું, એટલે મક્કાના કાફરો જૂઠલાવવામાં નૂહ (અ.), આદ (અ.) વગેરેની કોમ જેવા છે, માટે તેમની જેમ તેમને પણ હલાક કરીશું અને છેવટે તેઓ જંગે બદરમાં કતલ થયા અથવા એથી મુરાદ મક્કાના કાફરો નહીં પણ લૂત (અ.), શોએબ (અ.) અને મૂસા (અ.)ની કોમના કાફરો છે.

અમે ગુનેહગારો સાથે એવું જ વર્તન ચલાવીએ છીએ તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે. (ક્રમશઃ)

## સાઉદી અરબની નવી શીઆ બનેલ મહિલા

# મોમિના ખાતૂન કૌસર અલ હુસૈની સાથેની મુલાકાત

(સાઉદી અરબની એક મહિલા. ખાતૂન કૌસર અલ હુસૈની નામ.

આ મહિલાએ પોતાના પરિવારજનો સાથે આલે રસૂલ (સ.) હક હોવાના વિષય ઉપર દસ વર્ષ સુધી વાદ વિવાદ ચાલુ રાખ્યો હતો અને છેવટે વાત જ્યારે કરબલાના વાકિઆ સુધી પહોંચી તો તે વાકિઆએ આલે રસૂલ (સ.)ના હકને એટલો બધો સ્પષ્ટ કરી દીધો કે ઘરના માણસો માટે અસ્હાબોના સિલસિલાને ટેકો આપવા માટે કોઇ દલીલ કે સાબિતી બાકી ન રહી. ત્યાર પછી આ મહિલાએ શીઆ મઝહબનો સ્વીકાર કરી લીધાનું એલાન પણ કરી દીધું. આ બાબત ઉપરથી ખબર પડી જાય છે કે જે ઠેકાણે દુનિયામાં ફિત્ના ફસાદનાં વાદળો ઘેરાયેલાં હોય છે ત્યાં તબ્લીગે દીને મોહંમદ (સ.) અને અહલેબૈત (અ.)ની તાલીમનું નૂર પણ ફેલાઇ રહ્યું છે કે જેથી વિશ્વના કોઇ પણ દેશમાં અને માહોલમાં રહેવાવાળો કોઈ પણ માણસ અહલેબૈતે રસૂલ (સ.)ના હકથી અજાણ્યો ન રહી જાય અને બધાયના ઉપર હુજ્જત તમામ થઇ જાય.

કરબલાના વાકિઆમાં તબ્લીગે દીનની કેટલી બધી પ્રચંડ તાકાત રહેલી છે કે આ વાકિઆની અસરથી સાઉદી અરબ જેવા વિસ્તારમાં રહેતી એક મહિલાનું હ્રદય પરિવર્તન થઇ ગયું અને તેણીએ હક મઝહબનો સ્વીકાર કરી લીધો. સાઉદી અરબની નવી શીઆ બનેલ મોમિના ખાતૂન કૌસર અલ હુસૈનીનું જે ઇન્ટરવ્યુ લેવામાં આવ્યું તે નીચે પ્રસ્તુત છે. **—તંત્રી**)

### મોમિના ખાતૂન કૌસર અલ હુસૈની સાથેની મુલાકાત

**સવાલ** : આપે કયારે અને કેવી રીતે હક મઝહબને કબૂલ કર્યો ?

**જવાબ** : ઇ.સ. ૨૦૦૨માં મેં શીઆ મઝહબનું એલાન કર્યું હતું જ્યારે કે એ વખતને દસ વર્ષ થઇ ચૂકયાં છે. મારા મોટા ભાઇ અને બહેન સાથે વાદ વિવાદ ચાલતાં ચાલતાં અલ્લાહ તઆલાએ મારા ઉપર દિલની નજરના દરવાજા ખોલી નાખ્યા અને હકનો રસ્તો બતાવી દીધો.

અમારા વાદ વિવાદનો સિલસિલો જ્યારે કરબલાના વાકિઆ સુધી પહોંચ્યો તો એ વાકિઆની રોશનીમાં તે લાલચુ મુસલમાનોનો સ્વભાવ અને દાનત સ્પષ્ટ થઇ ગઇ કે જેમણે દુનિયાના માલની ખાતર ખિલાફતના હોદ્દાને રાજકીય ચાલબાજી અને બાદશાહતમાં બદલી નાખ્યો. ખુમે ગદીરના એલાનથી બગાવત શરૂ કરી દીધી અને અહલેબૈત (અ.)ના હકમાં અલ્લાહ અને રસૂલ (સ.)ની જે વસિયતો હતી તેનાથી મોઢું ફેરવી લીધું. એટલું જ નહીં, પરંતુ તે વસિયત વિરૂધ્ધ તેમના હકકોને અને તેમના એહતેરામને પાયમાલ કરી દીધા અને તેનાથી વધીને એ કે લાલચ અને જાહેલિયતના જમાનાના છળકપટોએ તેમને એટલા બધા આંધળા બનાવી દીધા હતા કે અહલેબૈત (અ.) ઉપર ઝુલ્મ અને દુ:ખો ખડકી દીધાં અને તેમને બેરહેમીથી કતલ કરી દીધા.

**સવાલ** : કયા કારણે તમારા દિલની નજરે

આવા વિચાર તરફ તમારા ધ્યાનને ફેરવી દીધું?

**જવાબ** : મારી વાલેદા ગિરામી શાફઈ મઝહબ પાળે છે અને તે મઝહબમાં તફઝીલ (હઝરત અલી (અ.)ને પ્રથમ ત્રણ ખલીફાઓમાં સર્વશ્રેષ્ઠ માનવા)નો અકીદો મોજૂદ છે કે જેના કારણે મારી માતાએ પંજેતન પાક (અ.)ની મોહબ્બત અમારા દિલોમાં બેસાડી દીધી હતી અને મને એ ખબર નથી કે તેનું ખાસ કારણ શું છે. અજ્ઞાત્ રીતે જ મને મૌલા હુસૈન (અ.) પ્રત્યે સૌથી વધારે ઈશ્ક હતો. હું મકતલની અને મસાએબની કિતાબો પઢતી હતી અને મને યાદ છે કે જે વખતે હું એ રિવાયતને પઢતી હતી કે સૈયદા ઝયનબ (સલા.) આખરી સમયે પોતાના ભાઈને વિદાય કરવા લાગ્યાં તો બેહોશ થઈ ગયાં ત્યારે મારા દિલમાં અજબ પ્રકારની હાલત પેદા થઈ જતી હતી જેના કારણે કેટલીય વખત ઝીણવટભર્યો અભ્યાસ કરવા છતાંય હું એ રિવાયતને પૂરે પૂરી પઢી પણ શકી નથી. અલબત્ત ખુત્બાઓ દ્વારા આ રિવાયતને સંપૂર્ણપણે સાંભળી છે ખરી કે જેના લીધે હકની તલાશના કાર્યમાં હંમેશાં વધારો થયો છે.

**સવાલ** : શીઆ મઝહબના અકીદાઓ અને ઉસૂલોની બાબતમાં તમને કદી કોઈ શક પેદા થયો છે ખરો ?

**જવાબ** : ના. એવી કોઈ શંકા કુશંકા પેદા નથી થઈ. અલબત્ત કેટલાક એવા દ્રષ્ટિકોણ છે કે જેમને હું હજી સુધી સમજી નથી શકી. તેમને મેં અલગ સવાલોના સ્વરૂપમાં સુરક્ષિત કરી લીધા છે અને કોશિશમાં છું કે જ્યારે વિચારો વધારે બુલંદ થઈ જાય અને માહિતીમાં વધારો થઈ જાય તો પછી તેની ચર્ચા કરું.

**સવાલ** : એવું કોઈ ખાસ કારણ છે ખરું કે જેણે આપને શીઆ મઝહબમાં વધારે મજબૂત બનાવી દીધાં હોય ?

**જવાબ** : અહીંયાં કેટલીક બાબતો છે કે જે અહલેબૈતનો મઝહબ ધરાવનારાઓમાં મેં જોઈ છે અને અન્ય લોકોમાં મોજૂદ નથી તેના કારણે સારો એવો સંતોષ મળ્યો છે અને દિલને શાંતિ મળી છે. ઉદાહરણ તરીકે તેમનો અહલેબૈત (અ.)નો સ્વીકાર અને માઅરેફત ધરાવવી, અદ્લ અને ઈન્સાફ, અમન અને સલામ, સાદગી, રૂહ અને અકલની એવી બુધ્ધિગમ્ય તફસીર કે જે બીજાઓ પાસેથી સાંભળી નથી, લિબાસ તેમજ બદનની પાકીઝગી, તહારત, મઝહબી હમદર્દી, મજલિસે અઝામાં ખૂબ પાબંદીથી હાજર થવું, માઅસૂમીન (અ.)થી મન્કૂલ દુઆઓને પાબંદીની સાથે પઢવી, આ બધી બાબતો રૂહને એવી રીતે રાહત આપે છે કે જેવી રીતે ખૂબ તરસ અને ગરમીની હાલતમાં ઘણા વિલંબ પછી કોઈને પાણી મળવાથી ઠંડક મહેસૂસ થાય છે.

અલ્હમ્દોલિલ્લાહ ! ખુદાવંદે તઆલાએ મને હકનો રસ્તો અને અહલેબૈત (અ.)નો દરવાજો બતાવ્યો છે કે જે રિસાલતે મોહંમદીયા (સ.)ની સાચી અને અસલી દર્સગાહ છે. હું આ વખતે શીઆ મઝહબમાં આવીને પોતાની જાતને એવી મહેસૂસ કરું છું કે જેવી રીતે કોઈ ખોવાઈ ગયેલા નાના બાળકને માતાની ગોદ

મળી ગઇ હોય.

**સવાલ** : કોઇ એવી અલગ તરી આવતી બાબત છે કે જે આપને મઝહબે શીઆમાં સૌથી અલગ મહેસૂસ થતી હોય ?

**જવાબ** : આ મઝહબમાં ઇબાદતની અદાયગી બિલકુલ આસાન છે. લોકો સાદા છે એટલે કે ફિત્નો પેદા કરે તેવા અને આવેશવાળો મિઝાજ ધરાવતા નથી. બીજા મુસલમાનોની માફક અન્ય ફિરકાના લોકોને 'કાફિર', 'કાફિર' કહેવાનો શોરબકોર નથી જોવા મળતો. મુસલમાનનું કે ગૈરમુસ્લિમનું ખૂન વહાવવું જાએઝ સમજતા નથી જેવી રીતે કે બીજા મઝહબોમાં આ પ્રકારની અતિશયતા મોજૂદ હોય છે અને સૌથી વિશિષ્ટ બાબત તો એ છે કે દીનને અને શરીઅતને અહલેબૈત (અ.)ની પાસેથી મેળવે છે કે જે અલ્લાહનો દીન અને શરીઅતે મોહંમદીનો અસલી મકસદ છે. દરેક જણ ગમે તેવા માણસ દ્વારા હદીસો નથી લેતો.

**સવાલ** : શીઆ મઝહબ ધરાવનાર લોકો શું તમને એવા જોવા મળ્યા કે જેવા તેઓ હોવા જોઇએ?

**જવાબ** : અહીં મારે અફસોસની સાથે કહેવું પડશે કે એ બાબત કેટલી બધી સારી હોત કે જેવો મઝહબ સારો છે તેવા તેને માનનારા લોકો પણ સારા હોત. કેટલીક વખત તો મને એવું લાગે છે કે ભાષાને અને કોમને લક્ષ્ય બનાવીને કેટલાક લોકો ધાર્મિક પક્ષપાતથી કામ લે છે પરંતુ એવું કરવું જોઇતું ન હતું. જોકે ઘણી વખત દેશમાં સંખ્યાની દ્રષ્ટિએ ખૂબ ઓછા હોય છે તો બીજા ગરીબ શીઆ કે જેઓ અરબી ભાષાથી દૂર છે અથવા તો મઝહબી ઇલ્મી કેન્દ્રોથી દૂર હોય છે, તેમને પણ પોતાની કોમના માણસો સમજવા જોઇએ ન કે તેમની દૂરીને નિશાનો બનાવીને વધારે દૂર કરવા જોઇએ.

**સવાલ** : શું તમે બીજા લોકોને શીઆ મઝહબની તબ્લીગ કરો છો ખરાં ?

**જવાબ** : હા. ઇન્ટરનેટ દ્વારા અને મારી ફેમિલીની હદ સુધી. વાલિદ સાહેબને હજુ સુધી અમે શીઆ હોવાનું બતાવ્યું નથી. મને વાલેદાએ ના પાડી છે કે ઘરની બહાર આવી કોઇ તત્પરતા બતાવવાથી મુશ્કેલીઓ સર્જાઇ શકે તેમ છે. ખુદા કરે આ પાબંદી પણ ઊઠી જશે. અલબત્ત મઝહબી દ્રષ્ટિએ મુનાસિબ બાબતો ઉપર માઅસૂમીન (અ.)ના રોઝાઓ, તસ્વીરો અને ફરમાનોવાળાં કાર્ડઝની ડિઝાઇન બનાવીને હદિયા તરીકે આપું છું.

**સવાલ** : તમારા અકીદાઓમાં અને જાણકારીમાં વધારો કરવા માટે આજકાલ તમે કઇ કિતાબ અથવા તો ધાર્મિક કાર્યક્રમમાં મશગૂલ છો ?

**જવાબ** : ઇન્ટરનેટ પર મરાજેઅ કિરામની વેબસાઇટથી તેહકીકી અબ્હાસને જોઉં છું અને જો યોગ્ય સમય મળી જાય તો સૈયદ કમાલ અલ હૈદરી, શેખ અબ્દુલ હમીદ અલ મુહાજિર, સૈયદ કઝવીની એહમદ વાઇલીની મજાલિસો શીઆ ચેનલ દ્વારા સાંભળી લઉં છું.

(કરબલાથી પ્રગટ થતા "રૌઝએ હુસૈની" નામના સામયિકના લેખનો અનુવાદ)

# રૂહાની સુકૂનનો અનુભવ

ફ્રાન્સ દેશના નાગરિક.

ઉસ્લા કીમરૂનના રહેવાસી.

અહલે સુન્નતના આલિમ અને મુફ્તી.

ઉલમાઓના ચેરમેન.

શેખ સાન્કૂ મોહંમદી એમનું નામ.

અહલે સુન્નતના આ આલિમે એક વાર કરબલાની સફર કરવાનો વિચાર કરવાનો ઈરાદો કર્યો. પરંતુ મિત્રોએ અને નિકટના સ્વજનોએ મનાઈ કરતાં કહ્યું કે અત્યારે ઈરાકમાં અશાંતિનું વાતાવરણ છે. પરિસ્થિતિ ખરાબ છે. તમે કેવા ઠેકાણે જઈ રહ્યો છો ?

પરંતુ શેખ સાહેબે આ બધી સલાહની અવગણના કરી અને ઈરાક પહોંચી ગયા. ઈરાકમાં કરબલાની આ તેમના જીવનની પહેલી ઝિયારત હતી. ઈરાક આવ્યા પછી તેઓ પોતે જ જણાવે છે :

"જ્યારે હું ઈરાકમાં આવ્યો અને ખાસ કરીને કરબલા પહોંચ્યો તો મને ખૂબ અજબ પ્રકારનું રૂહાની સુકૂન મળ્યું કે જેની હું કલ્પના પણ કરી શકતો નથી. ઈરાકી લોકો મને જે પોતીકાપણા અને મોહબ્બતના ભાવ સાથે મળ્યા તે તો મારા વિચારોમાં કે કલ્પનામાં પણ ન હતું. કરબલાની બાબતમાં મારા વિચારો જુદા જ પ્રકારના હતા."

આલે મોહંમદ (સ.)નો મઝહબ કેટલો બધો મહાન છે કે તેનું નૂર દિલના ઊંડાણો સુધી પહોંચી જાય છે અને દિલ મુનવ્વર થઈ જાય છે.

અહલે સુન્નતના આ આઝાદ આલિમે દીન, ઈમામ હુસૈન (અ.)ની ઝરીહ મુબારકને વળગી પડ્યા અને પોતાના આંસુઓ રૂપી અકીદતનાં



નજરાણાં પેશ કરી દીધાં અને કહેવા લાગ્યા,

"મૌલા ! મને માફ ફરમાવજો કે હું આટલાં વર્ષો સુધી તો હકીકતથી વાકેફ જ નહોતો. હવે આજથી મને હુસૈનીઓમાં ગણી લેજો."

છેલ્લા ૪૩ વર્ષોથી ફ્રાન્સમાં ઉસ્લા કીમરૂનમાં રહેતા આ આલિમને સવાલ કરવામાં આવ્યો,

"તમને શીઆ લોકો કેવા લાગ્યા ?"

તો તેના જવાબમાં તેમણે કહ્યું,

"મને અફસોસ થાય છે કે મેં મારી જિંદગીનાં ૬૮ વર્ષો નાદાનીમાં પસાર કર્યાં. અસલી ઈસ્લામ શીઆ મઝહબ છે. ઈસ્લામની અસલી રૂહ મેં જોઈ. આજે મારું દિલ અને દિમાગ આઝાદ છે. હું સાચા અર્થમાં સમજી વિચારી શકું છું. હું જોઈ રહ્યો છું કે અસલી ઈસ્લામ શીઆઈ ઈસ્લામ છે. હું જ્યારથી કરબલામાં આવ્યો છું ત્યારથી મને ઈસ્લામની રૂહ નજરે પડે છે અને તે પણ શમ્અની સૂરતમાં. હું આજથી અહદ કરું છું કે હું એક શીઆ તરીકે જિંદગી પસાર કરીશ."

(કરબલાથી પ્રગટ થતા "રૌઝએ હુસૈની" નામના સામયિકના લેખનો ભાવાનુવાદ)

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## TYRANNY (જુલમ/અત્યાચાર)

**پادشاهی کو روا دارد ستم بر زیردست**
**دوستدارش روز سختی دشمن زورآور است**
**با رعیت صلح کن وز جنگ خصم ایمن نشین**
**زانکه شاهنشاه عادل را رعیّت لشکر است**

**પાદશાહી કૂ રવા દારદ સિતમ બર ઝેરે દસ્ત**
**દોસ્તદારશ રોઝે સખ્તી દુશ્મન ઝોરાવર અસ્ત**
**બા રઐત સુલ્હ કુન વઝ જંગ ખસમ અયમન નશીન**
**ઝાન્કા શાહનશાહ આદિલ રા રૈયત લશ્કર અસ્ત**

(જે રાજા પોતાની નબળી રૈયત ઉપર જુલમ કરે છે તે જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે તેને શક્તિશાળી દુશ્મનો સાથે પનારો પડે છે. તમારી રૈયત સાથે સુમેળ કરો અને દુશ્મનો સાથેના જંગથી સલામત બની જાઓ કેમકે ન્યાયપ્રિય રાજા માટે તેની રૈયત જ લશ્કર છે.)

**ای زبردست زیردست آزار**
**گرم تا کی بماند این بازار؟**
**به چه کار آیدت جهانداری؟**
**مُردنت بِه که مردم آزاری**

**અય ઝબરદસ્ત ઝેર દસ્ત આઝાર**
**ગર્મ તા કસી બમાનદ ઐન બાઝાર?**
**બે ચે કાર આયદત જહાંદારી?**
**મુર્દનત બે કે મર્દમ આઝાદી**

(અય શક્તિશાળી વ્યક્તિ કે જે પોતાની રૈયત ઉપર જુલમ કરે છે ! તું કેટલા લાંબા સમય સુધી જુલ્મ કરતો રહીશ ? તારી સર્વોપરિતા શું કામની ? તું મરી જાય અને રૈયત ઉપર ત્રાસ ન ગુજારે એ બાબત સારી છે.)

**ظالمی را خفته دیدم نیمروز**
**گفتم این فتنه است، خوابش برده بِه**
**آنکه خوابش بهتر از بیداری است**
**آنچنان بد زندگانی مرده بِه**

**ઝાલમી રા ખુફ્તા દીદમ નીમરોઝ**
**ગુફ્તમ ઐન ફિત્ના અસ્ત, ખ્વાબશ બર્દા બે**
**આંકા ખ્વાબશ બહેતર અઝ બેદારી અસ્ત**
**આંચનાન બદ ઝિંદગાની મુર્દા બે**

(મેં એક જાલિમને ખરા બપોરે સૂઈ રહેલો જોયો. મેં કહ્યું, "તે દુષ્ટ છે. એ સારું છે કે તે સૂઈ રહે છે." તે જે જાગતો હોય તેના કરતાં ઊંઘેલો હોય તે વધારે સારી બાબત છે. તેનું જીવન દુષ્ટતાભર્યું હોય તેના કરતાં તો તેના માટે મોત બહેતર છે.)

**دوران بقا چو باد صحرا بگذشت**
**تلخی و خوشی و زشت و زیبا بگذشت**
**پنداشت ستمگر که جفا بر ما کرد**
**در گردن او بماند و بر ما بگذشت**

**દૌરા ન બકા ચૂ બાદ સહરા બગઝશ્ત**
**તલ્ખી વ ખુશી વ ઝિશ્ત વ ઝૈબા બગઝશ્ત**
**પન્દાશ્ત સિતમગર કે જફા બર મા કર્દ**
**દર ગર્દન અવ બમાનદ વ બર મા બગઝશ્ત**

(જીવનનો સમયગાળો રણમાં આવતા

વંટોળિયાની માફક ચાલ્યો ગયો. કડવું, મીઠું, કદરૂપુ અને સુંદર બધું જ પાસે થઈને પસાર થઈ ગયું. જાલિમ એવી કલ્પના કરે છે કે તેણે આપણા ઉપર જુલમ કર્યો પરંતુ વાસ્તવમાં તે એવો છે કે જે પોતાના ગુનાહોનો બોજો સહન કરે છે જ્યારે આપણી યાતનાઓ તો પસાર થઈ જતી હોય છે.)

**نَمانَد ستمکار بــد روزگــار**

**بِـمـانَـد بـر او لَعنتِ پایـــدار**

**નમાનદ સિતમગારે બદ રોઝગાર**

**બિમાનદ બર અવ લાઅનતે પાયદાર**

(દુષ્ટ જાલિમ બહુ લાંબા સમય સુધી જીવતો રહેતો નથી પરંતુ તેનો ભોગ બનેલી વ્યક્તિઓની લાઅનતો તો તેના ઉપર સદાયને માટે ચાલુ જ રહે છે.)

**بــد اختـرتر از مَـردُم آزار نیست**

**که روزِ مُصیبت کَسَش یار نیست**

**બદ અખ્તર તર અઝ મર્દમ આઝાર નીસ્ત**

**કે રોઝે મુસીબત કસશ યાર નીસ્ત**

(જાલિમ માણસના કરતાં વધારે કમનસીબ માણસ બીજો કોઈ નથી કેમકે મુસીબતના સમયે તેનો કોઈ મિત્ર હોતો નથી.)

**اگــر ز بــاغ رعیّــت مَلک خــورد سـیـبی**

**بـرآورنـد غـلامــــان او درخـــت از بـیــخ**

**بـه پنج بیضـه کـه سلطان ستـم روا دارد**

**زننـد لشـکـریانــش هـــزار مـرغ به سیـخ**

**અગર ઝ બાગ રઐત માલિક ખૂરદ સૈબી**

**બર આવરનદ ગુલામાન અવ દરખ્ત અઝ બૈખ**

**બે પંજ બૈઝા કે સુલતાન સિતમ રવા દારદ**

**ઝનન્દ લશ્કર યાનશ હઝાર મર્ગ બ સૈખ**

(જો રાજા પોતે જ કોઈ ખેડૂતના બગીચામાંથી એકાદ સફરજન ખાઈ લે તો રાજાના નોકરો (સફરજનના) તે ઝાડને જ જડમૂળથી ઉખેડી નાખશે. અને જો રાજા બળજબરીપૂર્વક કોઈ ખેડૂતનાં પાંચ ઈંડાં લઈ લેશે તો તેના સૈનિકો તે ખેડૂતનાં હજારો પક્ષીઓ બળજબરીથી ઉપાડી જશે.)

**UGLINESS (કદરૂપતા/બેડોળપણું)**

**تـو گـویـی تـــا قیامــت زشـت رویــی**

**بر او خـتـم اسـت و بـر یوسـف نکویـی**

**તૂ ગવી તા કયામત ઝિશ્ત રવી**

**બર અવ ખતમ અસ્ત વ બર યૂસુફ નગવી**

(જેવી રીતે હઝરત યૂસુફ પયગમ્બર (અ.) ખૂબસૂરતીનું સાક્ષાત્ સ્વરૂપ છે તેવી જ રીતે તમે કદાચ એવું કહી શકો કે તે કયામતના દિવસ સુધી કદરૂપતાનું લઘુ સ્વરૂપ છે.)

**کـــس نـیـایـد بــــه پـای دیــــواری**

**کـه بـر آن صـورتــت نـــگار کـنـنـــد**

**گـــر تـرا در بهـشـت باشـــــد جـای**

**دیـــگـران دوزخ اخـــتـیـــار کـنـنـــد**

**કસ નયાયદ બે પાયી દીવારી**

**કે બર આન સૂરતત નિગાર કુનનદ**

**ગર તરાદર બેહિશ્ત બાશદ જાયી**

**દીગરાન દોઝખ ઈખ્તિયાર કુનનદ**

(એ દીવાલ સુધી કોઈ પણ પહોંચી નહીં શકે કે જ્યાં તમારી તસ્વીર દોરેલી હોય. જો તમે બેહિશ્તમાં પ્રવેશ મેળવશો તો બીજા લોકો દોઝખમાં જવાનું પસંદ કરશે.)

## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.3**

ભાષા : બરહા

**સુન સુન ભાઇ દીન કે, એ બાત મેરી માન રે,**
**બીબી તો ફાતેમા નામ હે, ખુબી અનુકી જાન રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય મારા દીનના ભાઇઓ ! મારી આ વાત તમે સાંભળો. હઝરત બીબી ફાતેમા (અ.)ના નામની ખૂબી તમે જાણો.)

**બેટી એ ખાતમ અંબીયા, કેરી કા ધરીયા નામ રે,**
**બેહિશ્ત હે બનાઇ રબ્બને, ખુબ કીયા અનુકા ઠામ રે.**

(ખાતમ અંબિયા હઝરત મોહંમદ મુસ્તફા (સ.)નાં બેટીનું નામ **'ફાતેમા'** ધરવામાં આવ્યું છે. અલ્લાહ તઆલાએ જે બેહિશ્ત બનાવેલી છે તેમાં આપ (અ.)નું સ્થાન મુકર્રર કરેલું છે.)

**સૈયદ સાચે જાનીએ, બીબી એ સીફત સહી રે,**
**એ ખુબી બીબી કેરડી, સુન સુન મેં લખ કર લહી રે.**

(હઝરત બીબી ફાતેમા (અ.)ની એક સિફત એ છે કે આપ (અ.) સૈયદ (સ્ત્રીઓનાં સરદાર) છે એ બાબતને સાચી જાણો. આપ (અ.)ની આ ખૂબીને સાંભળી સાંભળીને લખી રાખો.)

**સૈયદ સારી ઓરતાંકી, હય એ બીબી ફાતેમા,**
**રબકે કરમસુ ઓરતાં, જાવે રે જેતી બેહિશ્તમાં.**

(હઝરત બીબી ફાતેમા (અ.) સઘળી ઓરતોનાં સરદાર છે. અલ્લાહ તઆલાની મહેરબાનીથી જે ઓરતો જન્નતમાં જશે તેમનાં આપ (અ.) સરદાર છે.)

**ઓરતાં જે હોવે બેહિશ્તી, પેઠે જે બેહિશ્તકે બાર રે,**
**બીબી સૈયદ હે અનુકે, જાને જે નામ રે.**

(જે ઓરતો બેહિશ્તમાં હશે તેમનાં અને જે ઓરતો બેહિશ્તની બહાર હશે તે બધી ય ઓરતોનાં નામ હઝરત બીબી ફાતેમા (અ.) જાણે છે.)

**ખાતુન કયામત દીનકે, બુઝો બીબીકા નામ રે,**
**બીબી એસે હે બુઝીએ, કયામત કેરે ઠામ રે.**

(એ પણ સમજી લો કે કયામતના દિવસે હઝરત બીબી ફાતેમા (અ.) ખાતૂને કયામતના નામથી ઓળખાશે. કયામતના દિવસે આપ (અ.)નો આવો દરજ્જો હશે.)

**બીબી કયામત દીનકે, એ ભી સીફત જાનો સહી,**
**સીફતાં બીબી કેરડી, લખી તો હે ઠામ કહી.**

(ખાતૂને કયામત એટલે કે કયામતના દિવસનાં (ઓરતોની શફાઅત કરનાર) બીબી તરીકે આવશે. આવી આપ (અ.)ની સિફતો છે કે જે ઠેર ઠેર લખવામાં આવી છે.)

**દામન અરશકા હાથ લે, રોવેંગે બીબી ફાતેમા,**
**હશર જબ હોવે સહી, કયામત કે મેદાનમાં.**

(કયામતના મેદાનમાં જ્યારે બંદાઓના હશ્ર થશે – હિસાબ–કિતાબ થશે ત્યારે (શફાઅત કરવા માટે) બીબી ફાતેમા (અ.) અર્શનો દામન હાથમાં પકડીને રડશે.)

**આપ તો રબ શરમાય કર, અરજ સુનસે કાન રે,**
**બીબી સાહેબકા મરતબા, એસા તો હે તું માન રે.**

(જ્યારે બીબી ફાતેમા (અ.) આવી રીતે રડશે ત્યારે રબ્બુલ આલમીન શરમાઈ જશે અને આપ (અ.)ની અરજને સાંભળશે. (અલ્લાહની જનાબમાં) બીબી ફાતેમા (અ.)નો આવો મરતબો છે તે બાબતને તું માની લે.)

### બયાન નં.૪

**બરસ ચાલીસ એકકી, જબ ઉમ્મર રે કહીએ,**
**સો નબીજી અપનેકી ઉમ્મર એ લહીએ.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે જ્યારે નબી સાહેબની પોતાની ઉંમર ચાલીસ અને એક એટલે કે એકતાલીસ વર્ષની હતી.)

**તબ બીબી સાહેબકા જનમ રે જાનો,**
**સો નબુવ્વત બાદ, સહી રે પછાનો.**

(નબી (સ.)ની ઉંમર જ્યારે એકતાલીસ વર્ષની હતી ત્યારે હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.)નો જન્મ થયો હતો. આપ (અ.)નો જન્મ નબુવ્વત (ની જાહેરાત થઈ ત્યાર) પછી થયો હતો.)

**બીબી ફાતેમાકા જનમકા, બુઝો રે સાલા,**
**ઉંમર ચાલીસ એક, બરસ નબીજીકા હાલા.**

(નબી સાહેબની ઉંમર એકતાલીસ વર્ષની થઈ હતી ત્યારે તે વર્ષ બીબી ફાતેમા (અ.)ના જન્મનું વર્ષ છે તે તમે જાણો.)

**તબ ફાતેમા તુઝ ઝેહરા, જનમે રે સુણાએ,**
**એ જનમ હો કેરા, દન લખેસું પાએ.**

(તે વખતે બીબી ફાતમાતુઝ ઝેહરા (સલા.) જન્મ્યાં હતાં. આ રીતે આપના જન્મનો દિવસ લખવામાં આવ્યો છે.)

**હુએ પંદર બરસ, પાંચ રે માસા,**
**ભી પંદર દન, કહીએ ઉમ્મરકે ખાસા.**

(જ્યારે બીબી ફાતેમા (અ.)ની ઉંમર પંદર વર્ષ, પંદર મહિના અને પંદર દિવસની થઈ...)

**તબ બીબી સાહેબકા, બીયા રે કરાયા,**
**સો હુકમ તો રબકા, જ્યું થા રે આયા.**

(...ત્યારે બીબી ફાતેમા (અ.)ના બ્યાહ એટલે કે નિકાહ કરવામાં આવ્યા હતા. આ હુકમ અલ્લાહ તઆલા તરફથી આવ્યો હતો.)

**સો મુરતઝા અલીસુ, બીયા રે કરાયા,**
**સો હુકમ તો રબકા, જ્યું થા રે આયા.**

(અલ્લાહ તઆલા તરફથી જેવો હુકમ આવ્યો હતો તે મુજબ બીબી ફાતેમા (અ.) ના નિકાહ હઝરત અલી મુર્તઝા (અ.) સાથે કરવામાં આવ્યા હતા.)

**હે ફાતેમા બીઝઅત, મેરી નબીજીએ આખા,**
**સો પુજાકે નામસુ બોલ બીઝઅત દાખા.**

(નબીએ કરીમ (સ.)એ ફરમાવ્યું છે કે ફાતેમા (અ.) મારા શરીરનો ટુકડો છે. આવું

કહેવા પાછળનો આપનો આશય એ હતો કે ફાતેમા (અ.) પણ મારી માફક જ તમારા માટે સન્માનપાત્ર છે.)

**જે ગુસ્સા કરે બીબીકુ, એને મુઝે રે કીતા,**
**એ ફરમુદા નબીકા, હે સુન કર લીતા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે નબી સાહેબનું આવું ફરમાન મેં સાંભળીને અહીં લખ્યું છે કે જે માણસે બીબી ફાતેમા ઝેહરા (અ.) ઉપર ગુસ્સો કર્યો તો તેણે મારા ઉપર ગુસ્સો કર્યા બરાબર છે.)

**સો બુખારી કિતાબકે, માંહી રે લખાયા,**
**એ સુન સુન મોમિનો, દલ સોચ યું આખા.**

(ઉપર મુજબનું નબી (સ.)નું ફરમાન સહીહ બુખારી નામની કિતાબમાં લખવામાં આવ્યું છે તો અય મોમિનો ! આ બાબતને સાંભળીને તમે તમારા દિલમાં આવો વિચાર લાવો.)

**રે તુંહી**
**ફરમુદા અપને નબીકા,**
**એસા હે સુન જાન રે, એસા હે સુન જાન;**
**ફાતેમાકુ ગુસ્સા જે કરશે**
**ઉને મુઝે કીયા હે માન રે, ઉને મુઝે કીયા હે માન.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે આપણા નબી (સ.)નું એવું ફરમાન છે કે જેને તમે સાંભળીને જાણી લો કે જે કોઈ બીબી ફાતેમા (અ.) ઉપર ગુસ્સો કરશે તેણે મારા ઉપર ગુસ્સો કર્યો એવું તમે માનજો.) ✻


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



**ગેલેક્સી ઈન્ફોટેક**

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

| Blog બ્લૉગ | : લેખન :<br>હાજર પીર સૈયદ મોહંમદ<br>મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) |
| --- | --- |
| Ref : Wayfaring (My search for Truth) | |

- **Communion** (એકરૂપતા)

  When you become one with Truth, your desire and your duty become one and the same thing.

  જ્યારે તમે હક(સચ્ચાઇ)ની સાથે એકરૂપ થઇ જાઓ છો તો તમારી ઇચ્છા અને તમારી ફરજ પણ તેની સાથે એકરૂપ અને તેના જેવી જ થઇ જાય છે.

- **Goodness** (ભલાઇ)

  If you're so good and others are so bad that a mere sight of them makes you angry, well, how good is your goodness?

  જો તમે ખૂબ જ ભલા માણસ હો અને બીજા માણસો એટલા બધા ખરાબ માણસો હોય કે તેમના તરફ માત્ર એક નજર પડતાંની સાથે જ તમે ગુસ્સે થઇ જતા હો, અચ્છા, તો પછી તમારી ભલાઇ કેટલા અંશે સારી કહેવાય ?

- **Innocence** (નિર્દોષતા)

  If you can admit that you are guilty, you are innocent in the real sense.

  જો તમે એવી કબૂલાત કરતા હો કે તમે ગુનેગાર છો તો તમે સાચા અર્થમાં નિર્દોષ છો.

- **Dead and Alive** (મરેલા અને જીવતા)

  The ever-insecure man always fears a person who is alive, and always sings praises of the person who is dead and, therefore, cannot harm him.

  કાયમી અસલામતી ધરાવતો માણસ એવા માણસથી ગભરાય છે કે જે જીવિત હોય છે અને હંમેશાં એવા માણસનાં ગુણગાન ગાતો હોય છે કે જે મરી ગયેલો હોય છે અને તેથી જ તો તેને હાનિ પહોંચાડી શકતો નથી.

- **Greatness** (મહાનતા)

  If you can break through the language of yours and mine, and speak a universal language, you will attain greatness.

  જો તમે તમારી અને મારી ભાષાને બાજુએ મૂકી શકતા હો અને કોઇ સાર્વત્રિક ભાષા બોલી શકતા હો તો તમે મહાનતા પ્રાપ્ત કરવાના.

- **Beauty** (સુંદરતા)

  Don't try to stick to your youth. Accept every age of yours at its own merit. You'll find that you're beautiful at every age.

  તમે તમારી યુવાની સાથે ચીટકેલા રહેવાનો પ્રયત્ન ન કરો, તમારી ઉંમરના દરેક તબક્કાને તેની પોતાની ગુણવત્તા સાથે સ્વીકારી લો. તમે જોશો કે તમે દરેક ઉંમરે સુંદર જ છો.

- **Memories** (સ્મૃતિઓ/યાદદાસ્ત)

  Keep leaving your footprints on the path of time. Those footprints will be your immortal existence.

  સમયના (જમાનાના) રસ્તા ઉપર તમારા પગલાંનાં નિશાન છોડતા જાઓ. એ પગલાંનાં નિશાન તમારી અમર હયાતી બનશે.

- **Success** (સફળતા)

  Who should be more successful, the skill acquiring labourer or the money acquiring employer?

  વધારે સફળ કોણે બનવું જોઈએ, કુશળતા પ્રાપ્ત કરતા મજૂરે કે પૈસા એકઠા કરતા માલિકે?

- **My Weapon** (મારું હથિયાર)

  Let me not worry about weapons too much. Let me stick to my special weapons - my faith in God and my prayers.

  મને હથિયારો વિશે વધારે ચિંતા કરવા ન દેશો. મને તો મારાં ખાસ હથિયારો – અલ્લાહમાં રહેલા મારા ઈમાનને અને મારી નમાઝો–ને વળગી રહેવા દો.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# અરબની મલેકા

"શાદી કરવી એ મારી સુન્નત છે અને જે મારી સુન્નતની અવગણના કરે છે તે અમારામાંથી નથી." (હદીસે રસૂલ (સ.))

આ સંદેશ અલ્લાહના આખરી નબી મોહંમદ (સ.)નો છે કે જેમણે સૌથી ઉચ્ચ સ્તરની શરીઅતની તબ્લીગ કરી અને સૌથી ઉચ્ચ સ્તરનું ઉદાહરણરૂપ જીવન પસાર કર્યું.

રસૂલ (સ.)એ જે સિધ્ધાંતોનો પ્રચાર કર્યો તે જ સિધ્ધાંતો પોતાના પવિત્ર જીવનમાં અપનાવ્યા હતા અને જે સિધ્ધાંતોનો આપ (સ.)એ પ્રચાર કર્યો તે શરીઅત અને સુન્નત તરીકે જાહેર થયા.

બ્રહ્મચર્ય અથવા સંસારત્યાગ એ બિનકુદરતી બાબત છે અને તે માનવજાત માટે લાભકારી હોઈ શકે જ નહીં અને આમ ૨૫ વર્ષોની યુવાન વયે સ્થાયી જીવન શરૂ કરવા માટે રસૂલ (સ.)એ લગ્ન કર્યાં અને આ હેતુ માટે પોતાના જેટલા જ પાક ખાનદાન બની અસદમાં જન્મેલા તોહીદ ઉપર ઈમાન ધરાવનાર ખુવેલ્દનાં બેટી ખુદેજતુલ કુબરા (સ.)ને પસંદ કર્યાં. ખુદેજતુલ કુબરા ચાલીસ વર્ષો સુધી અપરિણીત રહ્યાં હતાં. તેમણે આ પહેલાં લગ્ન માટે આવેલા બધા પ્રસ્તાવો નકાર્યા હતા અને પવિત્રતા સાથે એકાકી જીવન પસાર કર્યું હતું એટલે સુધી કે લોકો તેમને તાહેરા તરીકે ઓળખવા લાગ્યા હતા. છેવટે તેમણે રસૂલલ્લાહ (સ.)ને પસંદ કરીને આપ (સ.)ની સાથે લગ્ન કર્યાં હતાં. આ લગ્ન સમયે રસૂલ (સ.)એ પોતાની રિસાલતની જાહેરાત કરી નહોતી. તે સમયે આપ (સ.) ને ઈસ્લામના પયગામની તબ્લીગ કરવાનો અલ્લાહ તરફથી આદેશ મળ્યો નહોતો અને અબ્દુલ્લાહના યતીમ અલ્લાહના રસૂલ તરીકે જાહેર થવાના છે તેવો કોઈને સ્વપ્ને ય આભાસ નહોતો. ખુદેજતુલ કુબરાને પણ પોતે ઉમ્મુલ મોમિનીનના દરજ્જા સુધી પહોંચવાનાં છે તેવો ખ્યાલ નહોતો. આવા સંજોગોમાં પણ અરબસ્તાનની આ સૌથી ધનવાન મહિલાએ મોહંમદ (સ.)ને શૌહર તરીકે પસંદ કર્યા હતા. આ નિકાહ હઝરત અબૂતાલિબ (અ.)એ પઢાવ્યા હતા. આ એ જ અબૂતાલિબ હતા કે જેમણે તેમની ઝૌજા ફાતેમા બિન્તે અસદ સાથે મળીને તેમના યતીમ ભત્રીજાને બેટા તરીકે ઉછેર્યા હતા.

રસૂલ (સ.)એ બીબી ખુદેજતુલ કુબરા (સ.) સાથેના ૨૫ વર્ષોના લગ્ન જીવન દરમિયાન કદી પણ કોઈ બીજી સ્ત્રી સાથે નિકાહ કરવાનો વિચાર સુધ્ધાં કર્યો નહોતો. બીબી ખુદેજતુલ કુબરા (સ.)એ સૌથી પહેલાં ઈસ્લામની સચ્ચાઈની ગવાહી આપી હતી અને પોતાની બધી જ ધન દોલત ઈસ્લામની તબ્લીગના કામ માટે ખર્ચ કરવા રસૂલ (સ.)ને આપી દીધી હતી. જ્યારે આ બીબીની વફાત થઈ ત્યારે તેમની પાસે તેમની એકની એક દીકરી ફાતેમા ઝહરા

(સ.) સિવાય બીજું કાંઈ જ નહોતું.

જ્યારે જ્યારે ભવિષ્યમાં ઈસ્લામ ઉપર ખતરો ઊભો થયો ત્યારે ત્યારે બીબી ખુદેજતુલ કુબરાની ઓલાદ જ ઈસ્લામની મદદ માટે આગળ આવી. રસૂલલ્લાહ (સ.)એ બીબી ખુદેજતુલ કુબરા વિષે હદીસ બયાન કરી છે જેના શબ્દો આ મુજબ છે :

"અલ્લાહની કસમ, અલ્લાહે મને તેમના કરતાં વધારે સારી પત્ની એનાયત કરી નથી. જ્યારે લોકો મારી ઠેકડી ઉડાડતા હતા તેવા સમયે તેમણે મારી સચ્ચાઈની ગવાહી આપી. જ્યારે લોકો મારી વાત નકારતા હતા તે સમયે તેમણે મારી વાતની સચ્ચાઈનો સ્વીકાર કર્યો. તેમણે તેમની ધનદોલતમાં મને સહભાગી બનાવ્યો અને બીજી કોઈ સ્ત્રી ઓલાદ ન આપી શકી તેવી ઓલાદ તેમણે મને આપી."

(સહીહ બુખારી)

રસૂલ (સ.)ના બીબી ખદીજા (સ.) સાથેના નિકાહના પાંચ વર્ષો પછી અબૂતાલિબ (અ.)ને અલ્લાહે એક બેટા અલી (અ.) આપ્યા. આ અલી (અ.)ને રસૂલ (સ.) અને બીબી ખુદેજા (સ.)એ પોતાના ઘેર ઉછેર્યા અને ઉંમર લાયક થતાં આપની બેટી ફાતેમા ઝહરા (સ.) સાથે તેમનાં લગ્ન કર્યાં. અને આ લગ્નના પરિણામે ઈમામોનો વંશવેલો અસ્તિત્વમાં આવ્યો. આમ બીબી ખુદેજા (સ.)નો ઈસ્લામ ઉપર ઘણો મોટો ઉપકાર છે અને સાચે જ તેઓ અરબસ્તાનનાં મલેકા હતાં. *


સતત છેલ્લા દસ વર્ષ થી આપસર્વે ના સાથ અને સહકાર થી હવે
હિંમતનગર ના સુવિકસીત મહાવીરનગર બેરણારોડ ઉપર
અમારો નવીન મોડલીગ ફોટો સ્ટુડિયો

DIGITAL
પીસીડ્રામ
PC-DROME ફોટો સ્ટુડિયો

લગ્ન તથા શુભ પ્રસંગે ફોટોગ્રાફી તેમજ વિડીયો શુટીંગ કરી આપવા માં આવશે.

હસનઅલી મસી, મો. ૯૪૨૭૭ ૨૩૩૭૨
નવા બસસ્ટેન્ડ ની બાજુમાં,ઈલોલ તલાવ,
દુ.નં.૫,ગોકુલેશ કોમ્પલેક્ષ,ગોકુલનગર
રીલાયંન્સ મોલની સામે બેરણારોડ.
હિંમતનગર

નૂતન ટ્રેડર્સ

8 ઉંધઈ પ્રુફ, કાટ પ્રુફ, વોટર પ્રુફ, હેવી ફાઈબર પી.વી.સી.ના ચોખઠા બારી લાકડાના તથા લોખંડના ચોખઠા–બારી કરતાં ભાવમાં સસ્તાં
8 સિમેન્ટના ચોખઠા–બારી, થાંભલા, થેપડા માટે સંપર્ક કરો.
8 કોરોમંડલ કિંગ સિમેન્ટ તથા એ–વન સિમેન્ટ તથા કપચી માટે મળો.

મો.અકબરઅલી કે. દાંત્રેલિયા
મો. ૯૪૨૮૩૫૯૪૨૬
નૂતન ટ્રેડર્સ (ઈલોલ તલાવ)

# મીર અનીસના મરસિયા

**મરસિયા—૧** | مرثیہ-۱

**શહાદત જનાબે અમીરુલ મોમિનીન અલી ઇબ્ને અબીતાલિબ (અ.)**

شہادت جناب امیرالمومنین علی ابنِ ابی طالبؑ

**ખુર્શીદે હકીકત રુખે ઝેબાએ અલી હૈ** — خورشید حقیقت رُخِ زیبائے علیؑ ہے

**મેઅરાજે ઈમામત કદ બાલાએ અલી હૈ** — معراجِ امامت قد بالائے علیؑ ہے

**ઈમાન જિસે કહેતે હૈ તવલ્લાએ અલી હૈ** — ایمان جسے کہتے ہیں تولّائے علیؑ ہے

**અકસીર જો હૈ ખાકે કફે પાએ અલી હૈ** — اکسیر جو ہے خاکِ کفِ پائے علیؑ ہے

**હૈ નામ રકમ અર્શ પે હમનામ ખુદાકા** — ہے نام رقم عرش پہ ہم نام خُدا کا

**ક્યા મર્તબા હૈ ઝૌજે બુતૂલે ઉઝ્રાકા.** — کیا مرتبہ ہے زوجِ بتولِ عزرا کا

(મૌલા અલી (અ.)ના મુખડાની શોભા સૂર્યની હકીકત (જેવી) છે. મૌલા અલી (અ.)ના કદની બુલંદી ઈમામતની મેઅરાજ (જેટલી) છે. ઈમાન જેને કહેવામાં આવે છે તે મૌલા અલી (અ.) સાથેની મોહબ્બત છે. મૌલા અલી (અ.)ના પગ નીચેની જે ખાક છે તે અકસીર છે. ખુદાના નામ જેવું જ મૌલા અલી (અ.) નું નામ અર્શ ઉપર લખેલું છે. બુતૂલ અને ઉઝ્રા નામ ધરાવનાર (જનાબે ફાતેમા ઝેહરા (અ.))ના શૌહરનો મર્તબો કેવો (મહાન) છે !)

**કહેતે હૈ જિસે અર્શ વો હૈ મંઝિલે હૈદર,** — کہتے ہیں جسے عرش وہ ہے منزلِ حیدرؑ

**ખલ્વત ગહે ખલ્લાકે જહાં હૈ દિલે હૈદર.** — خلوت گہِ خلاّق جہاں ہے دلِ حیدرؑ

**હર હાલમેં હૈ કુદ્રતે હક શામિલે હૈદર,** — ہر حال میں ہے قدرتِ حق شاملِ حیدرؑ

**હૈ નૂરે ખુદા રૌશનીએ મહેફિલે હૈદર.** — ہے نُورِ خدا روشنیٔ محفلِ حیدرؑ

**વો હુજ્જતે ખાલિક હૈ ચરાગે રહે દી હૈ,** — وہ حجّتِ خالق ہے چراغِ رہِ دیں ہے

**પરવાના ઉસી શમ્અ કા જિબ્રિલે અમી હૈ.** — پروانہ اُسی شمع کا جبریلؑ امیں ہے

(જેને અર્શ કહેવામાં આવે છે એ તો મૌલા અલી (અ.)ની મંઝિલ (પડાવ) છે. દુનિયાના સર્જનહારની એકાન્તની જગ્યા મૌલા અલી (અ.)નું દિલ છે. દરેક હાલતમાં અલ્લાહ તઆલાની કુદરત મૌલા અલી (અ.)ની સાથે શામેલ રહે છે. મૌલા અલી (અ.)ની મહેફિલની રોશની અલ્લાહનું નૂર છે. મૌલા અલી (અ.) સર્જનહાર અલ્લાહની હુજ્જત (દલીલ) છે અને દીનના રસ્તાના ચિરાગ છે. અને તે શમ્આના પરવાના હઝરત જિબ્રઈલ અમીન છે.)

**વો ગુલ હૈ કે જિસસે ચમને દી કો હૈ રૌનક** — وہ گلُ ہے کہ جس سے چمنِ دیں کو ہے رونق

**માઅનીએ કલામે હક ઉસીસે હૈ મુહક્કક** — معنیٔ کلامِ حق اُسی سے ہیں محقق

**શમશીરસે ઉસકી જિગરે કુફ્ર હુવા શક** — شمشیر سے اس کی جگر کفر ہُوا شق

**હૈ બા'દ મોહંમદકે અલી હાદીએ બરહક** — ہے بعد مُحمدؐ کے علیؑ ہادِیٔ برحق

**અલ્લાહ રે શરફ ખત્મ હૈ યે રુત્બા અલી પર,** — اللہ رے شرف ختم ہے یہ رتبہ علیؑ پر

**કા'બેમેં ધરા ઉસને કદમ દોશે નબી પર.** — کعبے میں دھرا اُس نے قدم دوش نبیؐ پر

(મૌલા અલી (અ.) એવા ફૂલ (જેવા) છે કે જેનાથી દીને ઈસ્લામના બાગની રોનક (શોભા) છે. મૌલા અલી (અ.) દ્વારા કલામે પાક કુરઆનના ભાવાર્થ પ્રમાણિત છે. મૌલા અલી (અ.)ની તલવારથી કુફ્રનું કાળજું ચીરાઈ ગયું છે. હઝરત મોહંમદ મુસ્તફા (સ.) પછી મૌલા અલી (અ.) જ બરહક (સાચા) હાદી છે. અલ્લાહ, અલ્લાહ ! મૌલા અલી (અ.)ના રૂત્બા ઉપર જ શરફ (શ્રેષ્ઠતા) સમાપ્ત થઈ જાય છે. મૌલ અલી (અ.)એ કા'બા બયતુલ્લાહમાં નબી (સ.)ના ખભા મુબારક ઉપર પોતાના કદમ મૂકયા છે.)

**બેફસ્લ વહી બા'દે નબી સદ્રનશી હૈ,** — بےفصل وہی بعد نبیؐ صدر نشیں ہے

**અંગુશ્તરે પયગમ્બરે ખાતમકા નગી હૈ.** — انگشتر پیغمبر خاتم کا نگیں ہے

**ગંજીનએ અસરારે ઇલાહીકા અમી હૈ,** — گنجینۂ اسرارِ الٰہی کا امیں ہے

**વો કા'બાએ દી કિબ્લાએ અર્બાબે યકી હૈ.** — وہ کعبۂ دیں قبلۂ اربابِ یقیں ہے

**કરતે હૈ મલક ફખ્ર કરામાતે અલી પર,** — کر تے ہیں ملک فخر کراماتِ علیؑ پر

**હૈ અર્શે મોઅલ્લાકો શરફ ઝાતે અલી પર.** — ہے عرش مُعلّٰی کو شرف ذاتِ علیؑ پر

(નબી (સ.) પછી જરા પણ ફાસલા વગર મૌલા (અ.) દીનના સરદાર છે. મૌલા અલી (અ.) ખાતમ પયગમ્બર (સ.)ની અંગૂઠીના નગીના છે. મૌલા અલી (અ.) ઈલાહી રહસ્યોના ખજાનાના અમાનતદાર છે.

મૌલા અલી (અ.) દીને ઈસ્લામના કા'બા છે, યકીન ધરાવનાર લોકોના કિબ્લા છે. (અલ્લાહના) ફરિશ્તાઓ મૌલા અલી (અ.)ની કરામતો ઉપર ફખ્ર કરે છે (અને) અર્શે મોઅલ્લાને પણ મૌલા અલી (અ.)ની ઝાતને લીધે શરફ (પ્રતિષ્ઠા) પ્રાપ્ત થયો છે.)

**તહકીક કે વો શાહે દો આલમ અઝલી હૈ,** — تحقیق کہ وہ شاہِ دو عالم ازلی ہے

**રૌશન હૈ કે શમ્એ હરમે લમ યઝલી હૈ.** — روشن ہے کہ شمعِ حرم لم یزلی ہے

**કુરઆનસે સાબિત હૈ કે ખુદાકા વો વલી હૈ,** — قرآن سے ثابت ہے کہ خدا کا وہ ولی ہے

**યે ઉસકી બુઝુર્ગીકે લિયે નસ્સે જલી હૈ.** — یہ اس کی بزرگی کے لیے نصِّ جلی ہے

**પોશીદા નહી, મર્તબા ઝાહિર હૈ અલીકા,** — پوشیدہ نہیں مرتبہ ظاہر ہے علیؑ کا

**ખારિજ હૈ વો ઇમાંસે જો મુન્કર હૈ અલીકા.** — خارج ہے وہ ایماں سے جو منکر ہے علیؑ کا

(નિ:શંકપણે મૌલા અલી (અ.) અનાદિકાળથી બન્ને આલમના શાહ છે. એ બાબત રોશન (સ્પષ્ટ) છે કે મૌલા અલી (અ.) હરમે લમ યઝલીની શમા છે. કુરઆનથી એ બાબત સાબિત છે કે મૌલા અલી (અ.) અલ્લાહના વલી છે. આપ (અ.)ની બુઝુર્ગી માટે તો કુરઆન શરીફમાં સ્પષ્ટ આયતો (નાઝિલ થયેલી) છે. મૌલા અલી (અ.)નો મર્તબો છૂપો નથી, પરંતુ જાહેર છે. જે માણસ અલી (અ.)નો ઈન્કાર કરનારો હોય તે ઈમાન (ના દાયરામાં)થી નીકળી ગયેલો છે.) (ક્રમશ:)




## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**આં હઝરત(સ.)એ જનાબે ઇમામ હુસૈન(અ.)ની શહાદતની ખબર આપવી. :**

(૧૪) અખ્તબ અલ ખતબા અબ્લગ અસ્બઅ બિન નબાતા (રહે.અ.) કહે છે કે અમે જનાબે અમીર (અ.)ની સાથે ઇમામ હુસૈન (અ.)ની કબ્રની જગ્યાએ થઈને પસાર થયા. જનાબે અમીર (અ.) ફરમાવવા લાગ્યા, આ તેમના ઊંટોની બેસવાની જગ્યા છે, આ એમના સર સામાનની જગ્યા છે. આ એમનાં ખૂન વહેવાની જગ્યા છે. આલે મોહંમદ (સ.)નું એક ટોળુ આ મેદાનમાં શહીદ થશે. તેમના ઉપર આસમાન અને જમીન રડશે.

(૧૫) શોઅબી (રહે.અ.) કહે છે કે ઇબ્ને ઉમર (રઝી.અ.) મદીના તૈયબામાં આવી રહ્યા હતા. એમને ખબર પડી કે જનાબે હુસૈન (અ.) એ ઇરાકની તરફ જવાનો વિચાર કર્યો છે. તેઓ તેમને સફરમાં આવીને મળ્યા અને રબ્ઝામાં બે રાતો તેમની સાથે રહ્યા. ત્યાર પછી કહેવા લાગ્યા કે અલ્લાહ તઆલાએ પોતાના નબી (સ.)ને દુનિયા અને આખેરતના દરમિયાન મુખ્તાર કર્યા છે આથી હુઝૂર (સ.)એ આખેરતનો ઇખ્તિયાર ફરમાવ્યો છે અને આપ લોકો આં હઝરત (સ.)ના જિગરના ટુકડા છો. આપ લોકોમાંથી કોઈ એક જણને કદી દુનિયા નહીં મળે અને ખુદા તઆલાએ આપ સાહેબોથી તેને હટાવી નથી પરંતુ એવી ચીજ માટે કે જે આપના માટે ખૂબ જ બહેતર છે. આપ અહીંથી પાછા તશરીફ લઇ જાઓ. આપ (અ.)એ ઇન્કાર કર્યો. ઇબ્ને ઉમર (રઝી.અ.)એ કહ્યું, હું વિદાય થાઉં છું શહીદથી.

(૧૬) મોહંમદ બિન ઉમર બિન હસન કહે છે કે અમે જનાબે ઇમામ હુસૈન (અ.)ની સાથે નહેરે કરબલા ઉપર હતા કે ઓચિંતા જ આપ (અ.)એ શિમ્ર ઝિલ જૌશનને જોયો અને ફરમાવ્યું, અલ્લાહે અને અલ્લાહના રસૂલ (સ.) એ સાચું કહ્યું છે. આં હઝરત (સ.) ફરમાવતા હતા કે અમે એક કાબરચીતરા કૂતરાને જોઇ રહ્યા છીએ કે જે અમારી અહલેબૈતના ખૂનને ચાટી રહ્યો છે અને શિમ્ર કોઢવાળો હતો.

(૧૭) જનાબે ઉમ્મે સલમા (રઝી.અ.) ફરમાવે છે કે મેં આં હઝરત (સ.)ને સ્વપ્નમાં રડતા, આપનું સર મુબારક અને દાઢી મુબારક ધૂળવાળુ હતું એવી અવસ્થામાં, જોયા મેં તેનું કારણ પૂછયું તો આપ (સ.)એ ફરમાવ્યું, અત્યારે હાલ હુસૈન (અ.)ના કતલની જગ્યાએથી આવી

રહ્યો છું.

(૧૮) જનાબે અમીર (અ.)થી મનકૂલ છે કે આં હઝરત (સ.) ફરમાવતા હતા કે કયામતના દિવસે મારી બેટી ફાતેમા ઊભી થશે અને તેની પાસે ખૂનથી ખરડાયેલું કપડું હશે. અર્શના પાયાને પકડીને કહેશે, અય આદિલ ! ઈન્સાફ કર મારા અને મારા બેટાઓના કાતિલની વચ્ચે. ત્યાર પછી હુકમ આપવામાં આવશે મારી બેટીની ઈચ્છા મુજબ, કા'બાના રબની કસમ છે.

(૧૯) યહ્યા હઝરત (કે જેમણે જનાબે અમીર (અ.)ની સાથે સિફ્ફિનની તરફ સફર કરી હતી) કહે છે કે જ્યારે જનાબે અમીર (અ.) નયનવાની જગ્યાની સામે પહોંચ્યા તો બૂમ પાડીને ફરમાવવા લાગ્યા, યા અબા અબ્દિલ્લાહ! ફુરાતના કિનારે સબ્ર કરજો. મેં અરજ કરી, આ શું બાબત છે ? જનાબે અમીર (અ.)એ ફરમાવ્યું, યકીનનપૂર્વક નબી (સ.)એ ફરમાવ્યું છે કે મને જિબ્રઈલ (અ.)એ માહિતી આપી છે કે બેશક ઈમામ હુસૈન (અ.) ને ફુરાતના કિનારે શહીદ કરવામાં આવશે અને એ જગ્યાની એક માટી મને બતાવી છે.

(૨૦) જનાબે અમીર (અ.)થી રિવાયત છે કે આં હઝરત (સ.)એ ફરમાવ્યું છે કે જનાબે હુસૈન (અ.)નો કાતિલ આગની એક પેટીમાં બંધ થશે તેના ઉપર જહન્નમવાસીઓનો અડધો અઝાબ થશે.

(૨૧) રાસ જાલૂતનું બયાન છે કે હું હંમેશાં સાંભળ્યા કરતો હતો કે કરબલામાં કોઈ નબીનો ફરઝંદ કતલ થશે એ માટે જ્યારે હું કરબલામાં પહોંચ્યો તો અદબના કારણે મારા ઘોડાને ત્યાંથી જલ્દી ચલાવીને ગયો. હુસૈન (અ.) શહીદ થયા પછી પણ હું એવી જ રીતે ત્યાંથી પસાર થતો રહ્યો.

**ઇમામ હુસૈન (અ.)ની શહાદતનું બયાન :**

અલ્લામા અબૂ ઈસ્હાક અસ્ફરાની પોતાની કિતાબ મસ્મી બ નૂરૂલઐન ફી મશ્હદુલ હુસૈનમાં લખે છે કે એક દિવસ જનાબે ઈમામ હુસૈન (અ.) પોતાના ઘરમાં બેઠેલા હતા તેવામાં કુફાના એક સવારે દરવાજો ખટખટાવ્યો. ઈમામ હુસૈન (અ.)એ ફરમાવ્યું, દરવાજા પર કોણ છે? અરજ કરવામાં આવી, કુફાના લોકો તરફથી એક એલચી છે. આપ (અ.)એ તેને અંદર દાખલ થવાની પરવાનગી આપી. તેણે દાખલ થઈને ઈમામ હુસૈન (અ.)ને એક પત્ર આપ્યો. આપ (અ.)એ તેને લઈને વાંચ્યો. જોયું તો તે પત્ર કુફાના લોકો તરફથી હતો. તેમાં લખે છે કે યા ઈમામ હુસૈન (અ.)! અય રસૂલલ્લાહ (સ.)ના નવાસા ! આપને માલૂમ હશે કે યઝીદ બિન મોઆવિયાએ ઝુલ્મ અને જોર અને બેગુનાહને કતલ કરવાનું અને લોકોના માલને લૂંટવાનું શરૂ કર્યું છે અને નાફરમાની અને બગાવતને ઈખ્તિયાર કરી છે. દરેક દિશામાં તેનો ઝુલ્મ ફેલાઈ ગયો છે. બૂરી બાબતો માટે હુકમ કરે છે અને સારી બાબતોથી રોકે છે. શરાબ પીએ છે. ખુદાથી ડરતો નથી. બધા શહેરોમાં બૂરાઈઓને ફેલાવે છે. ઝુલ્મ અને જોર ખુદાના બંદાઓ ઉપર જાહેર કરે છે.

કોઈ બાબત આચરવામાં ખુદાથી ખૌફ નથી કરતો. અદ્લને રૈયતથી છૂપી અને ઝુલ્મ તેમજ જોરને બિલકુલ જાહેર કરી દીધાં છે. યા અબા અબ્દિલ્લાહ ! અમે પહેલાં લગભગ એક હજાર પત્રો આપની ખિદમતમાં મોકલી ચૂકયા છીએ. આપ અહીં પધારો તે માટે અમે અરજ કરીએ છીએ. યઝીદના મુકાબલામાં અમે આપની મદદ કરીશું. આપ પોતાના બાપદાદાઓની ખિલાફતને લઈ લો કેમકે ખિલાફત આપનો અને આપના વાલિદે બુઝુર્ગવારનો હક છે, ન કે યઝીદનો કે તેના બાપનો હક છે. આપ અમારા ઉપર આપની અહલેબૈતમાંથી કોઈને વાલી બનાવીને મોકલી દો. અમે આપના જદ્દે અમ્જદ મોહંમદ (સ.)નો વાસ્તો આપીને અરજ કરીએ છીએ કે આપ અમારી પાસે તશરીફ લાવો. અગર આપ તશરીફ નહીં લાવો તો કાલે અમે ખુદાની સામે આપનાથી ઝઘડીશું અને અમે કહીશું કે અય અમારા પરવરદિગાર ! ઈમામ હુસૈન (અ.)એ અમારા ઉપર ઝુલ્મ કર્યો છે અને અમારામાં ઝુલ્મ અને જોરને યોગ્ય ગણ્યું છે. આપ ખુદાને શું જવાબ આપશો ? અને અલ્લાહના હકકોમાંથી કેવી રીતે છૂટી જશો ? જ્યારે ઈમામ હુસૈન (અ.)એ પત્રને વાંચ્યો તો આપના બદન મુબારકનાં રૂંવાડાં ખુદા પાકના ખૌફથી ખડાં થઈ ગયાં. (ક્રમશ:)

**ઈસ્લામી કવીઝ નં. ૨૨૭ના જવાબો**

(૧) જનાબે અબ્દુલ મુત્તલિબે (૨) જરીદા (૩) નમાઝે ઈસ્તિસ્કા (વરસાદ માટેની નમાઝ) (૪) હઝરત ઈદરીસ (અ.) (૫) હઝરત મૂસા બિન ઈમરાન (અ.) (૬) એક લાખ ચોવીસ હજાર (૭) ફરિશ્તાઓનાં




એચ. એન. મોમિન મો. ૯૮૨૪૯ ૫૭૨૧૦
એ. આર. મોમિન ૯૯૯૮૩ ૫૧૦૫૮
એ. જે. મોમિન ૯૭૨૬૦ ૬૬૫૯૨

**પર્સોના એમ્પોરીયમ**

શુટીંગ–શર્ટીંગ, ડ્રેસ મટીરિયલ્સ,ફેન્સી સાડીઓ,
મેચીંગ સેન્ટર, હેન્ડલુમ તથા હોઝીયરીનો અદ્યતન શો–રૂમ

ઋષભ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની સામે, ઈડર–૩૮૩ ૪૩૦.

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### વસિયત વિષે

**વસિયતનો સિલસિલો ક્યારથી છે ?**

હસન બિન મહબૂબે મકાતિલ બિન સુલયમાનથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (સ.) એ ફરમાવ્યું કે હઝરત રસૂલલ્લાહ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે હું અંબિયાનો સરદાર છું અને મારો વસી અવસિયાનો સરદાર છે અને તેમના અવસિયા અવસિયાઓના સરદાર છે. હઝરત આદમ (અ.)એ અલ્લાહ તઆલાની બારગાહમાં દરખાસ્ત કરી કે તે તેમના માટે એક સાલેહ વસી બનાવી દે. તો અલ્લાહ તઆલાએ તેમની તરફ વહી ફરમાવી કે મેં અંબિયાને નબુવ્વતથી સરફરાઝ (સન્માનિત) કર્યા ત્યાર પછી પોતાની મખ્લૂકાતમાંથી કેટલાક લોકોને મુંતખબ કર્યા (ચૂંટી કાઢ્યા) અને તેમનામાંથી જે સૌથી બહેતર હતા તેમને અવસિયા બનાવી દીધા. ત્યાર પછી અલ્લાહ તઆલાએ તેમની તરફ વહી ફરમાવી કે અય આદમ ! તમે શીસ (અ.)ને પોતાના વસી બનાવો તો હઝરત આદમ (અ.)એ શીસ (અ.)ને પોતાના વસી બનાવ્યા, અને એ જ હતબુલ્લાહ બિન આદમ (અ.) છે અને શીસ (અ.)એ પોતાના ફરઝંદ શબાન (અ.)ને પોતાના વસી બનાવ્યા અને એ જ નઝલા હૂરના બેટા છે કે જેમને અલ્લાહ તઆલાએ જન્નતથી હઝરત આદમ (અ.) ઉપર નાઝિલ કરી હતી અને હઝરત આદમ (અ.)એ તેના નિકાહ પોતાના ફરઝંદ શીસ (અ.) સાથે કર્યા હતા. અને શબાને મહલસને પોતાના વસી બનાવ્યા ત્યાર પછી મહલસે મહવકને પોતાના વસી બનાવ્યા અને મહવકે ગસમીશાને વસી બનાવ્યા અને ગસમીશાએ અખ્નૂખને વસી બનાવ્યા અને એ જ ઈદરીસ પયગમ્બર (અ.) છે અને હઝરત ઈદરીસ (અ.)એ નાખૂરને વસી બનાવ્યા અને નાખૂરે પોતાની વસિયત હઝરત નૂહ (અ.)ના હવાલે કરી અને નૂહ (અ.)એ સામને વસી બનાવ્યા. સામે ઉસામને અને ઉસામે બરગીસાશાને અને બરગીસાશાએ યાફસને અને યાફસે બર્રાને અને બર્રાએ જફસિયાને અને જફસિયાએ ઈમરાનને અને ઈમરાને હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.)ને વસાયતનો હોદ્દો સોંપ્યો અને હઝરત ઈબ્રાહીમ (અ.)એ પોતાના ફરઝંદ હઝરત ઈસ્માઈલ (અ.)ને વસી બનાવ્યા અને હઝરત ઈસ્માઈલ (અ.)એ હઝરત ઈસ્હાક (અ.)ને અને હઝરત ઈસ્હાક (અ.)એ હઝરત યાકૂબ (અ.)ને અને હઝરત યાકૂબ (અ.)એ હઝરત યૂસુફ (અ.)ને હઝરત યૂસુફ (અ.)એ બસરિયા (અ.)ને અને બસરિયા (અ.)એ શુએબ (અ.) ને અને હઝરત શુએબ (અ.)એ હઝરત મૂસા (અ.) બિન ઈમરાનને વસાયત સોંપી અને મૂસા

બિન ઈમરાને યૂશોઅ બિન નૂનને અને યૂશોઅ બિન નૂને હઝરત દાવૂદ (અ.)ને અને હઝરત દાવૂદ (અ.)એ હઝરત સુલયમાન (અ.)ને અને હઝરત સુલયમાન (અ.)એ આસિફ્ બિન બરખિયાને અને આસિફ્ બિન બરખિયાએ હઝરત ઝકરિયાને અને હઝરત ઝકરિયા (અ.) એ હઝરત ઈસા (અ.) બિન મરયમને અને હઝરત ઈસા (અ.) બિન મરયમે શમઊન બિન હમૂન સફ્ફાને અને શમઊન (અ.)એ હઝરત યહ્યા (અ.) બિન ઝકરિયા (અ.)ને અને યહ્યા બિન ઝકરિયાએ મંઝરને અને મંઝરે સલીમાને સલીમાએ બર્દાને પોતાના વસી બનાવ્યા. ત્યાર પછી રસૂલલ્લાહ (સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે અને બર્દાએ તે વસિયત મારા હવાલે કરી અને અય અલી ! તે વસાયત હું તમને આપી રહ્યો છું અને તમે આ વસાયત તમારા વસીને આપશો અને તમારો વસી પોતાના બીજા અવસિયાને આપશે કે જે તમારી ઓલાદમાં એક પછી એક બીજો હશે એટલે સુધી કે તમારા પછી જે જમીનની સપાટી ઉપર સૌથી બહેતર હશે તેને આ વસાયત આપવામાં આવશે અને સાંભળો કે ઉમ્મત તમારાથી ઈન્કાર કરશે અને તમારા ઉપર પુષ્કળ ઈખ્તેલાફ્ રાખશે પરંતુ જે તમારા ઉપર સાબિતકદમ હશે તે એવો હશે જેવો કે તે મારી સાથે મકીમ (રહેનારો) છે અને તમને છોડી દેનારો જહન્નમમાં હશે અને જહન્નમ કાફિરોની બાઝગશ્ત (પાછા ફરવાની જગ્યા) છે.

અને ઘણી બધી સહીહ હદીસો મજબૂત સનદોની સાથે વારિદ થયેલી છે કે રસૂલલ્લાહ (સ.)એ ખુદાના હુકમથી પોતાના વસી બનાવ્યા હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ને અને હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અ.)એ પોતાના વસી બનાવ્યા હઝરત ઈમામ હસન (અ.)ને અને ઈમામ હસન (અ.)એ પોતાના વસી બનાવ્યા ઈમામ હુસૈન (અ.)ને અને ઈમામ હુસૈન (અ.)એ પોતાના વસી બનાવ્યા હઝરત અલી ઈબ્નુલ હુસૈન (અ.)ને અને હઝરત અલી ઈબ્નુલ હુસૈન (અ.)એ પોતાના વસી બનાવ્યા હઝરત મોહંમદ બિન અલી બાકિર (અ.)ને અને હઝરત મોહંમદ બિન અલી બાકિર (અ.) એ પોતાના વસી બનાવ્યા હઝરત જાફર બિન મોહંમદ અસ્સાદિક (અ.)ને અને હઝરત જાફર બિન મોહંમદ અસ્સાદિક (અ.)એ પોતાના

**ઉસકી હિંમત પર અલી શેરે ખુદાકો નાઝ હૈ,**
**ઉસ નવાસે પર મોહંમદ મુસ્તફાકો નાઝ હૈ,**
**સજદે તો સબને કિયે પર ઉસકા નયા અંદાઝ હૈ,**
**ઉસને વો સજદા કિયા જિસ પર ખુદાકો નાઝ હૈ.** – જનાબ ઈફ્તેખારહુસૈન

વસી બનાવ્યા હઝરત મૂસા બિન જાફર (અ.) ને અને હઝરત મૂસા બિન જાફર (અ.)એ પોતાના વસી બનાવ્યા પોતાના ફરઝંદ હઝરત અલી ઈબ્ને મૂસા અર્ રઝા (અ.)ને અને હઝરત અલી ઈબ્ને મૂસા અર્ રઝા (અ.)એ પોતાના વસી બનાવ્યા પોતાના ફરઝંદ હઝરત મોહંમદ બિન અલી (અ.)ને અને મોહંમદ બિન અલી (અ.)એ પોતાના વસી બનાવ્યા પોતાના ફરઝંદ હઝરત અલી બિન મોહંમદ (અ.)ને અને અલી બિન મોહંમદ (અ.)એ પોતાના વસી બનાવ્યા પોતાના ફરઝંદ હઝરત હસન ઈબ્ને અલી (અ.)ને હઝરત હસન બિન અલી (અ.)એ પોતાના વસી બનાવ્યા પોતાના ફરઝંદ હઝરત હુજ્જતુલ્લાહ અલ કાએમ બિલ હક (અ.)ને કે અગર દુનિયાના અસ્તિત્વનો માત્ર એક દિવસ બાકી રહી જશે તો અલ્લાહ તઆલા તે દિવસને એટલો બધો લાંબો કરી દેશે કે તેમાં તે દુનિયાને અદ્લ અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે કે જેવી રીતે તે ઝુલ્મ અને જોરથી ભરાઈ ગયેલી હશે. તેમના ઉપર અને તેમના પવિત્ર વડવાઓ ઉપર અલ્લાહના દુરૂદો સલામ થાય. (૫૪૦૨)

(સંદર્ભ : મલ્લા યહઝુરુહુલ ફકીહ, ભાગ–૪, પેજ–૧૨૮ થી ૧૩૨, ઉર્દૂમાંથી અનુવાદિત)

## શબ્દ પરિચય

### ખમ

**ખમ** : (خم) ફારસી ભાષાનો શબ્દ છે જેનો અર્થ થાય : (૧) વક્રતા, ઝુકાવ (૨) વળ, આંટો (૩) વળાંક (૪) ઉપરની બાજુ **ખમઝદા** : (૧) વાંકુ વળેલું, નમેલું (૨) ભાંગેલું **ખમ ઠોકના** : (૧) કુસ્તી વખતે હાથ–પગના સ્નાયુઓ ઉપર હાથ પછાડવા કે છાતી ઠોકવી (૨) કુસ્તી લડવા તૈયાર થવું **ખમદમ:** પુરૂષાર્થ, સાહસ **ખમદાર** : ઝુકેલું, વાંકુ, ટેઢું **ખમ દેના** : વાળવું, વળાંક આપવો **ખમે અબ્રૂ** : આંખની ભ્રમરોનો વળાંક, ભ્રુકુટિની વક્રતા, ભ્રમરનો સુંદર વળાંક **ખમોચમ** : ધીમી ગતિએ, નખરાળી ચાલથી **ખમીદા** : વાંકુ વળી ગયેલું

## નુસ્ખા

### હરસ–મસા

* તલને વાટીને માખણમાં ખાવાથી હરસ–મસા મટે છે.
* સૂંઠનું ચૂર્ણ છાસમાં નાખીને પીવાથી હરસ–મસા મટે છે.
* સવારે નરણા કોઠે એક મૂઠી જેટલા કાળા તલ થોડીક સાકર સાથે ખૂબ ચાવીને ખાવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.
* કેરીની ગોટલીનું ચૂર્ણ મધ સાથે લેવાથી હરસ–મસા મટે છે.
* મીઠા લીમડાના પાનને પાણી સાથે પીસી ગાળી પીવાથી હરસ–મસા મટે છે.
* ધાણાને રાત્રે પલાળી રાખી, સવારે ખૂબ મસળીને પાણી પીવાથી અથવા કોથમીરનો રસ પીવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે ફેબ્રુઆરી–૨૦૧૩ થી તા. ૧૫, માહે માર્ચ–૨૦૧૩ મુ.તા. ૫, રબી.આખર–૧૪૩૪ થી મુ.તા. ૨, જમા.અવ્વલ–૧૪૩૪ |
|---|---|---|---|
| ફેબ્રુ. | રબી.આ. | – | |
| 21 | ૧૦ | ગુરૂ | વિલાદત : હઝરત ઈમામ હસન અસ્કરી (અ.) |
| 24 | ૧૩ | રવિ | વિલાદત : પીર સૈયદ મશાયખ બાવા (રહે.) |
| 26 | ૧૫ | મંગળ | વિલાદત : પીર સૈયદ અબ્દુલ મોમિનશાહ (રહે.) |
| ફેબ્રુ.3 | ૨૦ | રવિ | વીંછુડો બેસે બપોરે : ૪–૩૦ |
| 4 | ૨૧ | સોમ | વીંછુડો |
| 5 | ૨૨ | મંગળ | વીંછુડો ઉતરે સાંજે : ૬–૩૧ |
| 10 | ૨૭ | રવિ | મહાશિવરાત્રી |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) મોમિનનું જીવન કેટલા અને કયા કયા વિભાગમાં વહેંચાયેલું છે ?

(૨) આપઘાત કરનાર લોકોમાં.................નું ઈમાન હોતું નથી ?

(૩) فَبِاَیِّ اٰلَآءِ رَبِّکُمَا تُکَذِّبٰنِ નું ગુજરાતી ભાષાંતર શું થાય ?

(૪) હઝરત અમીરૂલ મોમિનીન (અ.) પહેલા આસમાન પર કયા નામે ઓળખાય છે ?

(૫) ઈન્જીલ કિતાબમાં હઝરત મોહંમદ મુસ્તફા (સ.)નો કયા નામે ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

(૬) બુતૂલ અને ઉઝ્રા કોનાં ઉપનામો છે ?

(૭) મોમિનનું મૃત્યુ થાય છે તો જમીન કેટલા દિવસ સુધી તેના પર રૂદન કરે છે ?

(૮) બખ્તર બનાવવાની શરૂઆત કયા પયગમ્બરના જમાનામાં થઈ હતી ?

(૯) ફરિશ્તાઓ કોની કરામતો ઉપર ફખ્ર કરે છે ?

(૧૦) મા–બાપ સાથે નેકી કરવાથી શામાં વધારો થાય છે ?

# આપણા ઘરની વાતો

**● સુરપુર ઉર્ફે હુસૈનગઢ મુકામે "હુસૈની મહા રક્તદાન કેમ્પ" :**


મકતબા જાફરીયાના માર્ગદર્શનથી સુરપુર શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત સંચાલિત ફલાહ એજ્યુકેશન સોસાયટી આયોજિત "હુસૈની મહા રક્તદાન કેમ્પ" તા.૨–૧૨–૨૦૧૨ને રવિવારે સવારે અઝાખાના એ ફખ્રુન્નિસામાં યોજવામાં આવ્યો હતો. સવારે ૮–૩૦ કલાકે પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) તથા હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)ની ઉપસ્થિતિમાં મજલિસનું આયોજન કરવામાં આવેલું હતું. મજલિસની શરૂઆત દુરૂદ શરીફથી કરવામાં આવી હતી. ત્યાર બાદ સ્વાગત પ્રવચન અને સ્થાનિક મોલ્વી સાહેબ મકતૂલનામામાંથી બયાન પઢ્યા હતા. ત્યાર બાદ હાજરપીરે પોતાની અમૃતવાણી દ્વારા મોમિનોને હિદાયત ફરમાવી હતી. નૌહાની માતમ અને ઝિયારત પઢી મજલિસને પૂર્ણ કરવામાં આવી હતી. મજલિસ પછી રક્તદાન કરવા આવેલા મોમિનો માટે તથા અઝાદાર ભાઈઓ–બહેનો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના દરેક ગામમાંથી મોમિનો દ્વારા ૪૫૪ બોટલ રક્તદાન કરવામાં આવ્યું હતું. રક્તદાન દરમિયાન હાજરપીરે રક્તદાન કેમ્પની મુલાકાત લીધી હતી. નામદાર બાવા સાહેબે સાંજે ૩–૩૦ કલાકે ઉતારા ઉપરથી વિદાય લીધી હતી.

**● જુહાપુરા ખાતે યોજાયેલ ઇસ્લામી ઓપન જ્ઞાનવર્ધક સ્પર્ધા :**


તા.૯–૧૨–૨૦૧૨ને રવિવારના રોજ જુહાપુરા મોમિન જમાઅત તરફથી પ્રથમ વખતે "ઈસ્લામી ઓપન જ્ઞાનવર્ધક સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ ત્રણ સ્પર્ધકોની ૧૯ ટુકડીઓ બપોરે ૩ થી ૪ કલાકે હાજર રહી હતી. લેખિત સ્પર્ધામાં પ્રથમ પાંચ ક્રમમાં આવનાર ટીમો વચ્ચે એ જ રાત્રે મૌખિક સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં છ રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. તમામ રાઉન્ડના અંતે જાફરી ટુકડી વિજેતા બની હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં ઈલ્મ વિશેના અવતરણો પ્રોજેક્ટર દ્વારા પડદા ઉપર બતાવીને ઈલ્મનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જનાબ સુલેમાનભાઈ ચૌધરી, જનાબ સલમાનભાઈ વાઘ, જનાબ શબ્બીરઅલી ભટ્ટાએ અમૂલ્ય ભોગ આપ્યો હતો અને જમાઅતની કમિટી તેમજ નવ યુવાન ભાઈઓએ સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમને સફળ રીતે ઘડી કાઢવામાં અને સફળ બનાવવામાં 'જાફરી આવાઝ'ના સહ વ્યવસ્થાપક જનાબ અકબરઅલી મસી અને અન્ય મોમિન ભાઈઓ ખડે પગે રહ્યા હતા. મૌખિક પ્રશ્નોત્તરીનું સુકાન જનાબ અકબરઅલી મસીએ સંભાળ્યું હતું. આ સ્પર્ધા ખૂબ જ રસપ્રદ રહી હતી. શ્રોતાગણ ભાઈ–બહેનોમાં પણ આનંદ સાથે ઈલ્મમાં વધારો થયો હતો. રાત્રે ૧૧–૩૦ કલાકે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી. મોમિન ભાઈ–બહેનો

માટે ચા–પાણી અને બિસ્કીટના ન્યાઝની વ્યવસ્થા જનાબ અબ્દુલભાઈ સુણસરા (સેવાણીવાળા) તરફથી કરવામાં આવી હતી. આ જ્ઞાનવર્ધક સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ભાઈ–બહેનોને રોકડ પુરસ્કાર અને લેખિત પરીક્ષામાં પ્રથમ પાંચ ક્રમે આવનાર ટુકડીઓના તમામ સભ્યોને ઓફિસ ફાઈલ તથા વિજેતા ટીમના તમામ સભ્યોને પણ ઓફિસ ફાઈલ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તમામ ઈનામો જુહાપુરાના કેટલાક મોમિન ભાઈ–બહેનો દ્વારા ચાલતી એસ.આર. ચૌધરી એન્ડ અધર્સ નામની ક્રેડીટ સોસાયટી તરફથી આપવામાં આવ્યાં હતાં.

● **અભિનંદન :**



ચાલુ સત્રમાં સુલતાનપુર મુકામે યોજાયેલ વડનગર તાલુકા યુવા મહોત્સવમાં મહેર હાઈસ્કૂલ, બાદરપુરના કર્મચારી શબ્બીરઅલી જી. ખટાસિયાએ ખુલ્લા વિભાગમાં કાવ્ય લેખન સ્પર્ધામાં પ્રથમ અને ગઝલ–શાયરી, પાદપૂર્તિ અને નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંકે આવી શાળા અને ગામનું ગૌરવ વધારેલ છે. તેમણે છેલ્લા ત્રણ વર્ષથી આ સ્પર્ધામાં ભાગ લઈ સિધ્ધિ મેળવેલ છે. આ સિધ્ધિ બદલ શાળા મંડળ, શાળા પરિવાર તેમજ જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.




સેદ્રાણા નિવાસી મકબૂલએહમદ ગુલામઅબ્બાસે NEBOSH INTERNATIONAL CERTIFICATE EXAM IN SAFETY & HEALTH UNITED KINGDOM (U.K.) પાસ કરેલ છે તે બદલ જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.


● **ઇન્નાલિલ્લાહે..:**



તેજપુરા નિવાસી મર્હૂમા મો.સાજેદાબેન નૂરમહંમદ દેધરોટીયા મુ.તા. ૨૫, ઝિલહજ–૧૪૩૩, તા.૧૧–૧૧–૨૦૧૨ને રવિવારના રોજ અલ્લાહ તઆલની રહમતે પહોંચ્યાં છે. ⟶




⟵ મહેરપુરા–મજાદર નિવાસી મર્હૂમ મો. હાજી સુલેમાનભાઈ હાજી ઈબ્રાહીમભાઈ મહેતા મુ.તા.૨૯, સફર–૧૪૩૪, તા.૧૨–૧–૨૦૧૩ને શનિવારના રોજ ૮૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે મિલનસાર, સહનશીલ, નમ્ર અને ઈમામ હુસૈન (અ.)ના અઝાદાર તથા પીરો મુરશિદના ચાહક હતા.



મેતા નિવાસી મર્હૂમ મો.મહંમદઅલી શબ્બીરભાઈ પલસાણીયા મુ.તા. ૬, સફર–૧૪૩૪, તા.૨૧–૧૨–૨૦૧૨ને શુક્રવારના રોજ ૧૧ વર્ષની વયે અલ્લાહ તઆલની રહમતે પહોંચ્યા છે. ⟶



←—બાદરપુર નિવાસી મર્હૂમ મો.શરીફભાઈ દાઉદભાઈ શાહુ મુ.તા.૨૪, સફર–૧૪૩૪, તા.૭–૧–૨૦૧૩ને સોમવારના રોજ ૭૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેઓ નિખાલસ, મિલનસાર, ઈબાદતગુઝાર તથા મોહંમદ વ આલે મોહંમદ (સ.)ના ચાહક હતા.



કેસીમ્પા નિવાસી મર્હૂમ મો.શરીફભાઈ જલાલભાઈ નાગલપરા મુ.તા.૩૦, મોહર્રમ–૧૪૩૪, તા.૧૫–૧૨–૨૦૧૨ને શનિવારના રોજ ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ હતા. —→



←—કનાઈ નિવાસી મર્હૂમા મો.હલીમબેન હાસમભાઈ ગોદડ મુ.તા.૧૭, સફર–૧૪૩૪, તા.૩૧–૧૨–૨૦૧૨ને સોમવારના રોજ આશરે ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલની રહમતે પહોંચ્યાં છે. મર્હૂમા મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


<u>ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ</u>

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો.આબિદઅલી ટી. ઘરખડ**

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ :** બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭



**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે તથા મકાનના પ્લોટ તથા ફલેટ બુકીંગ માટે મળો.

નોંધ : હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**

મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઇ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઇની રૂહના સવાબ અર્થે.

મર્હૂમા મો.સાજેદાબેન નૂરમહંમદ દેધરોટીયા (તેજપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશેન.

રૂા.૧૦૦/- મો.નૂરમહંમદ હબીબભાઇ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.નજરમહંમદ દાઉદભાઇ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.મરયમબેન દાઉદભાઇ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન હબીબભાઇ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.ફૈયાઝઅલી નૂરમહંમદ દેધરોટીયા

રૂા.૧૦૧/- મો.હસનઅબ્બાસ ગુલામ અબ્બાસ તરફથી તેમની દીકરી અનીસાફાતેમાને બિસ્મિલ્લાહ પઢાવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- બંદ એ ખુદા તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦/- મો.મર્હૂમ ગુલામહુસૈન હાસમભાઇ મોમિન (રામોલ)ની રૂહના સવાબ અર્થે.

મર્હૂમ મો.મહંમદઅલી શબ્બીરભાઇ પલસાણીયા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦/- મો.મહંમદઅલીના દાદા–દાદી
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી રસૂલભાઇ પલસાણીયા
રૂા.૫૦/- મો.કનીઝઝહેરા શબ્બીરભાઇ પલસાણીયા
રૂા.૫૦/- મો.ઝયનબબેન શબ્બીરઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.મંજૂરઅલી રસૂલભાઇ પલસાણીયા
રૂા.૫૦/- મો.શીરીનબાનુ મંજૂરઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.અહેસાનઅલી મંજૂરઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.અહમદઅલી મંજૂરઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.શાકેરાબાનુ મંજૂરઅલી પલસાણીયા
રૂા.૫૦/- મો.મુસ્તાકઅલી રસૂલભાઇ પલસાણીયા
રૂા.૫૦/- મો.ફાતેમા ગુલામઅબ્બાસ પલસાણીયા
રૂા.૫૦/- મો.શીરીનબેન ગુલામભાઇ ચૌધરી
રૂા.૫૦/- મો.ઝેહરાબેન મયસમઅલી ચૌધરી

મર્હૂમ મો.શરીફભાઇ જલાલભાઇ નાગલપરા (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૧/- મો.હુરીબેન શરીફભાઇ નાગલપરા
રૂા.૧૦૧/- મો.નજરમહંમદ શરીફભાઇ નાગલપરા
રૂા.૧૦૧/- મો.સકીનાફાતમા નજરમહંમદ નાગલપરા
રૂા.૫૧/- મો.બુતૂલફાતેમા નજરમહંમદ નાગલપરા
રૂા.૧૦૦/- મો.ઝયનબબાનુ મહંમદભાઇ નાગલપરા
રૂા.૧૦૦/- મો.મહંમદભાઇ સુલેમાનભાઇ નાગલપરા
રૂા.૧૦૦/- મો.ફાતેમાબાનુ મીકદાદભાઇ નાગલપરા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબાનુ રિઝવાનભાઇ ઉમતિયા
રૂા.૧૦૦/- મો.રિઝવાનભાઇ અબ્દુલભાઇ ઉમતિયા
રૂા.૧૦૦/- મો.સુગરાબાનુ શબ્બીરભાઇ મોમિન
રૂા.૧૦૦/- મો.નજમાબાનુ અકબરઅલી માણશીયા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી મહંમદભાઇ માણશીયા
રૂા.૧૦૦/- મો.મરયમબેન રહીમભાઈ બાલીસણા
રૂા.૧૦૦/- મો.મીકદાદઅલી હબીબભાઇ આગલોડીયા

રૂા.૫૦૦/- મો.મકબૂલએહમદ ગુલામઅબ્બાસ કડીવાલા (સેદ્રાણા–કલોલ) તરફથી તેમણે મિકેનીકલ એન્જિ. કર્યા પછી NEBOSH INTERNATIONAL CERTIFICATE EXAM IN SAFETY & HEALTH કોર્ષ પાસ કરેલ છે તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત

(વસો)તરફથી શહીદાને કરબલા વ અસીરાને કરબલાની અરવાહના સવાબ અર્થે.

રૂા.૧૨૧/- મો.ઈકબાલહુસૈન ગુલામમહંમદ ચીના શેઠ (વસો)તરફથી મર્હૂમ ગુલામમહંમદ હાજી પીરભાઈ, મર્હૂમા કુલસુમબેન ગુલામમહંમદ અને મર્હૂમ એહસાનઅલી ઈકબાલહુસૈનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.ઈકબાલહુસૈન ગુલામમહંમદ (વસો)તરફથી શહીદાને કરબલા વ અસીરાને કરબલાની અરવાહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.ઝાકિરહુસૈન ગુલામઅલી (વસો)તરફથી તેમની દીકરી નફીસાબાનુની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન અલાદભાઈ દેવાવાળા (વસો) તરફથી તેમની દીકરી કુલસુમફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૨૫/- મો.ગુલામશબ્બીર ફતેહભાઈ (લંડનવાળા–દમણ) તરફથી નજરમહંમદની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૧/- મો.ગુલામરસૂલ હાજી ગુલામઅલી (લંડન)ની દીકરી ફરહતબાનુની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.રૂશેદઅલી ગુલામઅલી (લંડન)ના દીકરા મંજૂરઅલીની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.ગુલામનબી ફતેભાઈ (લંડન) ના દીકરા નજરમહંમદની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.અસદઅલી ગુલામનબી રાઈસ મીલવાળા (વસો)ની દીકરી નાહિદ તથા નિસાફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૬૦૦/- મો.ગુલામરસૂલ હાજી ગુલામઅલી (લંડનવાળા) તરફથી મર્હૂમ ગુલામઅલી, મર્હૂમા સકીનાબેન, મર્હૂમ ગુલામઅલી, મર્હૂમ જલાલભાઈ (દાદા), મર્હૂમા ગફુરબેન (દાદી), મર્હૂમ અબ્દુર્રહેમાન ગુલામનબી, મર્હૂમા ઝયનબબેન અબ્દેરહેમાનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.ગુલામઅલી અબ્દુર્રહીમ (વસો)તરફથી શોહદાએ કરબલાની અરવાહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.ગુલામઅલી અબ્દુલરહીમ (વસો)તરફથી તેમનાં પત્ની ઝયનબબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મીકદાદહૈદર ગુલામમહંમદ મોમિન (વસો)તરફથી અખ્લાકએહમદને ઈન્ફાચીપ કંપનીમાં સારી કામગીરી કરવા બદલ એવોર્ડ મળ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મીકદાદહૈદર ગુલામમહંમદ મોમિન (વસો)તરફથી નાદિરા એમ.એસ.સી. ફિઝીક્સમાં ૫૮% મેળવી પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.હાસમભાઈ પીરમહંમદ ગોદડ (કનાઈ)ના પરિવાજનો તરફથી મર્હૂમા હલીમબેનની રૂહના સવાબ અર્થે.

મર્હૂમ મો.હાજી સુલેમાનભાઈ હાજી ઈબ્રાહીમભાઈ મહેતા (મહેરપુરા–મજાદર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૧/- મો.હુરીબેન સુલેમાનભાઈ મહેતા

રૂા.૧૦૧/- મો.શબ્બીરઅલી સુલેમાનભાઈ મહેતા

રૂા.૧૦૧/- મો.મરયમબેન શબ્બીરઅલી મહેતા

રૂા.૫૦/- મો.કનીઝફાતેમા નજરમહંમદ મહેતા

રૂા.૫૦/- મો.અઝમતફાતેમા શબ્બીરઅલી મહેતા

રૂા.૫૦/- મો.હસનઅલી શબ્બીરઅલી મહેતા

રૂા.૫૦/- મો.ફતેહઅલી શબ્બીરઅલી મહેતા
રૂા.૧૦૧/- મો.સાદિકઅલી સુલેમાનભાઇ મહેતા
રૂા.૫૦/- મો.રૂકૈયાબેન સાદિકઅલી મહેતા
રૂા.૫૦/- મો.હકીમાફાતેમા સાદિકઅલી મહેતા
રૂા.૫૦/- મો.કામયાબઅલી સાદિકઅલી મહેતા
રૂા.૧૦૧/- મો.અહમદઅલી સુલેમાનભાઇ મહેતા
રૂા.૧૦૧/- મો.તાહેરાબાનુ અહમદઅલી મહેતા
રૂા.૫૦/- મો.કુલસુમફાતેમા અહમદઅલી મહેતા
રૂા.૫૦/- મો.મહદીહસન અહમદઅલી મહેતા
રૂા.૫૦/- મો.ઝયનબફાતેમા અહમદઅલી મહેતા
રૂા.૧૦૧/- મો.દાઉદભાઇ મેમાભાઇ અલાદ
રૂા.૧૦૧/- મો.ઝયનબબેન દાઉદભાઇ અલાદ
રૂા.૫૦/- મો.નજમાબાનુ આબિદઅલી વલુડા
રૂા.૫૦/- મો.મહંમદઇલીયાસ આબિદઅલી વલુડા
રૂા.૧૦૧/- મો.નજરમહંમદ દાઉદભાઇ અલાદ
રૂા.૫૦/- મો.હુસૈનાબાનુ શબ્બીરઅલી અલાદ
રૂા.૫૦/- મો.શાકેરાબાનુ સાજીદઅલી વલુડા
રૂા.૫૦/- મો.સલમાબાનુ આબિદઅલી અલાદ
રૂા.૫૦/- મો.મહંમદઅલી દાઉદભાઇ અલાદ
રૂા.૧૦૧/- મો.અસગરઅલી રહીમભાઇ સુણસરા
રૂા.૧૦૧/- મો.ફાતેમાબેન અસગરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.મંજૂરહુસૈન અસગરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા અસગરઅલી સુણસરા
રૂા.૧૦૧/- મો.કમરઅલી રહીમભાઇ મહેતા
રૂા.૧૦૧/- મો.આઇશાબેન કમરઅલી મહેતા
રૂા.૫૦/- મો.મહંમદહુસૈન કમરઅલી મહેતા
રૂા.૫૦/- મો.ફાતેમાસુગરા કમરઅલી મહેતા
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી ગુલામરસૂલ અઘારીયા
રૂા.૧૦૧/- મો.ખૈરૂનબેન મહંમદઅલી અઘારીયા
રૂા.૫૦/- મો.મોઇનઅલી મહંમદઅલી અઘારીયા
રૂા.૫૦/- મો.તાહેરાફાતેમા મહંમદઅલી અઘારીયા
રૂા.૧૦૧/- મો.સકીનાબેન અકબરઅલી વલુડા
રૂા.૧૦૧/- મો.કુલસુમબેન હૈદરઅલી અઘારીયા
રૂા.૫૩૦/- મો.મહંમદઅલી ગુલામહુસૈન વલુડા
તથા તેમના પરિવારજનો તરફથી

મર્હૂમ મો.શરીફભાઇ દાઉદભાઇ શાહુ (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૭૮૬/- મો.નૂરીબેન શરીફભાઇ શાહુ
રૂા.૫૦૧/- મો.મહદીઅલી શરીફભાઇ શાહુ
રૂા.૫૦૧/- મો.સકીનાબેન મહદીઅલી શાહુ
રૂા.૨૫૧/- મો.ઇનાયતફાતેમા મહદીઅલી શાહુ
રૂા.૫૦૧/- મો.હબીબભાઇ દાઉદભાઇ શાહુ
રૂા.૧૨૧/- મો.ગુલામહૈદર વલીભાઇ શાહુ
રૂા.૧૨૧/- મો.સકીનાબેન ગુલામહૈદર શાહુ
રૂા.૧૨૧/- મો.અબ્બાસભાઇ રસૂલભાઇ શાહુ
રૂા.૧૨૯/- મો.આબિદહુસૈન રસૂલભાઇ શાહુ
રૂા.૧૨૯/- મો.ઇસ્માઇલભાઇ યૂસુફભાઇ શાહુ
રૂા.૧૨૧/- મો.રહેમતઅલી સાવદીભાઇ શાહુ
રૂા.૧૨૧/- મો.આબિદઅલી નશીરભાઇ સાબર
રૂા.૧૨૧/- મો.મુસ્તાકઅલી વલીભાઇ શાહુ
રૂા.૧૨૧/- મો.આબેદાબેન મુસ્તાકઅલી શાહુ
રૂા.૧૨૧/- મો.ગુલામઅબ્બાસ વલીભાઇ શાહુ
રૂા.૧૨૧/- મો.રેશમાબેન ગુલામઅબ્બાસ શાહુ
રૂા.૧૦૦/- મો.સુગરાબેન ગુલામઅલી હીરા
રૂા.૧૦૦/- મો.ગુલામઅલી જીવાભાઇ હીરા
રૂા.૧૦૦/- મો.ઇસ્માઇલભાઇ હબીબ ઢાબરા
રૂા.૫૧/- મો.ફાતેમાબેન ઐયુબભાઇ રાબડી
રૂા.૫૧/- મો.ઐયુબભાઇ સાવદીભાઇ રાબડી
રૂા.૫૧/- મો.આબિદહુસૈન મુસ્તાકઅલી શાહુ
રૂા.૫૧/- મો.સાજેદાફાતેમા મુસ્તાકઅલી શાહુ
રૂા.૫૧/- મો.અવલીબેન હબીબભાઇ ઢાબરા
રૂા.૫૧/- મો.અમનીબેન દાઉદભાઇ મસી
રૂા.૧૦૧/- મો.ઝહરાબેન હૈદરભાઇ મેડા